સાબરકાંઠાની વનસ્પતિઓ

(આયુર્વેદનો બગીચો)

ભાગ ૨ જો

રસિકલાલ વૈદ્ય

શુદ્ધ આયુર્વેદમાં વપરાતી

સાબરકાંઠાની વનસ્પતિઓ

[આયુર્વેદનો બગીચો]

ભાગ ૨ જો

जे. जे.
सुरत, गुजरात

સચિત્ર

રસિકલાલ વૈદ્ય

Scanned with CamScanner

પ્રકાશક
રસિકલાલ વૈદ્ય
સંજીવની ઋગ્ણાલય
અમદાવાદ ૭.

सूरत, गुजरात

200/—
કિંમત [redacted]
૧૯૫૭

મુદ્રક :
મણીલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ : અમદાવાદ.

Scanned with CamScanner

યુગપુરુષ

રાજવૈદ્ય

સ્વ૦ પ્રભાશંકર નાનભટ્ટ ગઢડાવાળા

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥

Scanned with CamScanner

વનસ્પતિનો જ મહિમા સ્થાપનાર એ મહાન ધન્વતરી

ગુરુવર્ય

શ્રી પ્રભાશંકરભાઈને

સાષ્ટાંગ દંડવત સાથે

સમર્પણ

Scanned with CamScanner

પ્રસ્તાવના

આમ પ્રજા આગળ સાબરકાંઠાની વનસ્પતિઓનો બીજો ભાગ મૂકતાં મને આનંદ એટલા માટે થાય છે કે પહેલા ભાગનો પ્રચાર ધારવા કરતાં વધુ સારો થયો છે. 'સેવક'માં પણ તેમાંનો કેટલોક ભાગ તંત્રીએ ફરીથી છાપી પ્રજાને આપ્યો છે. આયુર્વેદના પિતામહ બ્રહ્માએ આ આયુર્વેદનો બગીચો વ્યવસ્થિત યોજનાપૂર્વક રચેલો છે. મનુષ્યને ઉપયોગી ૫૦૦ થી ૬૦૦ વનસ્પતિઓ અને તેનું રીતસરનું વાવેતર બ્રહ્માએ જે લાંબી દૃષ્ટિથી કર્યું હતું તે આજે પણ એવું ને એવું માલમ પડે છે. રજપૂત રાજાઓએ આ બગીચાનું રક્ષણ અત્યારસુધી કર્યું તે બદલ અમો તેઓના ઋણી છીએ પરંતુ આધુનિક સરકારના દરબારમાં જમીનદારોએ જે કોલસા પાડવા માંડ્યા છે તે મારી મનુષ્યની રક્ષણ કરનારી અમૂલ્ય વનસ્પતિઓનો ગાયોની માફક સંહાર થઈ રહ્યો છે તેનું દુઃખ પણ હૃદયમાં ઊંડુ અનુભવાય છે.

ભગવાન સુશ્રુતે વનસ્પતિ માત્રના ચાર વર્ગો કહ્યા છે (૧) ફૂલ આવીને ફળ આવે છે તે (વૃક્ષ) જેમકે આંબો, મહુડો, નારંગી, આંબલી વગેરે (૨) ફૂલ વગર ફળ આવે છે તે (વનસ્પતિ) જેમકે વડ, ઉમરડો, પીપળો વગેરે. (૩) લતા વેલાઓ વગેરે જેમકે ગળો, ચમેલી, સમુદ્રશોષ વગેરે. (૪) ફળ આવ્યા પછી ગમે તેટલું ખાતર પાણી નાખો તો પણ જેના છોડનો નાશ થાય છે તે (ઔષધિઓ) ઘઉં, બાજરો, જુવાર, મગ, વાલ, પુંવાડીઆ વગેરે. આ સામાન્ય વર્ગો ઉપરથી આયુર્વેદાચાર્યોએ તેના કપુર, જટામાંસી, વાળો વગેરે સુગંધી ઔષધિઓનો સુગંધી વર્ગ પાડયો છે. વડ, પીપળો, ઉમરડો જેવાં મોટાં વૃક્ષોનો વટાદિ વર્ગ પાડયો છે. બહુ કઠણ કે બહુ પોચી નહીં એવી વનસ્પતિઓનો એક વર્ગ પાડયો છે. દાડમ, બીજોરાં, નારંગી, લીંબું વગેરેનો ફળવર્ગ પાડયો છે. શાકભાજીનો એક વર્ગ પાડયો છે. એ રીતે

Scanned with CamScanner

જુદા જુદા ૬૩ વર્ગો પાડેલા છે. ભગવાન ચરક કહે છે કે ઔષધિઓનાં નામ અને રૂપ જંગલમાં રહેતા ભરવાડો પણ જાણે છે. ઘેટાં ચારનાર અને ગોવાળીઆ પણ જાણે છે. ભીલ, કોળી અને વાઘરી પણ જાણે છે. કાથો બનાવતા કથોડી લોકો જેમના પ્રસંગમાં હું આવ્યો તેઓ પણ જાણે છે, પરંતુ ઔષધિના નામના જ્ઞાનથી કે તેને ઓળખવા માત્રથી ઔષધિનું તત્ત્વ કોઈ જાણી શકતું નથી, પરંતુ જે વૈદ્ય આ ઔષધિઓને ઓળખે છે અને સાથે સાથે તે ઔષધિઓ કયા રોગમાં ક્યારે યોજવી તથા તેના ગુણદોષને જાણનારો છે તેજ શ્રેષ્ઠ વૈદ્ય કહેવાય છે. ચરકના આ કથનાનુસાર ઔષધિઓ ઓળખવાનો મેં જે કંઈ પ્રયાસ કર્યો છે તે દરેક માણસને પોતાના સામાન્ય જ્ઞાન માટે તેમ જ વૈદ્યોને વિશેષ જ્ઞાન માટે આ પુસ્તક ચિરંજીવ રહેવાનું જ છે, તેનો મને લેશ માત્ર સંશય નથી. આ જંગલોની કેટલીક સરહદો રાજસ્થાનમાં જાય છે તે બધી હું ફર્યો છું. જેમકે આ બાજુ ઉદેપુર સુધી, પેલી બાજુ ડુંગરપુર અને દાહોદ સુધી ને આ બાજુ આબુની તળેટી સુધી સાબરનો કાંઠો લગભગ પૂરેપૂરો ફર્યો છું ને તેમાં જે સુખદુઃખ સહન કર્યાં છે તે જો લખવા બેસું તો ઇતિહાસનું પુસ્તક થઈ જાય તે ડરે લખતો નથી.

મારે વાચકોને એટલું કહેવાનું છે કે આ ઔષધિઓ જો તમારે વાપરવી હોય તો તમારા દેહને નિરામ બનાવ્યા બાદ જ વાપરવાનું રાખશો તો તે અમૃતની ગરજ સારશે. દરેક ઔષધિની રસ, ગુણ, વીર્ય વિપાક અને પ્રભાવ જુદા જુદા આપ્યા નથી. પરંતુ સસલા કે કુતરાના આંતરડામાં પ્રયોગ કરીને તેના ગુણદોષ અમે લખ્યા નથી પરંતુ ભગવાન ચરક સુશ્રુત અને વાગ્ભટે વેદ નારાયણના દર્શાવેલા ગુણદોષ લખ્યા છે જે છાશ વારે ફરવાના નથી ને મનુષ્યને અખતરા રૂપે નિવડવાના નથી એની મને પૂરેપૂરી ખાત્રી છે. હરડેમાં કે આંમળાંમાં કે બહેડાંમાં 'ટેનીન' ચેબ્યુલીક એસીડ કે સાઇટ્રીક એસીડ કે વીટામીન સી. કે પાણી એ સર્વ પૃથક્કરણ કરવાથી મળી આવતાં દ્રવ્યો ભેગાં કરીએ તો હરડે, આંમળાં કે બહેડાં બનતાં નથી. વળી દ્રવ્યનું પૃથક્કરણ કરવા માટે બીજાં દ્રવ્ય (Chemicals) નાખીને તેનાં તત્ત્વો છૂટાં પાડીને પૃથક્કરણ કરવામાં આવે છે તેથી જેમ ચૂનામાં હળદર નાખવાથી એક ત્રીજો જ પદાર્થ કંકું બની જાય છે તેમ દ્રવ્યોના પૃથક્કરણ માટે નાખવામાં આવતાં બીજાં દ્રવ્યોના સંયોગથી મૂળ દ્રવ્યનું સ્વરૂપ બદલાઈ જતાં સાચું તત્ત્વ હાથમાં આવતુ નથી તે સ્પષ્ટ વાત છે તેથી મને જે જે

Scanned with CamScanner

મારા ભોમીઆ મળ્યા તેણે સાંધે સીધા જે ગુણદોષ કહ્યા તેવા જ મેં આ પુસ્તકનાં મૂક્યા છે; જેથી ઔષધિને વિકૃતિ ન થાય. પાલખમાં લોઢું છે કે કેળામાં મેંગેનીઝ છે કે અમુકમાં તાંબું છે કે અમુકમાં ચૂનો છે તે વસ્તુની માનવ જાતને જરૂર નથી કારણ કે ચેતનમાંથી ચેતન બને છે અને ચેતનની વ્યાખ્યા ભગવાન ચરક લખે છે. सेन्द्रियंचेतनं निरेन्द्रियंडचेतनम् એટલે ઇન્દ્રીય-વાળી વનસ્પતિમાં લોઢું તાંબું વગેરે અચેતન દ્રવ્યોનો સમાવેશ ઘટાવશો એ તો વનસ્પતિઓનું અપમાન કરવા બરાબર છે. આ પૃથ્વી પહેલાં બીજી પૃથ્વીઓ હતી અને તેમાં આ વનસ્પતિ વિષે હજારો પ્રયોગો અને અખતરાઓ થઈ ચૂકેલા છે. ત્યારપછી આ નવી સૃષ્ટિ રચતા પહેલાં ખુદ બ્રહ્માએ આ વર્ગ પાડીને વનસ્પતિઓ લખી છે. આટલી સહેલી વાત જો સમજાશે તો કુકરબીટેસી, પોલીએસી, અને એન્થીએસી જેવા વર્ગો પાડવામાં આવે છે તે કાળક્ષેપ કરવા જેવું છે ને મિથ્યા છે તે જણાયા વગર રહેશે નહીં. આ પુસ્તકમાં મારો આખો પ્રવાસ, સાથે સાથે વનસ્પતિનું વર્ણન થોડો ઇતિહાસ અને મારી સનાતન દૃષ્ટિ જણાયા વગર રહેશે નહીં. પણ સનાતન શબ્દ ઉપર સૂગ લાવવાની જરૂર નથી કારણ કે સનાતન એટલે ત્રણે કાળમાં ફરે નહીં તેવું થાય છે. બે હજાર માઈલનો આ આખા એરીઆમાં સર્જરી વાઢકાપની ઓછામાં ઓછી જરૂર પડે છે કારણ કે એકે સર્જીકલ થીએટર નથી. લોકોની આંખે ચશ્માં નથી, સુવાવડખાતાં નથી ને ધર્માદા ઔષધાલયો નથી તે જ આ વનસ્પતિઓનો પ્રભાવ અને ગુણ જગજાહેર રીતે બતાવે છે મને પોતાને આ પર્યટનનો ઘણો જ આનંદ આવ્યો છે જે આનંદ મને આખો હિમાલય ફરવામાં આવ્યો નથી, તે આનંદ અરવલ્લીની ટેકરીઓ જે દુનિયામાં સૌથી જૂનામાં જૂની છે Oldest ranges in the world તે રીપોર્ટ સાથે હું સહમત છું. અમુક ભૂમિ એવી હોય છે કે જ્યાં ફરવાથી આપણા કેટલાક અંગોમાં અમુક પ્રકારનો હર્ષ ઉત્પન્ન થાય છે. પરંતુ આ ભૂમિમાં ફરવાથી શરીરના તમામ કોષોમાં હર્ષ ઉત્પન્ન થાય છે એવો મારો જાત અનુભવ છે. કેટલીક વનસ્પતિઓનો રસવાળો ભાગ છાલમાં હોય છે તેથી છાલ વાપરવાની લખી છે, કેટલીક વનસ્પતિઓના ગુણ મૂળમાં હોય છે તેથી મૂળ વાપરવાનાં લખ્યાં છે ને કેટલીક વનસ્પતિઓનો પ્રભાવ ફળમાં હોય છે તેથી ફળ વાપરવાનાં લખ્યાં છે. પુસ્તિકાના અંતમાં મારા ગુરુવર્ય રાજવૈદ પ્રભાશંકરભાઈનો ઉપકાર જો ન માનું તો ગુરુદ્રોહનું મને પાપ લાગ્યા વગર રહે નહીં. વનસ્પતિજ્ઞાનની સાચી દૃષ્ટિ તેઓ તરફથી મને ન મળી

Scanned with CamScanner

હોત તો જનતા સમક્ષ વનસ્પતિ વિષેનું મારું આ પુસ્તક હું ન મૂકી શક્યો હોત.

છેવટે નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસના માલિક શ્રી. મણીલાલ છગનલાલ શાહની આયુર્વેદની ભક્તિ માટે સમય અને ચોકસાઈ ન આપી હોત તો આટલું સુંદર પુસ્તક કદાપિ થાત નહી. સમગ્ર ગુજરાતની વનસ્પતિઓ જનતા સમક્ષ મૂકવાનો મારો ઈરાદો છે ને તે હું મૂકી શકીશ તે મારી ઈચ્છા છે. પોશીના પટ્ટો, તેના પર્વતો અને શેઈ નદી અને વડાલીથી ઓરાં અને નાની આંઝણી તથા ચિત્રવિચિત્ર સુધીની હદ વિનાનો સાબરકાંઠો ન કહેવાય; કારણ કે તે સૃષ્ટિની આદિનો વસવાટ મને લાગે છે. માટે તે અવશ્ય જોવો જરૂરી છે.

રસિકલાલ જેઠાલાલ વૈદ્ય.
સંજીવની ઔષધાલય,
અમદાવાદ-૭.
તા. ૭-૪-૫૭.

સાબરકાંઠાની વનસ્પતિઓ

[આયુર્વેદનો બગીચો]

ભાગ ૨ જો

સાબર નદીનો કાંઠો અને તેની આજુબાજુ માઈલો સુધીનો ભાગ છેક અમદાવાદથી આબુ અને ઉદેપુરથી હિંમતનગરનો ભાગ બધો જ આવી જાય છે. તે સાબરકાંઠો મારી જિંદગીમાં નહિ ભૂલાય કારણ કે તે મનુષ્યને ઉપયોગી તમામ વનસ્પતિનો એક વ્યવસ્થિત બગીચો છે. જે આંખો ફાડી ફાડીને જોઈએ તોય ધરાવાતું જ નથી. એવા સાબરકાંઠામાં હું ઘણી વાર જુદા જુદા રસ્તે થઈને ગયો અને જે જોયું તે આમજનતાને ખાસ જાણવા જેવું જરૂરી છે જ.

ખેડબ્રહ્મામાં હરણાવ નદી પાસે મહાલક્ષ્મીના મંદિર ઉપર ચઢીને જુઓ તો એક મોટો પ્રદેશ દેખાય છે. પહેલી દાંતા સ્ટેટની પર્વતની હારમાળા, પછી શીરોહી લગતા અરવલ્લી હિલ્સ અને ત્રીજું રાજસ્થાન ઉદેપુરની સરહદના પહાડ અને પછી ઘઉંઆવ પહાડ; આ ચારેય પહાડોની વચ્ચેનો પ્રદેશ ખેડબ્રહ્માથી શરૂ થાય છે. આ નંદનવન છે, આબુથી દેખાતું પેલું દંડક અરણ્ય કહેવાય છે અને આ નંદનવન કહેવાય છે. મેં વાંચેલું કે નંદનવનમાં કાળા ઉનાળામાં પણ ઝાડ લીલાંછમ હોય છે તે અહીં ખાસ જોવા જેવું છે. મારી સાથે જુદા જુદા મિત્રો દર વખતે હોય છે. આ વખતે શ્રી અરવિંદભાઈ જેઓ સાબરમતી આશ્રમમાં ચરખાના રીસર્ચ વર્કસમાં કામ કરે છે તેઓ હતા. તેઓ ફોટાના ભારે શોખીન છે. મારી તંબુની ઈસ્પીતાલ ચાલતી હતી

ત્યારે તેઓ છ માસ મારે ત્યાં રહી ગયા છે. તેમને મેં લગભગ ત્રણ મણ આદું ખવડાવ્યું છે, રાતા રાણ જેવા અને માયાળુ તથા સંશોધન વૃત્તિવાળા સાધક છે. તેમના પ્રસંગમાં રહેવું અને આવવું પણ એક ભાગ્ય છે.

અહીં તેમની સાથે પ્રથમ હું શીલવાડ ગયો. શીલવાડમાં શીતળા માતાનું મોટામાં મોટું મંદિર છે. તે હરણાવ નદીના

શીલવાડનું મંદિર

કિનારે આવેલું છે. મંદિર તો બહુ જ જૂનું છે. આનું મોટું મંદિર ડુંગરપુર પાસે ગલિયાકોટમાં છે. પણ તેનો વિસામો

અહિં છે. જેનું ચિત્ર થોડુંઘણું મારા મિત્ર અરવિંદભાઈએ આળેહૂબ લીધું છે.

આ મંદિરનો પૂજારી છગનજી દલાજી પરમાર આયુર્વેદનો ભક્ત છે. તેને સાથે લીધો. પણ ભક્તિ તો તેના ઘરના વાડામાં જ જણાઇ આવે છે. તેના ઘરની વાડ ઉપર જ કાંકચના છોડ છે. તેને લોકો કર્કચ કહે છે. અહીં તો હજી પણ સંસ્કૃત પરિભાષા જ ચાલે છે. શીતળા માતાના મંદિરમાં ત્રણ મૂર્તિઓ છે. ઓરી, અછબડા અને બળીઆ (શીતળા). વચલી મૂર્તિ આરસની છે. તેનું વાહન ગધેડું છે. તે સંશોધન માગે છે. મંદિરની ચારે ય બાજુ કોટ છે. એક છોકરાને બળીઆથી આંખોમાં ફુલાં પડી ગયેલાં. તેનાં મા-બાપે બાધા રાખેલી. શીતળા માતા શમી ગયાં. અહિંયાંથી બાધાઓ રખાય છે. બાધા એ કેવળ અંધશ્રદ્ધા નથી. પૂરેપૂરા સાયન્સ પછીની સ્થાપિત સિદ્ધિનું એ પ્રતીક છે. તેમાં ભારેભાર સાયન્સ ભર્યું છે. અહિંનો ઘુમ્મટ જૂની ઈંટ-ચુનાનો ૭ રેડીઆઇ વાળો છે. મંદિર ઘણું પુરાણું છે. ઓરીમાં રાઈ જેવા દાણા ઊંચા તાવ સાથે ફૂટી નીકળે છે. અછબડામાં દાણા તલ જેવા અને આછા. તાવ પણ થોડો અને બળીઆમાં મસુરની દાળ જેવા દાણા જે જોરદાર હોય છે. આ ઓરી અછબડા વિગેરેનું આ સ્થાન તે વિષય માટેનું Study અભ્યાસસ્થાન બનાવવું જરૂરી છે. જેથી આયુર્વેદના છોકરાઓ એક માસ આ હરણાવ નદીના કિનારે રહે અને શીતળા, ઓરી અને અછબડાનો અહિં બારીકાઈથી અભ્યાસ કરે. આ બાજુનો અમારા ભોમિયાનો ફોટો આ સાથે મેં આપ્યો છે. વનસ્પતિના સહવાસમાં રહેનાર માણસના મોં ઉપર કેટલી નિર્દોષતા હોય છે! ચરક લખે છે કે ગાયો ચારનાર, ઘેટાંબકરાં ચારનાર અને ભીલ વગેરે આ વનસ્પતિઓ ઓળખે છે તેનો અહીં પ્રત્યક્ષ અનુભવ થાય છે.

ઘઉંઆવ પર્વતની પેલી બાજુ વિજયનગર સ્ટેટની સરહદ

Scanned with CamScanner

ભોમિયો



મીંઢળનું વૃક્ષ શીંગ સાથે

Scanned with CamScanner

છે. અને વચ્ચે પોળોની છત્રીઓ વગેરે આવે છે. નદીકિનારે પ્રાહીના સુંદર વેલા-છોડ આવે છે. કિનારેથી બે એક માઈલ દૂર મીંઢળનાં કાંટાવાળાં, ટગરના જેવાં નાનાં પાંદડાંવાળાં ઝાડ સુંદર દેખાય છે. બાવળના કાંટાથી પણ ભયંકર જાડા કાંટા આ મીંઢળના ઝાડને હોય છે. ઝાડ માંડ ૧૦-૧૨ ફીટ ઊંચાં અને સાધારણ જાડાં હોય છે. પણ અહીં બહેડાંના ઝાડ ઘણાં મોટાં

રેટુંનું ડાળખું

હોય છે. એને નાગરવેલનાં બંગલાના જેવા આકારનાં જાડાં પાન હોય છે. મીંઢળ ઉપર લીલાં ફળ મેં જે જોયાં તે નાનાં લીંબુ જેવાં ગોળ હોય છે.

દર્ભના ઝૂંડની જેમ ચિત્રકનાં ઘણાં ઝૂંડો અહીં જોવા મળે છે. એના ૩–૪ ફીટ ઊંચા છોડ હોય છે. પાંચ પાંખડીવાળાં ચુની જેવાં ધોળાં સુંદર એને ફૂલ હોય છે. પાન નાનાં હોય છે.

ચિત્રક પંચકોલના ચૂર્ણમાં ઘણો જ વપરાયો છે. તે અહિં જોવામાં આવે છે.

આભાપુર પાસે ટેંટુનાં બે સુંદર ઝાડ છે. તેને તલવારના આકારની લીલી શીંગો હોય છે. અમે તેનું એક ડાળખું તોડ્યું.



ટેંટુનું વૃક્ષ

વિજયનગરનો જે પહાડ ઉપરનો કોટ છે. તેની ટોચે માતાની

ધજા છે. તે અડધી લાલ અને અડધી સફેદ છે. તે એમ સૂચવે છે કે શાંતિનું રક્ષણ કરવા હિંસાની પણ જરૂર છે. અહિં પણ રૅંટુનું વૃક્ષ છે.

ડૉકટર વરદભાઈએ ઊભી ભોરીંગણીનો છોડ મારા માટે રાખી મૂકયો હતો, પરંતુ મેં જે લીલા છોડ જોયા તેમાં રિંગણના જેવા જ કાંટાવાળાં પાંદડાં અને ફળ તો લગભગ સરખાં જ છે. ત્રણ ચાર ફૂટ ઊંચા તેના છોડ હોય છે. ઊભી ભોરીંગણી આયુર્વેદમાં ખૂબ જ કહેલી છે, પણ બધે બેઠી જ વપરાય છે તે બરોબર નથી. ગુજરાતે ઊભી ભોરીંગણીનું વાવેતર હવે વધારવું જ જોઈએ. એક છોડ ઉપર ઘણાં જ ફળ લાગેલાં હોય છે, કણઝી કરતાં કણઝો તીખો હોય છે તેથી ચરકે દાતણમાં કરંજ પ્રથમ જ મૂકયો છે.

હરનાવ કેનાલના ડાબા છેડે ઉંટીઓ પહાડ છે અને જમણા છેડે ઘઉંઆવનો છેડો છે. ત્યાં અર્જુન, હાલરડી, ગૂગળ,

ઊભી ભોરીંગણી

લીલાં મીંઢળ પાંદડાં સહિત

આમળાં, ઇંદ્રિજવ વગેરેનાં ઘણાં વૃક્ષો જોવા જેવાં છે. ભૂમિ તો એવા પ્રકારની છે કે જ્યાં કામ કરવા વળીઓ રોપી છે તે

પણ ચોંટી જઈ ત્યાં વૃક્ષો થયાં છે. દૂધવાળાં વૃક્ષ રોપવાથી ચોંટી જાય છે. કેળવાયેલો સંસ્કૃત વર્ગ અહીં માલૂમ પડે છે. અહીં મેં રીંગણ જોયાં તે પણ કાંટાવાળાં. લીલાં મીંઢળનાં લીંબુ જેવાં મોટાં ફળ મેં તોડી લીધાં જે પોંડીચેરીમાં બોર જેવાં નાનાં હતાં.



ટેંટુની શીંગ

મહાલક્ષ્મી ઉપરથી ભીમા, હરણાવ અને કોશામ્બી ત્રણ નદીઓનો ત્રિવેણી સંગમ સરસ દેખાય છે. આ ત્રણમાં છીછરી

Scanned with CamScanner

નદીઓનું નામ બનતા સુધી ભીમાજ છે. ચારે બાજુના પહાડો અતિ રમણીય છે.

ટેંટુની બે જાતો છે–એકને સોનાપાઠા કહે છે અને બીજાને શ્યોનાક કહે છે. જેને શ્યોનાક કહે છે, તેનું સીધું જ સંસ્કૃત નામ ટેંટુ છે. જે અહીંના લોકો બોલે છે. આ ઝાડ કડવું, ઠંડું, ત્રિદોષનાશક, પિત્ત, કફ, અતિસાર તથા સન્નિપાતનો નાશ કરનારૂં છે. તેનું પૃથુશિંબનામ બહુજ સૂચક છે. કારણ કે તેની શીંગ બે ભાગમાં છૂટી થઈ જાય છે. બૃહતપંચમૂળમાં આ ટેંટુ

પાન ફળ

ઉભી ભોરીંગણી

આવે છે તેથી આટલું વિસ્તૃત મારે લખવું પડયું છે. ગુજરાતમાં આ ભાગ સિવાય મેં આવાં વૃક્ષ ઓછાં જોયાં છે. રૂખડાનું



[પાન રૂખડાનું ફળ]

આડ મેં શિહોરમાં જોયું તેવું બીજે જોયું નથી. અત્યારે તે એક ભાઇના ઘરમાં છે તેથી તે સચવાયું છે. ઊભી ભોરીંગણીનાં ફળ અને ફૂલ તો બેઠી જેવાં જ છે. પરંતુ પાન આપણી શાકભાજી દેશી રિંગણીના જેવાં હોય છે, જેનાં પાન પર બારીક કાંટા ઊગેલા હોય છે.

મમરેશીના ડુંગર ઉપર માતાજીનું પુરાણું પડી ગયેલું મંદિર છે અને લાલ ધોળી ધજા ઊડે છે. તેના ઉપર ભાંગ્યો તૂટયો કોટ આજે પણ માલૂમ પડે છે. તેના ઉપર ઘણી જોવા જેવી વનસ્પતિઓ છે.

નેપાળાનું આ
ચિત્ર ખોટું છે

નેપાળો

નેપાળાનાં ત્રણ પાંખડીવાળાં બીજ જોવા જેવાં છે. નેપાળાને અહીંના લોકો દંતીજ કહે છે. તેનાં પાન ઘણાં મોટાં છે.

પલાશપાપડો અને પિત્તપાપડો એ બે જુદાં છે. હું તેને પ્રથમ એકજ માનતો હતો પણ તે મારી ભૂલ હતી. પિત્ત-પાપડાને એકજ બીવાળી શીંગ હોય છે. અને ખાખરાના ઝાડને જે શીંગ થાય છે તેને પલાશપાપડો કહે છે.

કાસૂંદરો લગભગ પુંવાડીયાની જ જાતનો મને લાગ્યો. શીંગ પણ તેવી જ. લોકો તેને પણ કોફીની જગ્યાએ વાપરે છે.

અંગ્રેજી વૈદકમાં તાવ ઊતર્યા બાદ જે ભૂખ ઉઘાડવામાં આવે છે તે કડાછાલ, ઈંદ્રજવ અહીં ઘણાજ જોવામાં આવે છે. ઈંદ્રજવની શીંગોનું અથાણું પણ થાય છે. ફૂલની કઢી અને

Scanned with CamScanner


કડાફળી

શાક પણ બનાવે છે. શીંગને કડાફળી કહે છે. તે હ્રઝતા મસાને પણ મટાડે છે. ઇંદ્રજવનાં તો હજારો ઝાડ અહીં જોવામાં આવે છે. હરણાવ પૂર્વથી પશ્ચિમ વહે છે. ખેડબ્રહ્માથી પોળોનો ડુંગર (વિંધ્યાદ્રિનાં મૂળ) પંદરેક ગાઉ ઉપર છે. ત્યાંથી તે પ્રગટ થાય છે. આ હરણાવને ભીમા તથા કૌશામ્બી નામની નદીઓ ખેડના પાદરે મળે છે અને ત્રણેય નદીઓનો સંગમ પંખેશ્વર મહાદેવની દક્ષિણ બાજુએ અડીને થાય છે. તેની પછી મોટી હરણાવ સાબરમતીને ધરોઈ આગળ મળતી મેં જોઈ અને આખો કાંઠો હું ફર્યો ત્યારે મને થયું કે વૈદ્યોએ ભીલની માફક ડુંગરોમાં પણ ફરતા થવું જોઈએ. ત્યારે જ વનસ્પતિનું માહાત્મ્ય તેમને સમજાશે. ત્યાં હું ભીલોને મળ્યો. તેમાં કેટલાક તો ઘણા સંસ્કારી લાગ્યા. કારણ કે ઇશાવાસ્યના શ્લોક પ્રમાણે, ‘ બીજાના ધનની અપેક્ષા વગર પોતાના પરસેવા વડે ઉપાર્જન કરેલા ધનના જે ભોગ ભોગવાય તેટલા ભોગવ. ’ તે વાત આ પ્રદેશના આદિવાસીઓના જીવનમાં મેં પ્રત્યક્ષ જોઈ. બાકી તો કહેવાતા સુશિક્ષિતોને બીજાના ધન વડે ભોગ ભોગવતા આપણે ક્યાં નથી જોતા ?

હિમાલયની માફક ડુંગરાઓ ઉપર છૂટાં ઝરણાં નથી, નહિતર કેટલાકો અહીંના ડુંગરાને પણ સીનેમાના થિયેટરની માફક ચઢ–ઊતરવાળાં પાટલી જેવાં નાનાં ખેતર બનાવી ખેતી કરત. અરવલ્લી હીલ્સના મૂળમાં તૂરા રસથી પ્રધાન ઝાડ ઘણાં

જોવામાં આવે છે, જે વૈદ્ય અરવલ્લી અને વિંધ્યાદ્રિના તથા રાજસ્થાન, દાંતા, શિરોહીના પહાડો ઘઉંઆવ તથા આબુના મૂળમાં ફર્યો નથી તેને મારા જેવું વનસ્પતિનું માહાત્મ્ય નહિ સમજાય એ ચોક્કસ છે.

ખેડની જમીન રસ અને કસવાળી છે. સીમાડાનો વિસ્તાર દસેક હજાર વિઘાનો છે. વાવેતર તેમાં ત્રણેક હજાર વિઘાં છે. હાલમાં ઘઉં અને મકાઈ પાકે છે. કોદરા, તલ, કાંગ, ચીણો, વરી, અડદ, મગ, ગવાર, જવ, મેથી, બંટી, બાવટો, કપાસ આ બધું સારા પ્રમાણમાં થાય છે. મીઠા પાણીના કૂવા, વાવ અને જલાશયો સારાં છે. જેમ જેમ હું જંગલો ઘૂમતો ગયો તેમ તેમ તેમાં આંબા, મહુડા, રાયણ, નિઘંટુમાં જેટલી બોરની જાત લખી છે તે સર્વ, ખીજડા, આસોપાલવ, કદંબ, ખડચંપા, વડ, પીપળા, પીપળીઓ, લીંમડા, જાંબૂડા, આખરા, ખેર, ધવ, સાગ, ચંદન, ગૂગળ, ઈંદ્રજવ, ગરમાળો, પારિજાત, ચિત્રક અને બ્રાહ્મી વગેરે તો ખૂબ જોતાં જ થાકી જવાય તેટલાં બધાં છે. બ્રહ્મક્ષેત્રનું આ સ્થળ મોગલાઈના વખતમાં મહંમદ ગીઝની અજમેર થઈ અહીંથી વડાલી થઈ સોમનાથ તોડવા ગયો ત્યારે બધું ભાંગફોડ કરી નાખી તેણે અહીંની સંસ્કૃતિનો નાશ કર્યો છે. તે હવે સજીવન થશે એવાં ચિન્હો મને દેખાય છે. પશુઓમાં મેં વાઘ, ચિત્તો, શિયાળ, સસલું, હરણ, સૂવર, રીંછ, તપકીરી રંગની બકરી વગેરે જોયાં. ઉત્કંટો, દારૂડી, દ્રોણપુષ્પી વગેરે અહીં ઘણાં જ છે. ઉત્કંટાને ઊંટ ખાય છે. અને દ્રોણપુષ્પીની ભાજી અને કઢી પણ બનાવે છે. દ્રોણપુષ્પીને ગુજરાતીમાં કૂબો કહે છે. કૂબો સ્વેદલ, મૂત્રલ અને જ્વરઘ્ન છે, તેના છોડવાને પાણીમાં ઉકાળીને તાવ ઉતર્યો બાદ બાફ આપવામાં આવે છે. તેને પેઢા ઉપર બાંધવાથી પેશાબ પણ છૂટે છે. છપ્પનિયાના દુકાળ વખતે તેના પાનની ભાજી લોક ખાતા હતા. અહીં મેં એક કૂતરું જોયું. તે પગથી આખું શરીર ખણજતું હતું. અરવિંદભાઈએ કહ્યું કે આ કૂતરાને કોઈ સાપની કાંચળી

Scanned with CamScanner

દ્રોણપુષ્પી

ખવડાવે તો તેના શરીર ઉપર જે વાળ બધા જતા રહ્યા છે તે પાછા આવે. એટલે અમારા ભોમીઆ છગનજીએ કહ્યું કે મને ખૂજલી થઈ હતી ત્યારે હું દવા કરાવી કરાવીને થાકયો હતો. મેં સાપની કાંચળી કૂટીને બે ચપટી કઢીમાં નાખીને ખાધી કે તરત જ ખૂજલી મટી ગઈ. સાપની કાંચળી એ હિસાબે ગરમ અને કફનાશક હોવી જોઇએ કારણ કે ખૂજલી કફને આભારી હોય છે.

આતરસુંબા પાસે ભીલ આશ્રમ નજીક અમે કંકરાવેડનો મોટો વેલો જોયો. તેને ફાફડા જેવી શીંગો હતી. પાંદડી ખેર જેવી ઝીણી હતી. આતરસુંબા ભીલ આશ્રમ પાસે ખાખરાની ગીચ ઝાડીની વચમાં અમે બેઠા ત્યારે જાણે એ એર કન્ડીશનની રૂમ હોય તેવી લાગી.

અમે જ્યાં ખાખરાના ઝૂંડમાં બેઠા કે ત્યાં મૂળમાં જ વાંઝણી કંકોડીનો વેલો ચઢેલો હતો. તેનું મૂળ સુવારોગમાં ઘસીને તોલો તોલો પાય છે અને તેને ઉકાળીને નવડાવે છે પણ ખરા.

સુવારોગ ઉપર વાત કરતાં અરવિંદભાઈને પંડિતજીએ જોયેલો, ચુલેતરા પક્ષીનું માંસ ખવડાવી એક વાઘરણે સુવારોગ મટાડયો હતો, તે વાત કરી. ત્યારે છગનજીએ તેનાં પીંછાં ઉકાળીને એ પાણીથી નહાવાથી એ રોગો મટયાની વાત કરી.

ગુજરાતીમાં જે કહેવત છે કે 'ચુલેતરા જેવું મોં ન કર' તે અહીં આ પક્ષી જોતાં તેની બેરંગી વાંકી ચાંચ અને ન ગમતું મોં જોતાં જ જણાયું.

વચમાં અમે રીંછની હગાર જોઈ. તો નર્યા બોરના ઠળિયાના ઢગલા જેવી હતી.

અમે બેઠા ત્યાં ગાડર નામની વનસ્પતિના કાંટા હતા. એથી છગનજીએ ખાખરાનાં પાન પાથર્યાં. અહીં જંગલી ભીંડાના છોડ હતા, તે ઘણા જ ચીકણા હોય છે. તેનો વિર્યવર્ધક તરીકે ઉપયોગ થાય છે.

વાંઝણી કંકોડી સોજાને ઉતારનાર છે. ઉલટી ઉપર અમે તેને ઘણી વાપરી છે. એ વિષને દૂર કરનારી છે. તેનો વેલો ત્યાં સુંદર શોભતો હતો.

જંગલી ભીંડો

અહીં ભીલ આશ્રમ પાસે નીરવ શાંતિ છે. આવાં શાંત સ્થળોએ ખરી શોધ એ જ કરવાની છે કે માણસને સુખ શી રીતે મળે?

Scanned with CamScanner

આમળાં

Peace, Quiet, calm અને silence શાંતિની આ ચારેય અવસ્થાઓ અહીં જ અનુભવવા જેવી છે.

ધોળવન પાસે આમળાંનાં લીલાં વૃક્ષની હારમાળા જોઇને આંખ ઠરી. ... પાકાં આમળાં ગરી પડ્યાં તે વીણ્યાં ને થોડાં પાકાં ખાધાં પણ ખરાં. કાચાં લીલાં ખાટાં હોય છે પણ પાકાં રતાશ પડતાં અને ગળચટાં હોય છે.

ખેરનાં લીલાં વૃક્ષની થોડી છાલ લીધી. તેમાંથી ચીકણો રસ ઝરતો હોય છે. જેને ફળ નથી તેની છાલો જ લેવાય છે.



ખેર

કાળવન અને ધોળવન પાસે ગીચ ઝાડી છે. પણ ધોળવન પાસે એક પુરાણી વાવ છે ત્યાં એક પીપળના ઝાડ ઉપર કાળીઓ કોશી બેઠો હતો. તેની પાંખ પાછળથી બાયફરકેટેડ હતી. અરવિંદભાઇએ કહ્યું કે આ ચકલી જેવું નાનું પાતળું પક્ષી છે પણ કોઈથી દબાતું નથી. આ પક્ષી પરોપકાર કરનારૂં જ હોય છે. ત્યારે મને ખ્યાલ આવ્યો કે પાતળા કાઠા માણસો જ શક્તિશાળી હોય છે, જાડા નહિ જ. બાયનોક્યુલરથી તેની ચાંચ વગેરે જોઈ.

વાવ પાસે પણ ઊભી ભોરીંગણીનો સુંદર છોડ હતો. બૃહતીનું વાવેતર હવે ગુજરાતમાં મોટા પાયા પર કરવાની ખાસ જરૂર છે ટીંબરવાનાં કાળાં ઝાડ અહીં ઘણાં છે પણ સાદડનાં તો અસંખ્ય ઝાડ આ જંગલમાં છે. અહીં મને વનસ્પતિઓ પોકારતી લાગી કે મારો ઉપયોગ કરો, મારો ઉપયોગ કરો. આ

બાજુ સામે એક કાંટાળો અને ભૂરો પહાડ જોયો. આ બન્ને પહાડો વનસ્પતિઓથી ભરપૂર છે. પણ અહીંના માણસો કેળવાયેલા છે. કદાચ આથી લોક મને ગાંડો કહેશે. કારણ કે હું મુંબઈ જેવા મુલકના માણસને પછાત કહું છું અને આ લોકોને કેળવાયેલા કહું છું પણ સરખામણીમાં સારાય ગુજરાતમાં ઊંચામાં ઊંચો મુલક મને સાબરકાંઠાનો લાગ્યો. અહીંના માણસમાં ઘણું ભર્યું છે. માણસ કાઠા બહુ. મારા ગુરુજીની જેમ સૂકો રોટલો અને ભાજીનો લુખ્ખો ખોરાક અહીંના ભીલો ખાય છે પણ ભીલો પડછંદ છે. તેમની જરૂરીઆત ઓછી અને સ્વભાવે તેઓ પરગજુ. બીજાને અનુકૂળ તરત જ થઈ જાય છે.

અહીં ખેરની શીંગો સુરતી પાપડી જેવી અને નાની જોઈ. બોરની ઘણીજ જાતો અને વાંસનું ઝુંડ જોવા જેવું ખરૂં.



બહેડાં

બહેડાંનાં તો વડ જેવાં વિશાળ વૃક્ષો છે અને તેમને બહેડાંનાં લૂમખાં ને લૂમખાં લાગેલાં હોય છે. તેની છાલ કડવી લાગે છે. ઠળિયાની મીંજમાં જે બદામ નીકળે છે તે મીઠી લાગે છે. પણ વધારે ખાવાથી તે મીણો (ઘેન) લાવે છે. તેની મીંજ મધ

સાથે ઘસીને આંજવાથી ફુલાં વગેરે ઓગળી જાય છે. આ જંગલ લીલુંછમ જેવું લાગે છે. માટેજ આ નંદનવન છે.

અહીં વરસાદ ત્રીસેક ઇંચ દર ચોમાસામાં પડે છે, પણ આ ચોમાસામાં સાઠ ઈંચ પડયો હતો. આદિ વાસીનાં ખેરાં પણ મને ઘણાં જ સંસ્કૃત લાગ્યાં. વાન રાતો ઘઉંવર્ણો અને ઉંચાઈ બરોબર. અહીં આવળ ઘણી જ મોટી અને ઉંચાઇવાળી જોવામાં આવે છે. વેલાઓ તો ઘણા છે પણ કડવી દોડીનો વેલો અને તેને આકડાને લાગે છે તેવાં અને ઉપરથી રેશમ જેવાં સુંદર ફળ લટકતાં હતાં. વાંઝણી કંકોડી, કડવી દોડી, ગળો આ બધા વેલા તો અહીં બારીકાઈથી આંખો ફાડી ફાડીને જોવા જેવા છે.

જંગલમાં ફરનાર બે વર્ગ હોય છે, એક સાધુ જેવા ભીલ કોળી, ખેડુ, ગોવાળીઆઓ અને મારા જેવો વૈદ્ય, જેની દૃષ્ટિ માણસને શી રીતે ઉપયોગી થવાય તે છે અને ચેતન વનસ્પતિમાંથી આનંદ લૂંટી તેનો ખ્યાલ બીજે પહોંચાડવાનો હોય છે.

અને બીજા પ્લાનવાળા રાજા, મહારાજા અને ઉચ્ચ અધિકારીઓ જેની મોટરો, ઝીપો, ઘોડાં વગેરે દોડતાં હોય છે તેમને શી રીતે આવક વધારવી અને પછાત લોકોને સુધારવાની દૃષ્ટિ હોય છે. પણ પછાત કોને કહેવાય તે મોટો ગંભીર પ્રશ્ન છે. ગાયો કેટલીક તો દક્ષિણના જેવી વાંકાં શીંગડાંવાળી અને કાળા રંગની. જે ત્રણેય દોષનો નાશ કરનારી છે. તે ઘણા પ્રમાણમાં અહીં છે. આ જમીનમાં ઘાસ બહુ ચરવાનું તેમના માટે નથી, પણ વનસ્પતિ ઘણી જ છે. ગમે તેવી અને તેટલી સંસ્કૃતિ આવશે અને વહી જશે પણ આ સંસ્કૃતિ ભૂંસાશે નહિ, કારણ તેનાં મૂળ કૂવાનાં પાણીથી પણ ઘણાં જ ઊંડાં છે. બ્રહ્માજીના મંદિરમાં અમે મારા મિત્ર શ્રી અરવિંદભાઈ સાથે દંડી સ્વામી શ્રી રેવાનંદજીના દર્શને ગયા. તેમની આંખોમાં સ્થિરતા હતી. તેમણે જ્ઞાનના ઊંડાણમાંથી મને શ્રદ્ધાપૂર્વક કહ્યું કે ભાઈ! શું શું જોયું ? મેં જે કંઈ જોયું હતું તે સર્વ કહ્યું. પછી તેમણે કહ્યું:

Scanned with CamScanner

"વીરેશ્વર ઉપરના પહાડમાં દારૂહળદરના ચારેક ફૂટ જેવડા છોડ છે. મને વાગ્યું ત્યારે તેને છૂંદીને વાટીને ચોપડયા કે સોજો વગેરે તરત જ મટી ગયો.

બ્રહ્મદંડીના છોડ હવે ફૂટવા માંડયા છે, તે કોટેશ્વર નજીક છે. તેમાં વજ અને શંખાવલી સરખે ભાગે લઈ સાકરની ચાસણીમાં સિરપ જેવું બનાવી થોડું થોડું શરબત પાવાથી ઉન્માદ મટી જાય છે.

ગળોને સહેજ ઉપરથી છોલી ચાર આંગળ માપની લઈ તેને લસોટીને ૧ પીપર અને સ્હેજ સીંધવ અને અજમો નાખી તેને ૦। શેર પાણીમાં તથા ઠીકરી છમકારી તે પાણી પીવાથી તાવ ઊતરી જાય છે.

રવરવતા સુરણની ચણા જેવડી ગોળીઓ ગળાવવાથી ગ્રહણી મટે છે અને જાયફળ, અફીણ તથા હિંગ સરખે ભાગે લઈ ત્રણે-યના જેટલો કાથો લઈ તેની ઝીણી ગોળીઓ વાળી ૨–૨ ગોળી સવાર–સાંજ લઈ સાથે છાશ પાવાથી દુઃસાધ્ય ગ્રહણી મટે છે.

ત્રિકટુ અને ત્રિફળા તો રોજ લેવા જેવી ચીજો છે. (અમે ગ્રહણીમાં અફીણ વાપરતા નથી).

આવી સાદી વસ્તુઓનો પ્રચાર થવો આવશ્યક છે.

કંઠમાળમાં મીઠું ખાવા ન દેવું જોઇએ. પરહેજની ખૂબ જ જરૂર છે.

આજે કુપથ્યથી માણસોની ધાતુઓ પાતળી પડી ગઈ છે અને તેથી મન પણ નબળું પડી ગયું છે. તેથી માણસ બ્રહ્મચર્ય પાળે અને સંયમથી રહે તે વાતનો પ્રચાર કરવાની ખાસ જરૂર છે. અર્જુનને રાજસ્થાનમાં કોહા કહે છે, તેમણે તેનું વર્ણન કર્યું.

અહીં હું જેને ગૂગળનાં ઝાડ સમજતો હતો તે વિષે તેમણે કહ્યું કે ભાઈ, એ ગૂગળ નથી.



કડાયો (પાંદડું)

આવા સ્વામિજીઓએ સંસ્કૃતિ જાળવવામાં જે ફાળો આપ્યો છે તે અમૂલ્ય ગણાશે. તેમણે કહ્યું કે નિદાન ઉપર ખૂબ મહત્ત્વ આપવું જોઈએ.

અને સાવ સાદી વસ્તુનું મહત્ત્વ વધારવું જોઈએ. આ આખી વિદ્યા પરોપકાર અર્થે વપરાવવી જોઈએ અને વનસ્પતિનું

માહાત્મ્ય વધારવું જોઈએ. દરદીની ચાલીશ વર્ષની ઉંમર પહેલાં અભ્રક અને તામ્ર જેવી ભસ્મો વગેરે કંઈપણ ન વાપરવું જોઇએ.

કંઠમાળ ઉપર રૂદ્રાક્ષ અને ટી. બી. ઉપર સાપના મણકાને બાળી તેને કુંવારમાં ઘુંટી ૦।। રતી બે ટાઈમ આપવા વિષે પણ તેમણે સુંદર વાતો કરી.

પથ્ય ઉપર તેમણે ખૂબ જ ભાર મૂકયો.

વિજયનગરના રાજાના ભાઈશ્રી ગુલાબસિંહજી સાથે કાલો-લથી વાઘેશ્વરી તરફના વહેળા ઉપર સાદડાનું વૃક્ષ જોયું. તેઓને પણ આ વિષયમાં ઠીક રસ છે. પણ તેઓશ્રીએ એક વાંઝીયો આંબો બતાવ્યો. તેનું કારણ વેળાનું વધુપડતું પાણી હતું. તેમણે તે દૂર કર્યું કે તરત જ બીજે વરસે આંબાને મોગર આવવા લાગ્યો મને તરત જ થયું કે વાંઝીયાપણાનું કારણ વધુપડતી શરદી છે. તે આમાંથી સમજવાનું છે. અહીં એક છોકરી જતી હતી. ગુલાબસિંહજીએ તરત જ આ લોકો શું ખાઈને જીવે છે તે બતાવવા

નાળાની ભાજી

તેની પાસેથી ભાજી અમને બતાવી. તે નાળાની ભાજી હતી. આવી સાદી વસ્તુઓમાંથી આ લોકો જીવન મેળવે છે. અહીંના વેળાઓમાં આ ભાજી થાય છે.

આ બાજુ પણ બ્રાહ્મી ખૂબ જ પ્રમાણમાં થાય છે. Hydrocotyle Asiatica પણ સાચી બ્રાહ્મી આ હશે કે નહિ તે વિષે મને સંદેહ છે.

સ્વામીજીએ ધાતુઓ પાતળી પડવાથી મન નબળું પડે છે એ ઘણી જ અગત્યની વાત કરી. અને અંગ્રેજી પદ્ધતિથી રોગ



બ્રાહ્મી

મટયાનું કહે છે પણ ઉપદ્રવો તેનાથી થાય છે. તેનો વિચાર ખાસ જરૂરી છે. આપણા વૈદકથી જે રોગ મટે છે તે મૂળથી મટે છે અને પાછળથી કોઈપણ ઉપદ્રવ પેદા થતો નથી.

સ્વામીજી પહાડોમાં ઘણું ફર્યા છે. અને તેનું તેમને પૂરેપૂરું જ્ઞાન છે.

કોટેશ્વર પાસે જે ઝરો છે. ત્યાં નસોતરનાં ફૂલ આ સમયે જોવાની ઘણી જ મઝા આવી. ફૂલ ધોળાં રંગનાં અને નાની છત્રીના આકારનાં હોય છે. કાસમર્દનો આવળનાં ફૂલ જેવો ઝૂમખો મેં અહીંથી લઈ લીધો. તેની પણ આંખમાં આંજવાની સોગઠી બને છે. અહીંથી એક ટેકરી ઉપર રગતરોહીડાનું બીજું ઝાડ જોવા ગયા. તેનાં પાન સાંકડાં અને ઝાડ સુંદર હતું. કાલોલ પાસે શ્રી ગુલાબસિંહજી પાસે જે સાદડો જોયો; ત્યાં અરવિંદભાઈએ

આજ સુધી ન જોયેલું મોટામાં મોટું બાજ પક્ષી જોયું. તેઓ પક્ષીઓના અભ્યાસમાં નિપુણ છે. તે બહુ જ મોટું પક્ષી હતું. વાંઝીયા આંબા ઉપર વાલ્મિક કીડીએ બનાવેલો માળો પણ જોયો. વેળાઓનું પાણી પણ કાચ જેવું હોય છે. લક્ષ્મીપુરા પણ જૂનું



ધોળું નસોતર

ગામ છે. ત્યાંના સુખી હેતાળ છે. તેમણે અમને રેફ્રીઝરેટરમાં રાખી મૂકયો હોય તેવો શેરડીનો રસ પાયો. અહીંની જમીન ઘણીજ સારી છે, પણ વનસ્પતિને બદલે કપાસ અને ઘઉં રોપાય ત્યારે મને થયું કે ભાઈ બધામાં જ ડોલર ઉપજાવવાની વાત

આવી ગઈ તે આપણી પડતીની નિશાની છે. ક્યાંય જીવન વધારવાની કે સાચવવાની વાત જ નહિ.

જીવન સાચવનાર અને વધારનાર અને વનસ્પતિમાં ચેતનનું દર્શન કરનારને અને જંગલ સાચવનાર તથા બીજાને ઓછામાં ઓછો ઉપદ્રવ કરનારને અહીં જંગલી અને પછાત ગણે છે. અને પોતાના શ્રમ વગર બીજાને પૈસે વધુ ભોગ ભોગવનાર પછાત નથી ગણાતો પણ પછાતને સુધારનારો ગણાય છે, ત્યારે મને દુનિયાની આઠમી અજાયબી લાગે છે. મને અહીંની ભીલ કોમ અને બીજી આદિવાસી કોમ સંસ્કારી લાગી. અહીં આમળાં અને બહેડાં ઘણાં, પણ હરડે આ તરફ મેં ન જોઈ. પ્રોજેક્ટ ઑફિસર શ્રી. ચંદુભાઈએ તેજાવતીની વાત સુંદર કહી. વીર રસની પ્રતિમા અને તેની પર્સનાલીટી આજ એંશી વરસે પણ જોવા જેવાં છે. માણસ તેના વ્યક્તિત્વથી પુજાતો, ખુરસીથી નહિ.



રગત રોહીડો

ચીનના મુસાફર હ્યુએન સંગને પોતાના દેશમાંથી નીકળતાં પણ ભારે દુઃખ પડ્યું, અને ગેબીના રણમાંથી તે મુશ્કેલીઓ વેઠીને આવ્યો ત્યારે વડાલી–વટપલ્લીનું મોટું શહેર છે, તેનો તેણે ઉલ્લેખ કર્યો હતો. અમે વીરેશ્વરથી તે વડાલી ગયા. ત્યાંની જમીન ખરેખર સારી છે પણ અમે રાત્રે ત્યાં ગયા. આ સમયે અમે વિઅર–હરણાવ બંધ પાસેથી વીરેશ્વરથી વડાલી થઈ ખેડબ્રહ્મા આવ્યા.

હરણાવમાં પણ આ સમયે કલ્હારની ચાર જાત જોઈ.

કલહાર

અને પાણીમાં થતી સુંદર સુગંધવાળી મોથ જોઈ. મોથ લેખની છે અને દોષને ત્રાંસા છોલે છે. ઉમરડા અહીં ઘણા મોટા છે. પણ વીરેશ્વર પાસે જે ઉમરડો જોયો તે આજ સુધી મારી જિંદગીમાં જોયો નથી. તેના મૂળ પાસે ચઢતો સુંદર અજગર અમે જોયો. અજગરનાં અને દત્તાત્રેયના વૃક્ષ–ઉમરડાનાં સંધ્યાકાળે જે દર્શન થયાં તે કંઈક સારૂં સૂચક હતું. તક્ષશીલાનું વર્ણન સિકંદરે પણ કર્યું છે અને હ્યુએન સંગે પણ કર્યું છે તેવું વડાલી અને બ્રહ્મક્ષેત્રનું વર્ણન મળે છે. અહીંના લોકોનો બાંધો મજબૂત છે. ૧૦–૧૫ માઈલ ચાલવું તેમને સહેલું છે.

સ્વામીજીએ કહ્યું કે રાત્રે હિમેજ મોઢામાં રાખીને સુઓ તો પેઢાં અને દાંતનો દુખાવો પણ મટી જાય છે.

આજે તો અમે કડવા ઇંદ્રિજવની પાસે સંખ્યાબંધ મીઠા ઇંદ્રિજવનાં ઝાડ જોયાં. મીઠા ઇંદ્રિજવની શીંગ ઉપરથી પણ જોડાએલી અને નીચેથી પણ જોડાએલી જોઈ. ઝાડ મોટું અને પાંદડાંમાં પણ કડવા કરતાં ફેર છે. શીંગમાંથી ઇંદ્રિજવ ચાખ્યો તો મુદ્દલેય કડવો નહોતો. તેની શીંગની રચના કડવા ઇંદ્રજવના શીંગના જેવી અંદર લપેટેલું રૂ વગેરે સરખું, પણ કડવાશ નહિ.

સેવણનું પાન ઈંદ્રજવનું પાન

અહીં સેવણનાં ઝાડ પણ મોટાં છે. દશમૂળનું વર્ણન હું મારા ગુરુજી પાસે રોજ સાંભળતો હતો. પણ દશમૂળ ખોદતાં જે પરસેવો પડે છે તે પ્રથમ વાર જ અનુભવ્યો.

મારી આ સંસ્કૃતિ જાળવનાર ભીલોને મારા કરોડો વંદન છે. વાલ્મિકી ભીલનાં અહીં આ લોકમાં દર્શન થાય છે.

ઉભી ભોરીંગણી વિષે એક ભીલે કહ્યું કે તેનાં બીંડવાં કુલડીમાં નાખી તે કુલડી તપાવી તેની વરાળ મોંએથી લેવાથી પાયોરીઆ મટે છે, અને તેમાંથી કીડા ખરી પડે છે. નાકથી શ્વાસ લેવાથી તેનાં જીવડાં પણ ખરી પડે છે. અહીં ભીલો પાસે ઘણું જ જાણવા જેવું છે.

લક્ષ્મીપુરા પાસે ઉલટી કરાવનાર કુકડવેલું, વીર્ય વધારનાર કૌવચ અને દમ મટાડનાર કાળો ધંતૂરો જોયાં. વેલંતરો અહીં ઘણો જ છે. એક કાળી કંથાર પણ જોઈ. ચાર–પાંચ પાંખડી-વાળી બીલીઓ અહીં મેં પ્રથમ જ જોઈ.

અહીં નદીના ત્રણ ભાગ જોયા, ઉપરનો પથ્થરીઓ



પાંચ પાંખડાંવાળી બીલી

અમદાવાદ પાસે રેતીનો અને નાની બોરૂ પાસે અને મોટી બોરૂ પાસે કાદવનો પટ જોયો. આવો જ પટ મેં નર્મદાનો જોયો હતો. અમરકંટક પાસે પથ્થર, ચાણોદ કરનાળી પાસે રેતી અને હાંસોટથી બારેક માઈલ દૂર જ્યાં તે મળે છે ત્યાં હું પહોંચેલો પણ ખરો.

હું એન સંગની માફક ઘર છોડી જંગલમાં ખોવાઈ જનારને આ હૃદયસ્પર્શી આનંદ થશે. સ્વામીજીએ કહ્યું કે કેટલી વસ્તુઓ અમુક સીઝનમાં જ નીકળે છે, તે ખાસ જોવા જેવી છે. અરડૂસાનો આંબાના મોર જેવા ફુલ સાથે ખીલેલું વૃક્ષ જીંદગીમાં મેં પ્રથમ જ અહીં જોયું.

આજ સુધી હું ઝીંઝીને સાદડ માનતો હતો, મેં આજે

ધોળા સાદડાનાં દર્શન કર્યાં ત્યાં તો Love at the first sight થયો.

હવે અહીં અમે એક ખાખરો ઉપરથી વહેર્યો અને તેમાં બે હાથ ઉંડો ખાડો કોતરાવ્યો અને આમળાં પૂર્યાં તેને કાદવથી વિંટાળ્યો અને આખું ધડ સળગાવ્યું. એ આમળાં મધમાં નાખી બધાંને આપી તેને ખાવાનું કહ્યું.

અરણીનાં ઝીણાં ફૂલ અને તેની સુગંધી સણસોલીમાં મેશ્વો નદીના કિનારા પછી અહીં બીજી વાર અનુભવી.

પોળો પાસેના ડુંગરા હજી ખૂબ જોવા જેવા ખરા. ચુલેતરા પક્ષીની સુવારોગ ઉપરની અસરનો મહિમા ઘણો જ સાંભળ્યો, રાત્રે અમે આકાશદર્શન કરતા હતા. અરવિંદભાઈને તારાઓનું જ્ઞાન ઘણું છે. આ દર્શનથી પણ કેટલીય કેલરી આનંદ અને ઉષ્મા મળી જાય છે.

પહાડો તો મેં ઘણા જોયા, પણ જીઓલોજીકલવાળો જે રીપોર્ટ મેં વાંચ્યો oldest ranges are the Arvalli Hills દુનિયાભરમાં સૌથી જૂનામાં જૂનો અરવલ્લી પર્વત છે. ત્યારે મને બ્રહ્માએ અહીંથી સર્જન કર્યું તે વાત સાવ સાચી લાગે છે. બ્રાહ્મણ અને ક્ષત્રિયોએ સંસ્કૃતિ જાળવવામાં ઘણાં જ બલિદાન આપ્યાં છે, નહિંતર તે હજુ આટલી શેષ રહી છે તે પણ ન હોત.

ઈશ્વરી યોજનામાં મનુષ્યની રક્ષા માટે સારી આલમ છે તેનું દર્શન જ અહીં થાય છે. રોહીસાનું ઘાસ કોટેશ્વર પાસે જોયું. તેની અસર તીક્ષ્ણ અને સુગંધી સારી હોય છે. વા ઉપર અકસીર છે. પણ ઘાસ નાનું નાનું સુંદર લાગતું હતું.

હરણાવ કેનાલથી ઉંટીયા પહાડ તરફ પુષ્કળ ઊગેલા મીઠા ઇંદ્રજવને દૂધલો કહે છે. તે ગ્રાહી અને શોથઘ્ન છે.

સાજડ ગ્રાહી, રક્તશોધક અને ઉત્તેજક છે અને મારા ગુરૂ તેને હૃદયરોગમાં અર્જુન તરીકે વાપરતા, તે પણ બરાબર લાગે છે.

મીઠી દૂધેલી

કડાયાનાં શેકેલાં બીજ અહીં લોકો કોફીની જગ્યાએ વાપરે છે. કડાયા-ગુંદર જે બજારમાં વેચાય છે તે અસલ નહીં પણ બીજો જ છે. તેની બીજી જાતોમાંથી વેપારીઓ ગુંદર ભેગો કરી વેચે છે, તે આફ્રિકા અને અમેરીકાથી મોટા પ્રમાણમાં આવે છે. તે ચોખ્ખો નથી એમ હું કહેવા માગું છું, જેથી પ્રજાને નુકશાન થતું અટકે અહીંના કડાયા ગુંદરનો સ્વાદ જ સુંદર અને મનગમતો છે.

ચોરીવાડથી આગળ ઘઉંવો પહાડ વીરેશ્વર નજીકથી શરૂ થાય છે. ત્યાં પાણી બારે માસ વહ્યા જ કરે છે. અને પ્રશંસનીય ઠંડક છે. ત્યાં ઘઉંઆવનો દક્ષિણ ભાગ બંધ પાસે પૂરો થાય છે. ઘઉંઆવના Slope ઉપરનાં વૃક્ષો ખરેખર ઘણાં જ જોવા જેવાં છે. આ વખતે જે ખીલેલાં પારીજાતકો જોયાં તે ખરેખર સુંદર લાગ્યાં. કાળીપાટને ત્રણ ત્રણ પાંદડાં હતાં. કાસૂંદરો અને કાસૂંદરી બંને પુવાડીઆ જેવાં પણ જુદાં જુદાં છે.

ઝાડેશ્વરના એક વૈદ્ય સોનામુખી ધૌતસ્વ એટલે સોડાબાઈ કાર્બ અને નાગર-સુંઠનો પાવડર દરેક દવામાં સવારના પ્રીસ્કી-

ચ્શનમાં આપતા, ત્યારે મને થયું કે જુલાબમાં આમળાં, હરડે

કાળીપાઠ

ત્રિફળા, નસોતર જે સર્વ આ મુલકમાં છે તે મૂકીને આવું શા સારૂ કપોલકલ્પિત પ્રીસ્ક્રીપ્શન બનાવતા હશે.

ડાક્ટર વરદભાઈ પાસે સ્વામીજીએ કહી તે નાગની ભસ્મ હતી. પણ નાગ એટલે શીશાની ભસ્મ જાણી તેમણે નાખી દીધી. તેનું તેમને ઘણું જ દુઃખ થયેલું. ચરક જે કહે છે કે ગોવાળીઆ,

ભીલ, ભરવાડ, વાઘરા અને બીજા વનવાસીઓ વનસ્પતિઓ અને વનસ્પતિનાં નામ જાણે છે તે વાત મને સાવ સાચી લાગી, પણ આશ્ચર્ય તો એ થયું કે આ લોક સાવ સંસ્કૃત ભાષામાં જ તે નામ બોલે છે અને ઓળખે છે. મેં નસોતર કહ્યું તો છગને તરવટ કહ્યું. મેં સોનાપાઠા કહ્યું તો છગને ટેંટુ કહ્યું. મેં સાદડો કહ્યું તો તેને અરજુનીઓ કહ્યું. એટલે તદ્દન સંસ્કૃત ભાષામાં જ આ લોકો વનસ્પતિને ઓળખે છે. અરવલ્લી હીલ્સની ટેકરીમાં પાવાગઢ અને આબુ બન્નેય આવી જાય છે. આબુ ૫૫૦૦ ફીટ ઊંચો અને અહિંનો ઘઉંવો ૧૭૦૦ ફીટ ઊંચો છે, પણ આ ટેકરીઓ ઉપર આયુર્વેદની વનસ્પતિઓ જોઈએ ત્યારે વૈદકનો ઉન્માદ જન્મે તેવું છે, શ્રી ગુલાબસિંહજીએ કહ્યું કે પ્રતાપ જ્યાં રહ્યો હતો તે ગુફા જોઈ? મેં કહ્યું કે અમે ફૂલવાડીથી આગળ તે પહાડ જોઈ આવ્યા. પછી તેઓશ્રીએ કહ્યું કે પીપરના વેલા જોયા? ત્યારે મને થયું કે લીંડીપીપર પણ અહીં ઘણા પ્રમાણમાં થાય છે. રાજસ્થાનના ડુંગરા સાથે અહિંના ડુંગરા એકમેક છે. રાજસ્થાન અને મુંબઈની સરહદ એમ જુદા વિભાગો ન હોવા જોઈએ. આયુર્વેદની દૃષ્ટિ રાખી આ મુલકનો છેક કેસરીઆ સુધી એકજ વહીવટ આવશ્યક ગણાય.

આમ તો ભીલ કોમ રોગરહિત છે, પણ તેમનામાં ઉપદંશનો રોગ ઠેકેદારો અને મીલીટરીના માણસોના સંસર્ગથી ઉતર્યો છે. તે બાબત ઉપર વિચાર કરવા લાયક છે. હરણાવનો જે બંધ બાંધ્યો છે તે ચૌદ લાખના ખર્ચે બંધાયેલો છે અને તે ઘઉંઆવ અને ઉંટીઆ પહાડ વચ્ચેનો ભાગ છે. હરણાવ નદીને અહિં નાથી છે. સક્કર બેરેજની રચના પછી થોડા ફેરફાર બાદ મેશ્વાનો બંધ મેં જોયો અને બીજો હરણાવનો બંધ પણ એક જ સિદ્ધાંત ઉપર રચ્યા છે. ટોડરમલે ગોઠવેલી વ્યવસ્થાની જેમ અંગ્રેજો પણ ચાલ્યા આવ્યા છે. જેમકે એક ચીફ એન્જી-

Scanned with CamScanner

નિયરની નીચે એકઝીકયુટીવ, તેની નીચે એક ડેપ્યુટી, તેની નીચે ઓવરસીયર તથા ચરકે રાજાને જંગલો સાચવવાનું ફરમાન અને ભીલ, કોળી તથા ગોવાળીઆઓને આ ઓળખવાનું ફરમાન અને વૈદ્યને આ દવાઓ કયાં યોજવી તેનું ફરમાન કર્યું છે.

પ્રથમવાર હું જંગલ જોવા ગયો ત્યારે અમદાવાદથી ટ્રેનમાં ગયેલો અને મોડાસા થઈ શામળાજી થઈ અમદાવાદ પાછો આવેલો. બીજી વાર ગયો ત્યારે ખારી નદીના રસ્તે થઈ તલોદ થઈ હિંમતનગર અને પ્રાંતિજ થઈ પાછો આવેલો. ત્યારે ઈડરમાં રાણીનું તળાવ અને ઈડ્વલ દુર્ગ પણ જોયેલાં. દિલ્હીથી અમદાવાદનો રસ્તો જ જૂનો છે. ઘણો પહોળો છે. અશોકે પેશાવરથી કલકત્તાનો રસ્તો અને બીજા ઘણા રસ્તા બંધાવેલા એટલે રસ્તાઓનું કામ તો જૂનું પુરાણું છે. મારે ફરી ફરીથી એક જ વાત કહેવાની એ છે કે કુદરતે ઈરાદાપૂર્વક આ બગીચો બનાવેલો છે. આ ભાગમાં મોટાં જળાશયો કે જંગલો કાપીને કંપાઓ કરવાની જરૂર જણાતી નથી. એથી નાની ભીલ છોકરીઓ અને છોકરાઓ ઉપર જે કુદરતી પ્રસન્નતા જણાય છે તે મરી જશે.

વરદભાઈએ તો અહીં સાદડને જ અર્જુન તરીકે ગોઠવ્યો. અને મને તે સાચું લાગ્યું.

ખાસ કરીને અહીંના વેળાના એક છેડેથી બીજા છેડે અને હરણાવના એક છેડાના કિનારેથી બીજા છેડે આયુર્વેદના વિદ્યાર્થીએ ખાસ ફરવાની જરૂર છે. હિંદુસ્તાનનાં ઘણાં જંગલો હું ફર્યો પણ આયુર્વેદ માટે આ જૂનામાં જૂનું પ્રાચીન જંગલ ફરવું જ જોઈએ, એ મારો પ્રબળ મત છે. અહીં એક ધોળીપાઠનો વેલો અમે જોયો. વહેળા ઉપર તે ઘણા છે.

સાબરકાંઠો લગભગ અઠ્ઠાવીસ રજવાડાંનો બન્યો છે. મોડાસાથી શામળાજી ફક્ત ૧૮ માઈલ દૂર છે. હિંમતનગરથી શામળાજી જવા માટે ભીલોડા જતી મોટર બસમાં ત્રીસેક માઈલની



ધોળીપાઠનું પાંદડું

મુસાફરી કરવી પડે છે. મોડાસાથી ડુંગરપુર અને ડુંગરપુરથી કેસરિયાજી તથા ઉદેપુરથી બસો દોડે છે. મોડાસા ઐતિહાસિક સ્થળ છે. વૈદ્યોએ અહીં વૈદ્યનાથ મહાદેવની ખાસ મુલાકાત લેવા જેવી છે.

આ ભાગમાં તાડ જેવાં ઊંચાં વૃક્ષ ન જોયાં ત્યારે કબીરની ઉક્તિ મને યાદ આવી કે—

ઉંચા થયા તો શું થયા, જૈસે તાડ ખજૂર,
પથિક કો છાયા નહિ ઔર ફળ લગે બહુ દૂર.

અહીંનાં ઝાડો છાંયો પૂરો આપે છે. એમનાં પાન ઉપર પણ સુંદર ઓજસ માલમ પડે છે. આ જંગલોમાં લાખ, ગુંદર, ક્ષીર વૃક્ષો અને દશમૂળનાં વૃક્ષો જોવામાં આવે છે.

પક્ષીઓમાં ખાસ કરીને તેતર, લાવરી, ચીલોતર, મોર,

આમળાં

સસલાં, હરણ (કાળીઆર), કુકડા જે ચરક અને શારંગધરમાં લખ્યાં છે તેવાં જ અહીં બધી જાતનાં પક્ષીઓ છે.

ભીલ લોકો કોઠીઓની લાઈન બનાવી એક જ ઓરડામાં પોતે પ્રાઈવસી કરી લે છે. દીકરો મોટો થતાં તરતજ જુદો રહે છે. તેમનાં ઘર ૦ા–૦ાા માઈલ દૂર હોય છે. દરેક ભીલ સ્વાનુભવી અને સ્વયં વિચારશીલ હોય છે.

ગુંદરોમાં ખાસ કરીને ખેર, બાવળ, ગૂગળ, કઢાયો અને રોહીડાનો મળે છે. લાખ બોરની, પીપળની ઘણી થાય છે. આઠેય જાતનાં મધ આ જંગલોમાં છે.

ખાખરા અને આમળાંનો પ્રયોગ આ જંગલોમાં કર્યો કારણ કે તે પાસે પાસે છે.

અહીં એક ખાસ ખાસિયત મેં એ જોઈ કે પીપળનાં વૃક્ષ તાડની માફક સીધાં અને ઊંચાં છે.

રોહીસાના ઘાસમાંથી તેલ કઢાય તેટલો રોહીસો અહીં છે.

આ બાજુ જ્યારે મેળા ભરાય છે ત્યારે ગુજરાત, મારવાડ અને મેવાડની ભાષા, રીતિ, વેષ, કરણી, સંસ્કૃતિ અને વિચારોનો સંગમ થાય છે. અહીં ચાલવાની પ્રથા વધુમાં વધુ છે. સાગ કરતાં વાંસનું પ્રમાણ સેંકડો ઘણું વધારે છે. આ જંગલોમાં રોષ્વો નદીનો કિનારો પણ હું રખડયો. હિન્દુસ્તાનમાં મને શામળાજીની સ્થાપત્યકલા તેમજ ઈલોરા, અજંટા, ભુવનેશ્વર, મદુરા, દ્વારકા, તિરૂવન્ન, મલાઈ અને દેલવાડાની સ્થાપત્યકલાઓ દેવનિર્મિત લાગે છે. હિંમતનગરથી આવતાં એક હાથમતિની કેનાલ નજરે પડે છે. સાદરોથી શ્રી અકબરભાઈ ચાવડા સાથે હું તે બંધ જોવા ગયો હતો. અહમદશાહ દિલ્હીથી આવ્યો ત્યારે તેણે આ હાથમતિને ખોદીને સાબરમતિમાં નાખી, પહેલાં ખારીને મળતી હતી.

Scanned with CamScanner

સ્થાપત્યકલા પરથી એમ લાગે છે કે શામળાજીનું મંદિર ઈ. સ. દશમી કે અગીઆરમી સદીનું હશે.

આ મંદિરમાં માનવગરુડની મૂર્તિ ખૂબ ધ્યાન ખેંચે છે. ગરૂડના શિર ઉપર, ડોકમાં, બાજુબંધ ઉપર, કાંડા ઉપર અને પગે વિંટાયેલા ચાપલ્યના પ્રતિક જેવા સાપનાં આલેખેલાં મુખ ગરૂડના દેહસ્પર્શથી જાણે ધન્યતા અનુભવતાં હોય તેવો ભાવ પ્રગટ કરે છે. અને ખભા ઉપર વિશાળ પાંખોના બોજથી ગરૂડજી ચારે કોર ખદબદતી સૃષ્ટિ તરફ ન જોતાં વિષ્ણુ તરફ દૃષ્ટિ સ્થિર કરી રહ્યા છે.

શામળાજીનું સ્થળ પુરાણોમાં ગદાધર ક્ષેત્ર નામે પ્રસિદ્ધ છે. 'ગદાધર માહાત્મ્ય'માં શિવભક્તિના ઉલ્લેખ ઘણા મળે છે. ખરેખર આ બાજુ શિવાલયો પણ ઘણાં જ જોવામાં આવે છે. 'હરિશ્ચન્દ્રની ચોરી' નામે ઓળખાતી જગ્યાએ હાલમાં એક પથ્થરનું તોરણ ઊભેલું છે તેની કારીગરી પણ આકર્ષક છે. આ બાજુ ઘણા ઋષિઓએ તપ કરેલું છે. એક સાગરપટા ઋષિની ખંડિત મૂર્તિ પણ મેં અહીં જોઈ.

ત્રિલોકેશ્વરના મંદિરમાં ઊભેલી ત્રિશૂળધારી શિવની મૂર્તિ પણ આકર્ષક છે. આ બાજુ ડુંગરમાં એક 'કરમાનું તળાવ' આવેલું છે.

આ બાજુના ભાગોમાં આપણા જેવી ઈંટો હજી પણ તે લોક નથી બનાવતા, પરંતુ ૧૫ ઇંચ લાંબી, ૧૦ ઇંચ પહોળી ને ચાર ઇંચિ જાડી એવો ચપટો ચોસલો બનાવે છે. ત્યાંના ઘુમ્મટોમાં પણ તે ઇંટ ચૂનો જ વપરાયલો છે. તે વખતનો ચૂનો અત્યારના સીમેન્ટને આંટી મારે તેવો લાગે છે. આ બધું જોવા ગુજરાતના સ્થાપત્ય કલાકારોએ બહાર આવી તેની રક્ષા કરવી જોઈએ અને તેમાં બીજું ઉમેરી પાછું ઊભું કરવું જોઈએ જેથી આપણી મૂળ સંસ્કૃતિનું આપણને ભાન સતત રહ્યા કરે.

શામળાજીની મંદિરની બાંધણી રથ આકારની છે. પ્રેત-શલ્યા નામનું એક અહીંનાનું દેવળ છે, ત્યાં એક પાણીનો ધરો છે. તેમાં દુકાળમાં પણ કાયમ પાણી રહે છે. અહીં સ્નાન-કરવાથી વળગણ અને ભૂતપ્રેતની અસરમાંથી માણસ છૂટે છે. એવી કિંવદન્તિ છે.

મારે એક વાત તેથી આ મુલક માટે એવી રજૂ કરવી છે કેઃ—

આ પ્રદેશમાં જેટલો ધરા વહેળા અને નદીનો ભાગ છે તેનો અર્ધો અર્ધો માઈલનો ભાગ સરકાર હસ્તક રખાય અને તે વનસ્પતિઓ ત્યાં નવી પણ ઉગાડવામાં આવે. અને જે હવે રહ્યાં સહ્યાં આ વૃક્ષો છે તેનો નાશ ન થાય તેવો કડક બંદોબસ્ત જલદીમાં જલદી કરવામાં આવે. જુદી જુદી સીઝનમાં જુદી જુદી વસ્તુઓ ફૂટે છે તે જગ્યાનો રેગ્યુલર રેકર્ડ રખાય, અને ટેકરી-ઓના ઢાળ ઉપરનો અર્ધો ભાગ સુરક્ષિત કરવા અને જાળવવા નવું ખાતું ખોલવામાં આવે અને સહકારી રીતે તેની એક દુકાન અથવા સંસ્થા ખોલી એ ઝાડોની છાલ, ફળ, ફૂલ કે મૂળ રખાય અને ઓર્ડર પ્રમાણે ક્રમથી અનુક્રમે તેના ગ્રાહકોને મળે તો ગુજરાતનું સ્વાસ્થ્ય ઊંચું લાવવામાં એક અનેરો ફાળો અને રચનાત્મક કાર્ય થશે. અહીંનાં જે સ્થાપત્યો છે તે પ્રેરણા અને ભાવના માટે સોમનાથની જેમ ફરી ઊભા કરવામાં આવે અને વિકસાવવામાં આવે તો હિંદુ સંસ્કૃતિ ઉપર મહાન ઉપકાર થશે. હિંદુ શબ્દ ઉપર સૂગ રાખવાથી શો લાભ થવાનો છે ? સનાતન એટલે તો ત્રણેય કાળમાં ન ફરે તેવું સ્થિર એવો અર્થ થાય છે.

વૈદ્યોને હું કહું છું કે તમારે નગોડના રસની જ્યાં ભાવના આપવાની હોય અને મણબંધી તે રસ વાપરવો પડતો હોય તો હરણાવ નદીની અંદર તેનાં નર્યાં જંગલ તમને મળશે. જેને

બીલી અને ખેરના કવાથની ભાવના આપવી હોય તેને અહીંનાં



પાંચ પાનવાળી બીલી

જંગલોમાં તે ઝાડ મળશે અને જેને આમળાના રસની ભાવના આપવી હોય તેને અહીંની ટેકરીઓના ઢાળ ઉપર તે મળશે. તમને અહીં બધું જ મળશે. અહીં વડ બહુ નથી પણ ગગન-ચુંબી પીપળો બહુ છે કારણ કે તે ઘાને રૂઝવનારી છે, ઘાના ડ્રેસીંગમાં તે રોજ વપરાય છે અને ચામડીમાં નવા કોષની ભરતી કરનારી છે. તાવ પછીના ટૉનિક ઇંદ્રિજવનાં તો અહીં જંગલો છે.

અહીંના રીંગણના શાકની મીઠાશ ગઢડામાં કનુભાઈને ઘેર હું જે શાક ખાતો હતો તેવી લાગી. અહીંની ગોરખ મુંડી અને રોહીસાના ઘાસની વાસ જેટલી તીવ્ર અને સ્ટ્રોંગ લાગી તેટલી મેં ગુજરાતમાં બીજે સ્થળે જોઈ નથી. વૈદકમાં જે જંગલી મગ અને જંગલી અડદના પ્રયોગો આવે છે તે

અહીં ઢગલાબંધ છે. જંગલી દોડી, જંગલી ભીંડા, જંગલી જાંબુડી, કડવી ઘિલોડી, કડવી કંકોડી, (વાંઝણી કંકોડી) આ બધું અહીં અઢળક છે.

ઈશાવાસ્ય ઉપનિષદનો પહેલો શ્લોક હું જે પ્રમાણે સમજ્યો છું તે એ છે કે દુનિયાની બધી વસ્તુ તું ભોગવ, ત્યાગ કરવાની જરૂર નથી, 'ત્યક્તેન'નો અર્થ હું 'ઉક્તેન' કરૂં છું પણ એ ભોગવવામાં તેણે શરત બે મૂકી છે:

૧–બીજાનાં ધનની અપેક્ષા કર્યા વગર, અને ૨–આ બધું જ ભગગાનનું છે, તે ભાવથી આ બે શરતોથી જેટલી વસ્તુઓ ભોગવી શકાય તે આ લોક ભોગવે છે. એવા લોકને હું પછાત શી રીતે કહું ?

અહીં ખાંસી માટે અરડૂસીનાં જંગલો નથી, પણ ઊભી અને બેઠી ભોરીંગણીનાં જંગલો છે. અને કોઢ માટે બાવચીના જંગલો નથી પણ ખેરનાં જંગલો છે.

રોહીડો છે માટે રક્તરોહીડો બીજું નામ છે તેનું મને પ્રથમ જ ભાન થયું. જિંદગીમાં રગતરોહીડો મેં પ્રથમ વાર જોયો તેવી જ રીતે પાસેના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે રોહીડાનાં પણ મેં પ્રથમ જ દર્શન કર્યાં. રોહીડો અને રગતરોહીડો વૈદકમાં ઘણો જ વાપરવો પડે છે.


રોહીડો

અહીં તાવ માટે કરિયાતાનાં જંગલો નથી. પણ ઇંદ્રજવનાં જંગલો છે. અહીં મંદાગ્નિ માટે મરીનાં જંગલો નથી, પણ ચવક અને ચિત્રકનાં જંગલો છે. અહીં ઝાડો બંધ કરવાને માટે સૂંઠના જંગલો નથી, પણ મરડાસીંગ અને કડા-

છાલનાં જંગલો છે. અહીં રક્તશુદ્ધિ માટે પોપીના પટ્ટાભણી રગતરોહીડાનાં જંગલો છે. શિરોવિરેચન માટે અહીં અઘેડાના જંગલો છે. જુલાબ લેવા માટે અહીં કુટસોલ કે સોનામુખીનાં જંગલો નથી, પણ બહેડાં, આંબળા અને નસોતરનાં ભરપૂર જંગલો છે. અહીં મેથી કે તાંદળજાની ભાજીનાં જંગલો નથી પણ નાળાની



સાપ ડરામણી

ભાઈના વહેળા છે. અહીં કેશમીન નથી પણ સાદડનાં જંગલો છે. અહીં સુગંધી માટે ધોળાં, રાતાં અને પીળાં ગુલાબો નથી પણ રૂક્મણીને પ્રિય પારિજાતકનાં વનનાં વન છે. અહીં નદીમાં મગરો નથી પણ સુંદર ચળકતા આરસ જેવા ગોળ લીસા પાણા છે, અને નગોડનાં વન છે. અહીં ગુલમહોરની માફક ત્રણ વર્ષમાં મરી જતાં વૃક્ષો નથી, પણ પાંચસો પાંચસો વર્ષના રાયણો તથા ઉમરડા મોજૂદ છે. સાથેના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે સાપડશ-મણીના અહીં ઘણા છોડ છે.

હવે હું છેલ્લી વખત સાબરકાંઠાના દર્શને ટ્રેઈનમાં નીકળ્યો. મહાદેવપુરા આગળથી પહાડોનાં દર્શન થવા લાગ્યાં અને શહેર-માંથી જાણે માંડ છૂટયા હોઇએ તેવો આરામ અનુભવ્યો. બે વાગે ખેડબ્રહ્મા ઊતર્યો. ખેડબ્રહ્મા આવતાં જ ચીનની દિવાલની જેમ ઘઉંઓ પહાડ જણાતો હતો. ખેડબ્રહ્મામાં અમે મારા મિત્ર વરદભાઇને ત્યાં ખીચડી અને રીંગણનું શાક જમ્યા. પછી આયુ-ર્વેદના પિતા બ્રહ્માજીના મંદિરમાં સ્વામિજીના દર્શને ગયા. સ્વામિજી ઘણા વિદ્વાન અને સરસ્વતીના ઉપાસક છે. તેમણે કહ્યું કે–

જે મંદિરો જૂનાં છે. તેના શિખરમાં ત્રાંબાની લોટી અને તેમાં ઘી ભરીને રાખ્યું છે. ત્રાંબુ વિજળીને ખેંચી લે છે અને ઘી તેને ચૂસી લે છે. આવું ઇલેક્ટ્રીફાઈડ ઘી તેમણે એક શીશીમાંથી અમને આંજ્યું અને આંખમાંથી ઘણું પાણી નીકળી પડયું. વરદ-ભાઈએ પણ આંજ્યું. પાણી નીકળ્યા બાદ આંખ ઘણી જ હલકી પડી. તેમણે કહ્યું કે ભીલામો, રાળ અને લોબાનનો પાતાળયંત્રથી ચૂવો પાડી તે ચૂવાને સરસવના તેલમાં ઉકાળી તેને ચોપડવાથી વાના ભયંકર રોગમાં પણ આરામ થાય છે. લીમડાની સળીના મૂળમાં જે ગાંઠ હોય છે તેવી ૨૧ ગાંઠો લઈ તેમાં અજમો, સિંધવ અને મરી ચપટી ચપટી નાખી પાણીમાં પીએ તો લોહીની ખોટી ગરમી નીકળી જાય છે.

Scanned with CamScanner

ગોળ અને ચૂનાની ગોળી ગૅસમાં ખવડાવવાથી ગૅસ મટે છે. ગૅસને એ લોકો હિંદીમાં આમ કહે છે.

સવારે મધ સાથે, હરડે બપોરે આમળાંની ફાકી અને સાંજના બહેડાંની ફાકી એ પ્રમાણે મેં એક માણસને પ્રયોગ કરાવ્યો. અને તેના જીવનમાં દસ વર્ષનો આયુષ્યનો વધારો માલૂમ પડ્યો છે.

જૂના ગોળને કુંવારપાઠાના ગર્ભમાં ખવડાવવાથી ગુલ્મરોગ ઉપર ઘણો જ ફાયદો થાય છે.

શતાવરીને શતાવરીની જ ભાવના અને આમળાંને આમળાંના જ રસની ભાવના ધાતુપુષ્ટિ અને ઓજસ માટે ઘણી જ ઉત્તમ ગણાઈ છે.

તેઓએ કહ્યું કે આયુર્વેદનો સક્રિય પ્રચાર થવો અત્યંત જરૂરી છે. પણ તે કરવા માટેનું મોટામાં મોટું સાધન બ્રહ્મચર્ય છે.

બુદ્ધિને તો ધર્મનું એક સાધન કહ્યું છે, પણ આજકાલ વાદ અને વિતંડા વધુ છે. તર્કપ્રધાન પ્રજા થાય તે હિતકર નથી. તર્કપ્રધાન હોવાથી તેની પ્રતિષ્ઠા નથી. બાકી જો બુદ્ધિપ્રધાન હોત તો તેની પ્રતિષ્ઠા થાત.

માણસની પરીક્ષા તેના મોં ઉપરના તેજ વગેરે ઉપરથી થાય છે.

સ્વામિજીના સત્સંગમાં બેસવા જેવું છે. તેમનું મનન ઘણું જ ઊંડું છે. ત્યાંથી અમે માતાજીના મંદિરે સ્વામિજી સાથે જ મોટરમાં ગયા. ત્યાં મેં ઝાડો કરનાર વરધારો જોયો, જેનો ઉલ્લેખ પ્રથમ ભાગમાં મેં કર્યો છે. સ્વામિજીએ વિશ્વેશ્વરીના પહાડ ઉપર જે દારુહળદરના છોડ કહ્યા તે લેખન એટલે દોષને ત્રાંસા છોલનાર વનસ્પતિના છોડ અમે ત્યાં જોયા. માતાજીના મંદિરથી આગળ કોટેશ્વર પાસેના ધરામાં ભેદન કરનાર ઔષધ

Scanned with CamScanner

નસોતર ઘણા પ્રમાણમાં જોયું. ત્યાંથી અમે લક્ષ્મીપુરા આવ્યા. ત્યાં રસ્તામાં પણ શેંમળાનાં તો ઘણાં જ વૃક્ષ છે. શેંમળાનો ગુંદર હાડકાં ભાંગ્યાં હોય અગર પડી ગયા હોઈએ કે ફ્રેકચર થયું હોય તો સાંધી દેનાર છે. એટલે તેનો ખાવામાં પણ ઉપયોગ કરવો જરૂરી છે. ત્યાંથી આગળ અમે કૂકડા ઘાંટી અને



ધોળીપાદનો વેલો

ઉંટીઓ ખાડો નામના ડુંગરા પાસે આવ્યા. ત્યાં બળ દેનાર શતાવરીના વેલા જોયા. મહાલક્ષ્મી મંદિર ઉપર પણ ફળઘૃતમાં વપરાતી આ શતાવરી મેં જોઈ હતી. અહીં એક વ્હેળા પાસે ધોળીપાફ્ના ઘણા વેલા મેં જોયા.

સફેદ ધરો (દુર્વા) તો ચાલતાં ચાલતાં જ્યાં જુઓ ત્યાં જણાતી હતી. સફેદ ધરોનો રસ પીવાથી વર્ણ સુધરે છે. નસકોરી ફૂટી હોય તો આ ધરોનો રસ નાકમાં નાખવામાં આવે છે. આ બાજુ પહાડોનો દેખાવ જોવા જેવો છે. એક પહાડ તો જીબ્રાલ્ટરની ભૂશિર જેવો લાગે છે પણ ઘઉંઆવનો ઉત્તર દિશાનો છેડો ખૂબ વનસ્પતિથી છવાયેલો છે. તેના મૂળમાં ખીણ છે. ત્યાં પણ ઢગલાબંધ ઔષધો છે. અહીં કુકડાઘાટી ઘઉંઆવને મળે છે. ખૂબી એ છે કે ઘઉંઆવના બન્નેય ઢાળ ફળદ્રૂપ છે અને સપાટી તો ફળદ્રૂપ છે જ. આ દૃશ્ય જોવાથી મગજ પણ વિશાળ થાય છે. શિયાળુ પાક ચણા, ઘઉં સારા પ્રમાણમાં થાય છે. અહીંનો રસ્તો તો મેં કર્ણપ્રયાગથી કોટદ્વાર સુધી જોયો તેવો છે. રસ્તામાં મોવડીઓ મુંજાલનું ઝાડ આવ્યું. આ લોકો તેનાં પાન બાફી સહેજ તેલ નાખી તેને પગ વગેરે મચડાઈ ગયા હોય તો તેના ઉપર બાંધે છે. તેથી સોજા ઊતરી જાય છે. આંતરસુંબાથી આગળ ધોળા અને કાળા સાદડની લાઈન આવે છે. પણ આ જંગલોમાં કંઠને સારા કરનાર ઊભી ભોરીંગણીએ મારામાં પ્રસન્નતા પેદા કરી દીધી. આગળ નાની મોટી બોર આવે છે. તે હૃદયને હિતકર છે. કદંબનાં અહીં ઘણાં જ વૃક્ષ છે.

શ્રી સોમપુરા સાહેબનો સંગાથ મેળવવો તે પણ એક સદ્‌ભાગ્ય છે. પર્યટનમાં આર્ય સંસ્કૃતિને જ્ઞાનપૂર્વક જોવાની તેમની દૃષ્ટિ અનુકરણીય છે. તેમની સૌમ્યતા અને દીર્ઘદૃષ્ટિ જીવનમાં ઉતારવા જેવાં છે. મેવાડના પ્રવાસમાં તેઓ સાથે ન હોત તો હું

Scanned with CamScanner

આ બધું પર્યટન કરી શક્યો ન હોત. તે એકલા એન્જીનિયર



કદંબ

નથી. હું તો તેમને એક સાચા દ્રષ્ટા તરીકે ઓળખું છું. A perfect sincere and civiliged artist. જંગલમાં ભૂખ લગાડનાર અને તૃપ્તિઘ્ન પરવળના વેલા ઘરો ઉપર છે. સ્વામિજીએ જે વાત કરી હતી તે અર્શનો નાશ કરનાર દારૂહળદરના

છોડ અહીં છૂટાછૂટા છવાયા જોવામાં આવે છે. પણ ત્યાંથી પોળોના કિલ્લા પાસે મમરેશીના ધરા પાસે એરકંડીશન જેવી જગ્યા છે. ત્યાં કોઢનો રામબાણ ઈલાજ ખેરનાં જોતાં થાકો તેટલાં વૃક્ષ નજરે પડશે અને ખુજલીનો નાશ કરનાર કડો ખૂબ માલૂમ પડશે. કડાને તોરણની માફક શીંગો લટકતી જણાય છે. અહીં રોહીડાનું ઝાડ મેં પ્રથમ જ વાર જોયું. ત્યારે મને રગતરોહીડાનું ભાન થયું કે આ રોહીડા છે માટે આનાથી બીજાનું નામ રગતરોહીડો પાડયું હશે. અહીં પણ કાચકાંના



કાચકાં

વૃક્ષ બહુ જ સુંદર છે. કેટલીક વસ્તુઓમાં કાંટા હોવા છતાં

મનોહર લાગે છે. ચાલતાં ચાલતાં નગોડ વિષેની ચર્ચામાં સોમપુરા સાહેબને ધાતુઓ મારવામાં જ્યાં રસો જોઈએ ત્યાં આ જંગલો કામ આવે એવી વાત કરી. આ નગોડ કૃમિનો પણ નાશ કરનારી છે. આ વખતે ટ્રેઇનમાં ઈડરના સ્ટેશન પાસેના બાગમાં મેં વિષનો નાશ કરનાર ચંદનનાં વૃક્ષ જોયાં હતાં. જે વડોદરાના કમાટી બાગમાં પણ છે. તેનું અહીં એક વૃક્ષ જોયું. દૂધ પેદા કરનાર અને પથરીઓ તોડનાર દાભડાનાં વૃક્ષોનાં તો અહીં ઝુંડનાં ઝુંડ છે. કડાની એક શીંગ મેં સોમપુરા સાહેબને ફોલીને બતાવી. તે સ્ત્રીઓને માટે ધાવણનું શોધન કરવામાં વપરાય છે. પોળોથી આગળ વિજયનગર જતાં વીર્ય પેદા કરનાર જંગલી મગ અને જંગલી અડદના વેલાઓ જોયા અને ત્યાં કદંબનાં ઘણાં છૂટાં છવાયાં ઝાડ જોયાં, બગડેલા શુક્રનું શોધન કરવામાં તેનો સુંદર અમે ફાસ ખવરાવીએ છીએ.

જંગલી જાંબુડી

શિરોવિરેચન કરનાર નાકછીંકણી અને માલકાંગણીના છોડ પણ અહીં ઘણા છે. વિજયનગરની છત્રીઓ પાસે બોરો બહુ ઊગી

Scanned with CamScanner

છે જે ઉલટીને રોકનારી છે. અહીંની જંગલી જાંબુડી કોણે નહિ જોઈ હોય ?

મામરેશીના ધરાની પેલી બાજુ અગ્નિ પેદા કરનાર ચિત્રકના ઘણા છોડ છે અને પીપરના પણ કોક કોક વેલા જોવામાં આવે છે.

આ ધરાની આજુબાજુ શ્વાસને મટાડનાર ભોંયઆમલીના નાના ઘણા છોડ માલૂમ પડે છે. આ બધો હરણાવનો જ કાંઠો છે. અહીં પણ અમે ટેંટુંનાં બે સુંદર વૃક્ષો જોયાં. રસ્તામાં અણીયારનાં વૃક્ષ પણ ઘણાં જોવામાં આવે છે. હરણાવનો કિનારો વિજયનગર સુધી જ છે. વિજયનગર જોતાં મને ટેહરીનો દેખાવ યાદ આવ્યો. ત્યાં ટેકરીઓ ઉપર મકાન બંધાવેલાં છે. રાજાનો મહેલ પણ ઊંચાણુ ઉપર જ છે. અહીં અમે વિસામો લીધો. સામેના ખેતરોમાં જ થાક ઉતારનાર શેરડી જણાતી હતી અને શાહમૃગના રંગનાં તેનાં પીંછાં પણ હું જોતો હતો પણ બીજાની વસ્તુ શી રીતે લેવાય ?

આ ભાગમાં હું શેવનના ઝાડ ઉપર ફૂલ છે કે નહિ તે જોયા કરતો હતો પણ દાહનું શમન કરનાર એ શેવનનાં ફૂલ મને જણાયાં નહિ.

છગનજીએ એટલામાં બૂમ પાડી કે આ સુંદર અરણી તેનાં અસંખ્ય ફૂલ સાથે જુઓ. તે સાંભળી સોમપુરા સાહેબે અમમિત્રોને કહ્યું કે તેની સુગંધ તો રાત્રે અનુભવવા જેવી છે. ઠંડીનું શમન કરનાર આ અરણી તેનાં ફૂલ સાથે ખીલેલા જંગલના સૌંદર્યમાં ગજબ ઉમેરો કરતી હતી. એટલામાં અમે આગળ એક ખેતર જોયું. તેમાં નર્યા એરંડા હતા, તે જેનાં અંગ મરડાય છે તેમાં અમે ખૂબ વાપરીએ છીએ અને તેનાં પોલાં નાળથી ઊલટી કરાવીએ છીએ. પણ વિજયનગર અને પોળોની વચમાં શૂળનું દરદ મટાડનાર ચવક પણ મેં ઘણોજ જોયો.

વિજયનગર છોડ્યું એટલે હરણાવનો કિનારો પણ છોડ્યો, અને એનું બીલીઓનું વન પણ છોડ્યું. આ બધા ભાગમાં ગોધરા અને મલબારની જેમ સાગ ખૂબ જોયા, પણ સાગમાં કોઈ રોગ પડયો હોય તેવું જણાયું. પણ તેને બી ખૂબ પ્રમાણમાં લટકતાં હતાં અને જાળી જાળીવાળાં તેનાં પાન ધ્યાન ખેંચતાં હતાં. પોળો પાસેના ઊંચા પહાડ ઉપરનું ભાગ્યુંતૂટ્યું આશાદેવીનું મંદિર મારા મગજમાંથી હજુ નીકળ્યું નહોતું. વિજયનગરથી અમે રાણી આવ્યા. ત્યાંથી થાણા અને છાણી આવ્યા. થાણામાં થોડાં ખજુરીનાં વૃક્ષ જોયાં પણ હવે તો ખાખરા, અને સાગ વિના કંઈ માલૂમ જ પડે નહિ. પાણી થોડું ભર શિયાળામાં પણ અહીંના ડુંગરા આછા વૃક્ષયુક્ત અને ધૂળ વધતી ચાલી. મને તો એમ હતું કે હવે જંગલો ગાઢ આવશે, પણ મેવાડમાં માટી વિના કંઇ મળે જ નહિ. ઢગલા કર્યા હોય તેવા ઘણા જ ડુંગરા અને ઊંટ માલમ પડે. માટી તો કપડાં ઉપર એક એક ઈંચ જામી ગઈ હતી. વચ્ચે એક ખરેડીઆવાડ ગામ આવ્યું. પહાડોની વચમાં એક સુંદર તળાવ જોયું. તેના ઉપર રંગબેરંગી ઘણાં બકરાં ચરતાં હતાં. આ બકરાનું દૂધ શોષ-રોગનો નાશ કરનાર, ધાવણને હિતકારી, લોહીને રોકનારૂં અને રક્તપિત્તનું શમન કરનારૂં છે. તે અહીંના ગરીબ વર્ગને કોરામીન અને કસ્તૂરીની ગરજ સારતું હોય છે. અહીં ટોળામાં ઘેટાં પણ ઘણાં જ હતાં. ઘેટાંનું દૂધ કફ અને પિત્ત ઉત્પન્ન કરનારૂં છે. પણ મારા મિત્ર શ્રી. ચિત્તરંજનભાઈને શ્વાસમાં કોઈએ ઘેટીના દૂધનો પ્રયોગ બતાવ્યો અને મેં તે વિષે જોયેલું તો માલમ પડયું કે તે અહૃદ્ય એટલે હૃદયને હિતકર નથી; ત્યારથી મને ઘેટીના દૂધનું નામ સાંભળવા વિષે સૂગ ઉત્પન્ન થઈ ગઈ છે. આ બાજુ કયાંક કયાંક કૂવા અને વાવ જણાતાં હતાં. જેની પાસે મૂત્ર ઉત્પન્ન કરનાર શેરડી માલમ પડતી હતી. એક નાના ગામ પાસે જાંબૂડીનું વૃક્ષ આવ્યું ત્યારે મને થયું કે

Scanned with CamScanner



એંદરો

મેવાડ અને મારવાડ સૂકા પ્રદેશ છે. ત્યાં વાયુનો જ પ્રકોપ હોય; તેમાં વળી વાયુ વધારનાર આ જાંબૂડી કુદરતે શા સારૂ ઉગાડી હશે ? એક પહાડમાં અહીં અમે સોજા ઉતારનાર એંદરો ખૂબ જોયો.

હવે તો ડુંગરાઓ સપાટ અને એક પણ ઝાડ પાન વગરના વટાવતા ઘઉંઆવ જેવી ડુંગરીઓની હારમાળા ભેદીને અમે ખેરવાડા તરફ આવ્યા અને દાહોદથી ડુંગરપુર થઇને ખેરવાડાને મળતો રસ્તો જોયો. ખેરવાડામાં મીલીટરીનો કેમ્પ છે. અહીં વનવૃક્ષ રોપણી નર્સરી સાચવી છે તે જોઇ મને થોડુંક જંગલખાતા વિષે માન ઉપજ્યું.

પહાડા, રાણી, છાણી, થાણા બધા મને ઉજ્જડ પ્રદેશો લાગ્યા. ત્યાં આકરૂં વિરેચન કરનાર થોર જણાતો હતો, અને ફાફડા જેવી થોરણ તેનાં રક્તશુદ્ધિ કરનાર લાલ જિંડવાં સાથે ઊગેલી ઘણા ઠેકાણે દેખાતી હતી. કોમળ વિરેચન કરનાર ગરમાળો જે મેં પાનરવા જતાં ઘાટી તરફ જોયેલો તેનું આ વખતે એક પણ વૃક્ષ ન જોયું. અમે જ્યાં ઋષભદેવનું પાટીયું માર્યું હતું ત્યાંથી ઉદેપુર તરફ ભૂલથી ગયા. અને સંદેસરાના વૃક્ષ પાસે પૂછ્યું તો જણાયું કે ભાઈ ઋષભદેવ એ જ કેસરીઆજી છે. એટલે તે તરફ પાછા ફર્યા. હું મથુરાની, કોટાની, આગ્રાની, ઉજ્જૈનની એવી ઘણી ધર્મશાળામાં રહ્યો છું. પણ કેસરીઆજીની ધર્મશાળાઓ ખરેખર વ્યવસ્થિત છે. સોમપુરા સાહે-

બામાં વ્યવસ્થાશક્તિ છે તેથી સહેજ પણ દુઃખ ન પડયું. સારા માણસોની સુવાસ બધાને મળતી જ રહે છે. ગરમ પાણી મુકાવ્યું. કપડાં અને શરીર તથા નાક–મ્હોંમાં પેસી ગયેલી ધૂળ ઘડો પાણીથી કોગળા કરી કરીને કાઢી, સ્વસ્થ થઈ રાત્રે અમે ઋષભદેવનાં દર્શન કર્યાં. પછી જમવામાં કફ અને પિત્તને ઉત્પન્ન કરનારી અડદની દાળ ખાધી, જેથી વાયુનું શમન થયું. જયપુરમાં પણ હું ધર્મશાળામાં જ ઊતર્યો હતો અને ત્યાંની વીશીમાં પણ અડદની દાળ જ ખાધી હતી. પણ અજમેર અને જયપુરની રોટલી ખૂબ જાડી, અહીંની રોટલી જાડી નહોતી.

આ મંદિરમાં સ્થાપત્યકલા જોવા જેવી છે. બે એક હજાર વર્ષ પુરાણું આ મંદિર છે. આવા ભગવાનોને સંગ્રાહક અને રક્તપિત્તનું શમન કરનાર કમળ ચઢતાં મ્હેં જોયાં છે. પણ મેવાડમાં કમળ કયાંથી હોય ? ઉજ્જડ ખેતરોમાં મ્હેં કલ્પ્યું હતું કે પિત્ત અને કફ કરનાર ધમાસો જ્યાં ત્યાં ઊગ્યો હશે, પણ જવાસાનો એક પણ છોડ ન મળે. અહીં અમને સગવડ આપનાર એક બારોટ મળ્યો. તેના છોકરાનું પેટ બીમારીવાળું હતું. તેને કોક કોક વાર ચકરી પણ આવતી હતી. તેને મ્હેં ચપટી ચપટી દીપનીય, પાચનીય અને સંગ્રાહક અતિવિષની કળીનું ચૂર્ણ મધ સાથે ચાટવાનું કહ્યું, તો તેણે મને કહ્યું કે સાહેબ અહીં કયા ડુંગરમાં તે થતી હશે? મ્હેં કહ્યું ભાઈ હું ડુંગરે ડુંગરા રખડનાર છતાં હજી મેં જ તે જોઈ નથી. સાંભળ્યું છે કે કાબુલ ભણી થાય છે. સોમપુરા સાહેબ સાથે સવારમાં ફરી આ કેસરીઆજીનાં દર્શન કર્યાં. ઈંગિનપુરાનો ડેમ ચૂના અને પથ્થરનો છે. તેમાં સીમેન્ટ નથી વપરાયો તેમ અહીં પણ પથ્થર–ચૂનાનું જ કામ છે. સાંચી ઉપર જે પહાડ ઉપર લોખંડનો સ્તંભ ગોઠવ્યો છે તે અજાયબ છે કારણ કે અશોકસ્તંભની માફક તે પણ કાટથી ખવાયો નથી. તેમ અહીંનો પથ્થર પણ

તેવો ને તેવો એકપણ કાંકરી ખર્યા વગરનો છે ફત્તેહપુર સીકીના પેઈન્ટીંગમાં ઔરંગઝેબે તોડફોડ કરી બગાડ્યાં છે. તે કર્ઝને પરદેશી પેન્ટીંગથી સમરાવ્યાં છે. પણ આજે તે સાવ ઝાંખાં પડી ગયાં છે, જ્યારે ઈલોરાનાં પેઈન્ટીંગ જોઈએ તો જાણે ચિત્રકાર હમણાં જ ગુફામાંથી ચીતરી બહાર નીકળ્યો હોય તેવાં લાગે છે. તેમ સોમપુરાઓ જાણે આજે જ આ મંદિર તૈયાર કરીને બહાર નીકળ્યા હોય તેવું આ મંદિર મને લાગ્યું. કેસરીઆજીમાં ૪૮૦ રૂપીએ શેરનું કેસર ભગવાનને ખૂબ ચઢે છે. અને ત્યાં ચઢેલા કેસરની ગોળી બનાવી પ્રસાદ રૂપે અપાય છે. ઉદેપુરમાં જ્યારે ખૂબ ઠંડી અમને લાગી કારણ કે શિશિરમાં–મહા સુદ ત્રીજે અમે ઉદેપુરમાં હતા, એટલે આ ગોટીમાંથી બે વાલ જેટલું કેસર મેં અને સોમપુરાએ ખાધું તો તરત જ ગરમી આવી ગઈ.

કેસર રંગને ઉજળો કરે છે. ભૂખ લગાડે છે. અને વાયુ-નો નાશ કરે છે.

ઉદેપુરમાં ફત્તેહપુર મેમોરિયલ અને કેસરીઆજી મંદિરની ધર્મશાળાના બંનેય ઓરડા અમને સુવામાં સારા લાગ્યા. આ ઓરડાઓએ ઠંડી લાગવા ન દીધી. અમારી સેવા કરનાર ઉમીયા-શંકર પણ સજ્જન હતો. કેસરીઆજીથી નીકળતાં પહેલું ગામ પીપ્પલી આવ્યા. ત્યાંના લોકો પોતાનું મકાન ચોસલા ગોઠવી ગોઠ-વીને પણ સીમેન્ટ કોંક્રેટ જેવું બનાવતા હતા. આ ગામમાં મૂત્ર સંગ્રહ કરનાર પીપળો ઘણી છે તેથી તેનું નામ પીપળી પડ્યું છે. અહીં જે અઘેડાના છોડ જોયા. તેને આ લોકો તાવ ઉતાર-વામાં વાપરે છે. વળી અહીં ગોંદલાનાં ઝાડ પણ જોયાં. ઘા રૂઝવવામાં તેની છાલનો ઉપયોગ કરે છે. દૂર પહાડમાં અહીં આવતાં આવતાં મૂત્ર છોડનાર ધાવડીનું વૃક્ષ જોયું. તેનાં ફૂલ

આથો લાવવામાં વપરાય છે. અહીં ડંડીના ચમકારા વાગતા



ગોદલો

હતા પણ અરણિનાં વૃક્ષ હવે ક્યાં હતાં? નહિતર ઉકાળીને પીવત. અહીં વેદના દૂર કરનાર કદંબ અને કાળીઆ સરસનાં કોક કોક વૃક્ષ દેખાતાં હતાં. આતરસુંબા પાસે ભુરા પહાડ નજીક જે પ્રજનસ્થાપન કરનાર આમળાંના અસંખ્ય ઝાડ જોયાં હતાં, તેવાં જ ઉદર્દ–ઢીંમચાં મટાડનાર બાવળનાં ઝાડ અહીંના ડુંગરાઓ ઉપર માલૂમ પડતાં હતાં. અહીં અમને આશ્વાસન આપનાર કુવાનું મીઠું અને ઠંડું પાણી હતું. પીપળી પાસે થાક ઉતારનાર મહુડાની સુરા તેનો તેમના બાપદાદાઓ કેવી રીતે ઉપયોગ કરતા તેનું તેમણે વર્ણન કર્યું. આ લોક પાસે કાળી રાતી ધોળી ગાયો અને બકરાં તથા ઊંટ ઘણાં છે. ભરવાડોને ખભે નાની હાંડલી હોય છે, તેઓ ભૂખ કે તરસ લાગે ત્યારે ઊંટને તેમાં દોહી તે દૂધ જ પી લે છે. એટલે જીવન તેમને આ દૂધમાંથી મળે છે અને જે ઘઉં, જવ અને ચણા તે પકવે છે તેનાથી તેમનાં શરીર પોષાય છે. આ બધા ભાગોમાં ક્ષાર કે જે નપુંસક્તા

લાવનાર છે તે ઓછામાં ઓછો વપરાય છે. અહીંના લોકોમાં જે સ્થિરતા છે તે તેમને રોજ ૧૦–૧૫ ગાઉ ચાલવાના વ્યાયામને આભારી છે અને ઉષ્ણ પ્રદેશ હોવાથી તેમને પરસેવો ઘણો થાય છે. તેથી અહીંની સ્ત્રીઓ કોમળ છે. ચામડીની કોમળતા સાચવવા તેઓ મોંઢે લાજ અને હાથ–પગે હાથીદાંત ચાંદી વગેરેનાં આભૂષણોથી ચામડીને ઢાંકી દે છે.

દક્ષિણમાં પણ તૈલચિકિત્સાનો વધુ પ્રચાર કરવામાં આવે તો અહીં મેં જે વાયુના રોગો જોયા તે ઘણા ઓછા થઈ જાય. ગળાને બગાડનારાં કાચાં કોઠાં તો ગામે ગામ અને ડુંગરે ડુંગરે લટકતાં જણાય છે.

મને દુઃખ એ થયું કે જ્યાં વિજયનગર પાસે સેંકડો મીંઢળનાં ઝાડ છે ત્યાં કફ હરનાર મીંઢળને ઉલટી તરીકે વાપરતા નથી, અને કોટેશ્વર પાસે જ્યાં પુષ્કળ નસોતર છે ત્યાં કોઈ તેનો વિરેચનમાં ઉપયોગ કરતું નથી. પણ અહીંના લોકો વાયુ અને પિત્તનું શમન કરનાર ઘી વાપરે છે. રસ્તામાં ચાર આના આપી સોમપુરા સાહેબે એક જણના ગાડવામાંથી ઘી લઈ હોઠ ઉપર ચોપડયું પણ ખરૂં. અહીંના લોકો વાયુ અને કફ શાંત કરનાર તેલ પણ વાપરે છે. પણ એ તેલ તલનું નથી, તે સરસિયું છે. કારણ કે અહીંનો પાક, સરસવ છે અને તે પણ રાતાસરસવ. પીંપલીથી અમે પરસાદ આવ્યા. આ ગામ પાસે વિષનાશક સરસડાનું વૃક્ષ જોયું. પણ એક પીપળના ઝાડ ઉપર આઠ દશ મધપુડા ભમરીયા મધના હતા તેની પાસેજ આ વૃક્ષ હતું એટલે માખીઓ કરડે કે તરત જ આ શીરીષની છાલ ઘસીને ચોપડી દેવાથી એ માખીના વિષથી ફૂલેલું શરીર તરતજ જેવું હતું તેવું થઇ શકે છે. આ બધાં જંગલોમાં હું વાયુને હરનાર અમારૂં શ્રેષ્ઠ ઔષધ રાસ્નાને શોધતો હતો પણ તે શે મળે ? અહીં

Scanned with CamScanner

તો વાતહર ઔષધ એરંડો જ જ્યાં ત્યાં જણાતો હતો. પથ્યોમાં શ્રેષ્ઠ હરડેનું એક પણ વૃક્ષ આ ડુંગરામાં મેં ન જોયું પણ અગ્નિ પેદા કરનાર અને પાચન કરનાર નાગરમોથ મેં જ્યાં ત્યાં જોઈ. અતિસાર હરનાર વાળો અને સંશમની ગળો અહીં ઘણી જ છે. પરસાદથી અમે બારા આવ્યા. ત્યાં વિસામો લીધો. ત્યાં ઝાડાના રોગને મટાડનારી ત્રણ પાંખડાંવાળી બીલી

ગળો

ત્રણ પાંદડાંવાળી બીલી

ઊભેલી જ હતી. બારાથી અમે પડુના ગયા અને પડુનાથી તીડી ગયા. આ તીડી ગામ જિંદગી સુધી યાદ રહેશે. ત્યાં અમે ભયંકર એકસીડંટ–અકસ્માતમાંથી બચી ગયા. સોમપુરા સાહેબનું પુણ્ય હશે. નહિતર બધાય સાફ થઈ જાત. તીડીમાં એક કાળુજી ડોસો મળ્યો, તેની ઉંમર એકસોમાં બે વર્ષ ઓછી હતી. છપ્પનિયામાં તે લૂંટી લાવીને પેટ ભરતો, તેની તેણે વાત કરી.

તેના દાંત સાબૂત હતા. ચામડી ઉપર થોડા વાર્ધકયશોપનાં લક્ષણ જણાતાં હતાં. ડુંગરપુરથી ઉદેપુરની બસો અહીં અમને મળતી. અહીંથી અમે ઉદેપુરની બસમાં બેઠા. આ લોકનાં નળિયાં પણ થાપણ જેવાં માટીનાં અને ઘરની દિવાલ પણ માટીની જ. મેવાડમાં માટી બહુ છે. અને પથ્થર બહુ છે.

કેસરીઆજીની મૂર્તિ ઉપર જે જ્ઞાનના ઊંડાણનો, મોં ઉપર સ્થિર, શાંત, ધીર અને વિશાળતાનો ભાવ છે તે ભાગ્યે જ મેં બીજી મૂર્તિઓમાં જોયો હશે. અમે તીડીથી બેરીકૂવા આવ્યા. અને બેરીકૂવાથી પથ્થરીયા ડુંગરા ભેદતા ભેદતા બારાપાલ આવ્યા. આ પ્રદેશ ખરેખર સૂકો છે, હવા સૂકી છે અને ડુંગરાળ છે. મારા હાથમાં જે દિવસે આયુર્વેદની પૂરી સત્તા આવશે તે દિવસે અહીં સૂકા પ્રદેશમાં એક મોટું સેનીટોરીઅમ ખૂબ વ્યવસ્થિત કડવાં તૂરાં તીખાં દ્રવ્યોના બગીચા સાથે ઊભું કરીશ, જેથી ગુજરાતમાં ક્ષયથી રીબાતા દર્દીઓ અહીં સૂકી હવામાં ચિકિત્સા લેવા આવે.

અમે ધાર્યું હતું કે ઉદયપુર વડોદરા અને અમદાવાદની જેમ નીચાણમાં હશે પણ ખરેખર ઘણા ડુંગરાઓની વચમાં તે ઊંચાણ ઉપર છે.

બારાપાલથી કાયા થઈ અમે ઉદેપુર આવ્યા. બહુ દિવસથી અને ઉદેપુર જોવાની ઈચ્છા હતી. પણ વસ્તુ જોયા બાદ મોહ ભાગી જાય છે. ન જોઈ હોય ત્યાં સુધી હૃદયમાં વિહ્વળતા રહે છે. ફત્તેહ મેમોરીયલમાં અમે ઊતર્યા. ત્યાં ઘણી જ ઉત્તમ રજવાડી વ્યવસ્થા છે. અહીં આવતાં જ પ્રતાપ સાંભરે છે. ધર્મ માટે સારી જિંદગી એકલા હાથે ઝઝૂમનાર પ્રતાપ સાંભરતાં જ એ કાઠિયાવાડનો વીર પુરુષ પ્રભાશંકર મને સાંભર્યો. પ્રભાશંકરને હું કાઠિયાવાડનો સિંહ ગણું છું. સરસ્વતીની આંગળીઓ ઉપર તેને લક્ષ્મીને નાગી નાચવા ન દીધી, “મારો આયુર્વેદ” એ શબ્દોની

પ્રતિષ્ઠામાં તેણે સર્વસ્વ ફના કર્યું. જિંદગી પર્યંત તેની પ્રતિષ્ઠા માટે જીવવું એ કામ સહેલું નથી.

પાનરવાથી મીરાંબાઈ શામળાજી થઈ દ્વારકાં ગઈ અને કૃષ્ણને યાદ કરતી ગઈ. હજી મારા ગુરુના સ્વર્ગવાસને માંડ દોઢેક માસ થયો હશે, ત્યાં પાનરવાથી ઉદેપુર જતાં ડુંગરે ડુંગરે તેમનાં જ સ્મરણો આવતાં હતાં. શાસ્ત્રના સિદ્ધાંતોમાં તેમના જેવો અડગ વિશ્વાસ ક્યાંય નહિ મળે.

તેમના સાન્નિધ્યમાં જે નીડરતાનો વાયુ ફુંકાતો હતો તે બીજે ક્યાંય નહિ જોવામાં આવે. ગીરના સિંહ જેવી તેમની મુખ મુદ્રા, વિશાળ વડલા જેવી તેમની છાયા, ધન્વંતરિ જેવો તેમનો પોશાક અને વહાલભર્યા મીઠા શબ્દોની વાણી "એય ડાકટર સાબ!" શબ્દે શબ્દની સ્પષ્ટ વાણીનો અવાજ, ધીર અને ગંભીર ચાલ, હેઠા શ્વસયુક્ત બેઠક અને પ્રેમાળ આકર્ષણ કરતી તેમની આંખની કીકી, ઋષિ વસિષ્ઠ જેવું ભવ્ય કપાળ અને મોટા થાળમાં રીંગણનું શાક, ગરમ ગરમ ફૂલકા, કુકરમાં ચઢવેલો ભાત અને મગની દાળ સાથે જમતાં જમતાં વાત કરતો તેમનો પોઝ, આ મને ડુંગરાઓમાં નજર સમક્ષ દેખાતું જતું હતું. સંસ્મરણો તો ઘણાં હોય છે પણ કેટલાંક ચિરસ્થાયી હોય છે. અને હૃદયનો કબજો લેતાં હોય છે.

તેમના ઉપદેશના અવાજો મને અહીં અથડાતા હતા.

(૧) રાજ્ય ચલાવવામાં મનુસ્મૃતિના કાયદા પાળવા.

(૨) વૈદકમાંથી પૈસો મેળવવો.

(૩) દરદીને પુત્રવત્ ગણવો.

(૪) આયુર્વેદનિષ્ઠ થવું, આપણી પાસે બેસનાર પણ આયુર્વેદમય થઇ જાય.

(૫) રોજ સવારે હરડે લેવી.

(૬) કુકરમાં પકાવેલું જમવું.

(૭) જે શાસ્ત્ર આપણને પૈસા આપે છે તેની બે કલાકેય ભક્તિ કરવી, એટલે કે તે વાંચવું-વિચારવું.

(૮) દિલ મોટું રાખવું.

(૯) કાર્યસિદ્ધિ સાથે સંબંધ રાખવો, પૈસા સાથે નહિ.

(૧૦) ધંધામાં ધ્યાન રાખવું અને વધતા જતા ઇંદ્રની માફક ધંધો વધારતા જ જવું.

(૧૧) સ્વધર્મમાં જ મરવું

(૧૨) ખાતાં ખાતાં ન મરવું.

(૧૩) માંદગી આવે તો ઉપવાસ કરી નાખવા.

(૧૪) દૂબળા ન થવું પણ જીવનની ભવ્યતા જાળવવી અને અનુભવવી.

(૧૫) આયુર્વેદની પોથી છાતી ઉપરથી હેઠે ન ઉતારવી.

(૧૬) કોઈપણ ક્ષણે આયુર્વેદના સૂત્રમાં અશ્રદ્ધા ન લાવવી.

(૧૭) લક્ષ્મીને માન ન આપવું, તે તો આકુડી આવવાની જ છે. પણ સરસ્વતીના ઘોડેથી હેઠે ન ઊતરવું.

હજી તો મરતાં પહેલાં મહિના પહેલાં જ ગુરુભાઈ શ્રી. સોમાભાઈ સાથે તેમને મને સંદેશો કહેવડાવ્યો છે કે રસિકાને કહેજો કે પૈસાવાળાની બાયડી થઈને તેની દવા કરવાની નથી.

ભગવાન જેવાને પણ માગણવૃત્તિથી બલિ રાજા પાસે વામન બનવું પડ્યું. એટલે આપણે માગવાનું નહિ, આપવાનું છે. બુદ્ધિ તો આપણી બીજા લે કે આપણે બીજાની લેવાની હોય?

પ્રતાપના આ સ્થાનમાં મને પ્રતાપ જેવા જ શૂરવીર પ્રભાશંકરભાઈ લાગ્યા. તેમનું એક જ કાર્ય હતું કે એ મારા ઋષિ મુનિઓએ અથાગ તપ કરી લાવેલો ઘરેઘર ઘુસાડેલો

આયુર્વેદ ફરી પાછો કેવી રીતે ઘરેઘર સ્થાપવો. હું તેનું ચિંતન કરતો ડુંગરાઓ ઓળંગતો હતો. ઉદેપુરમાં પીચોલા સરોવર છે તે લાખાએ બનાવ્યું છે. ગુજરાત, મારવાડ, મેવાડમાં લાખાનો હિસ્સો ઘણો. મારવાડ કરતાં મેવાડ સૂકો પ્રદેશ છે અને તંદુરસ્તી બક્ષનાર છે. વીરરસની ગાથાઓ જેટલી મેવાડની મળશે તેટલી મારવાડની નહિ મળે. મેવાડનો ઈતિહાસ ઉજ્જવળ અને ભવ્ય છે. લક્ષ્મીવિલાસ પેલેસમાં હલદીઘાટનું ચિત્ર હૃદયદ્રાવક છે. તે વીરરસની ભક્તિ ઉત્પન્ન કરે છે. સલીમ લશ્કર લઈને આવ્યો ત્યારે પ્રતાપે સીધો ભાલો ઉગામ્યો- પણ તેનો ઘોડો પડ્યો. એ ચેતક પાસે બેઠેલા પ્રતાપનો ફોટો, અને ચેતકની લાગણી માટે તેના પ્રત્યે ભક્તિભાવ વ્યક્ત કરતો પ્રતાપનો ફોટો આપણામાં અનોખી પ્રેરણા ઉત્પન્ન કરે છે. છેવટે પ્રતાપનો ભાઈ જે અકબરના સૈન્યમાં ભળી ગયો હતો તે પ્રતાપને ઘોડો આપે છે અને તે પોતાની જીભ કાપી નાખે છે, જેથી અકબર પાસે તેને ખોટું બોલવાનો પ્રસંગ જ ન આવે. ત્યાં લખ્યું છે કે જે "ધર્મને દઢપણે વળગી રહે છે તેનું કિરતાર રક્ષણ કરે છે." અહીંના પીચોલા સરોવરમાં અમે બૈરાં-છોકરીઓને મેલ ઉખાડતી જોયાં. કારણ કે અહીં પસીનો વધુ થાય છે. કોમળતાનું કારણ એ પણ એક છે. સાહેલીઓની વાડીમાં અમે પારસપીપળાનું સુંદર ઝાડ જોયું. પારસપીપળો પણ ક્ષીરવૃક્ષ છે. ત્યાં ફુવારાની રચના બહુ જ સુંદર છે અને કામોત્તેજક રંગબેરંગી ફૂલો પણ પ્રસન્નતા પેદા કરે છે. કામશાસ્ત્ર પણ મોક્ષ અપાવે છે. ફત્તેહસાગરના જેવી સુંદરતા બીજે ભાગ્યે જ જોવાની મળશે. અહીંનો જળમહેલ આબેહુબ જાણે સ્વર્ગ ઉતાર્યું હોય તેવો છે. પણ મારો ગુરુ કહેતો હતો કે ભાઈ દુનિયામાં મહેલો છે, બાગ બગીચા છે, ફુવારા છે, હીંડોળા છે, જનાના છે, ગુલાબો છે, મહેલો છે, અરીસા છે, સોનાની અંબાડીવાળા હાથી છે, મોટરો છે, અત્તરો છે. કમળવાળાં સરોવરો છે, બધું જ છે, પણ આત્મ-

Scanned with CamScanner

જ્ઞાન અને આયુર્વેદ વિના દુનિયાની કોઈ વસ્તુ ભોગવી નહિ શકાય. જો તમારે દુનિયામાંથી રસ લેવો હોય તો આ બે વાત જાળવો. હાથમાં આમળું દેખાય તેમ તમને જ્ઞાન થઈ જ જવું જોઈએ, કે હું આત્મા છું અને બીજો આયુર્વેદ. તેમના આ શબ્દો મને ઉદેપુરનો જળમહેલ દેખાતો હતો, ત્યારે ખાસ અથડાતા હતા.

લક્ષ્મીવિલાસ મહેલ ઉપર મેં ગોરખ આંબલી–રૂખડાનું ઝાડ જે શીહોરમાં જોયું હતું તેના કરતાં સહેજ ફેરફારવાળું જોયું. તેનાં પાન તો લૂખાં જ, પણ ઝાડ ત્યાંના જેવું ચીમની જેવું નહિ, પણ ગુલમહોરના જેવું અને ચાર ચાર ફૂટની દોરી સાથે જાણે બાંધ્યાં હોય તેવાં રતલ–બે રતલનાં ચીભડાં જેવાં લટકતાં ફળ જણાયાં. અહીંના લોકો તેને ગોરખ આંબલી કહે છે. ઉદેપુરની રજવાડી મહેલાતો, સરોવરો, પહાડો વગેરે જોવા જેવાં છે. તેનો જૂનો મહેલ અને જલમહેલ ખાસ જોવા જેવાં છે. આવું મનોહર સરોવર બીજે નહિ દેખાય.

મેવાડની સૂકી હવા, પછડાતાં ડુંગરાળ હલકાં પાણી, અડદ, ઘઉંનો ખોરાક, અને વનસ્પતિ, ચરતાં ગાય, બકરાનાં દૂધ અને સુંદર આકર્ષક સ્ત્રીનો સહવાસ વીરરસ ઉત્પન્ન કરનારાં છે. જીવન જીવવાનું મન અને ઉત્સાહ થાય એવી એ ભૂમિ છે. આટલાં આટલાં ગામડાં હું ફર્યો પણ એક પણ માણસ નાનભટ્ટ બાપાની માફક ખલતો લઈને ફરીને આયુર્વેદનો પ્રચાર કરતો ન જણાયો, પણ જ્યાં જુઓ તો મકાન બાંધકામખાતુ ચાલુ હોય છે. જે દિવસે વૈદ્યો અહીં ફરતા થશે અને નાનભટ્ટની માફક વનસ્પતિઓનો ઉપયોગ કરતા થશે તે દિવસે આયુર્વેદનો ઉદ્ધાર હશે અને માણસને સ્વાસ્થ્ય પાછું મળશે. દરેક વાતમાં પહેલો વિચારપ્રવાહ ચાલુ કરવો પડે છે. પછી આચાર આવે છે. અને આચાર એ ધર્મ ગણાય છે. આ બાજુ પણ બંગાળની

Scanned with CamScanner

માફક શક્તિપૂજા તો ઘણી છે. પણ શાંકર મત તો બધે જ ફેલાયેલો માલૂમ પડે છે. મોટાં મોટાં મંદિરોમાં જે સ્ત્રીઓના ભરાવદાર સ્તન અને શૃંગારના ફોટાઓ મેં જોયા તે સૃષ્ટિક્રમ ચાલુ રાખવાના વિચારનો પ્રચાર છે. બાકી તેમાં બીજું કંઈ રહસ્ય ન જણાયું. કાંકરોલી પાસે રાજનગરથી પથ્થર ઘણા નીકળે છે. અહીં આરસ, કાળા અને સફેદ પત્થરો ઘણા છે. આ બાજુના પહાડોમાં ધાતુ–ઉપધાતુઓ ઘણી છે અને એક ઝેવર માઈન્સ પણ મેં જોઈ, જેમાંથી સીસું અને જસત નીકળે છે. પૃથ્વીમાં ઘણું ભર્યું છે પણ શરીર, ઇંદ્રિય, મન અને આત્માના સંયોગવાળાને તે પ્રાપ્ત થાય છે.

કૂવાઓ પાસે ખેતરમાં જે બપૈયું અને ટોમેટી અમે જોયાં તે પરદેશી કરતાં જુદાં જ પડી જાય છે. ઘણીવાર કહ્યું છે કે આપણને તો માણસને ઉપયોગી કેટલી વનસ્પતિ છે તેના જ્ઞાનની જરૂર છે. અહીંના પહાડે પહાડમાંથી એક જ પડઘો મને સંભળાતો હતો કે વનસ્પતિ ચેતન વસ્તુ છે અને ચેતનમાંથી ચેતન મળે છે. જડમાંથી ચેતન મળતું નથી, માટે ચેતનનો ઉપયોગ કરો. ચેતનના પ્રસંગમાં આવો. વિજયનગરથી છેક કેસરિયાજી સુધી પક્ષીઓ પણ ઓછાં–નહિ જેવાં જ જણાયાં. પણ ગુલાબબાગમાં પાંજરામાં પુરેલા સિંહ, વાઘ, પક્ષીઓ જોયાં. સિંહ માનવતાવાળું પ્રાણી છે. જ્યારે વાઘ અને ચિત્તો વિકરાળ પ્રાણી છે. પ્રાચીન બધું જ સારૂં છે. સારૂં શાથી છે તે જણાવવાની હવે મને વધુ જરૂર લાગે છે.

તીડી પાસે રતાંગડી અને વેગન વેલ એ બે વસ્તુઓ ડુંગરાઓમાંથી મળી આવી, રતાંગડીનું મૂળ તે લોકો રતવામાં વાપરે છે અને વેગનવેલને કૂટી ભૂકો બનાવી મસામાં વાપરે છે. ગોરખ આંબલીનું ફળ બહુ લાંબું આવે છે. તીડીથી આગળ

Scanned with CamScanner

વેગન વેલ

એક ડુંગરામાં જસવાપાડના છોડ મળી આવ્યા. બરડા વગેરેમાં જે પાકાં નીકળે છે ત્યાં તેનાં પાન લસોટી આ લોક લુગદી બાંધી દે છે. ને તે એક જ દિવસમાં તે પાકાને પકવીને તોડી-ફાડી દે છે. ઉદેપુરના લક્ષ્મીવિલાસ પેલેસની ડીલક્સ હોટલ બનાવી દીધી છે. અહીં બેઠા બેઠા મેં એ જ વિચાર કર્યો કે મારા ગુરુએ મને ધંધો કેમ કરવો તે શીખવાડયું, આદર્શ વૈદ્ય કેમ બનવું તે શીખવાડયું, દરદી સાથે કેમ વર્તવું તે શીખવાડયું, વહેવારમાં વૈદ્યે પૈસા સંઘરવા નહિ. અને વાપરી જ નાખવા તે પણ શીખવાડયું. વળી આલોકના અને પરલોકના સુખની વિદ્યાની રોજ ઉપાસના કરવી, સુખદુઃખમાં મન સમાન રાખવું અને સંકટ આવી પડે ત્યારે શાસ્ત્ર તે બાબતમાં શું કહે છે તે પ્રમાણે જ ચાલવું, પણ બીજાની બુદ્ધિથી નહિ ચાલતાં શાસ્ત્રની બુદ્ધિથી વ્યાવહારિક ઉકેલ કાઢવો. અને આ જ રીતે પોતાનું જીવન પૂરું કરનાર સમર્થ ગુરુ જિંદગીમાં શે ભૂલાશે ? વાંસના જંગલોમાં આ વિચારો સાથે જંગલ કાપે જ જતો હતો.



શિશિર ઋતુમાં મહા મહિનો ઉદેપુર કાઢવો એટલે ઠંડીનો પાકો અનુભવ

કરવા જેવો લાગ્યો. પણ હિમાલય વગેરેથી હું ટેવાયેલો હોવાથી મને તે બહુ કઠણ લાગ્યો નહિ. નદીઓ બધી રેલા જેવી લાગી, પણ સરોવર જોતાં ઉદેપુરમાં એમ લાગે કે આટલો બધો પાણી-વાળો પ્રદેશ બીજે ભાગ્યે જ હશે. શહેર રમણીય છે. તેમાં કળા છે, ઉત્સાહ છે, કુદરત છે, દરિયો પહાડ, જંગલો, સરોવર આ સર્વ હૃદયને અને મગજને વિશાળ બનાવે છે. અને એ દશ્યો જોતાં દુઃખો ભૂલી જવાય છે. મને તરત જ થયું કે હલદીઘાટમાં અહીં હજારો માણસ કપાઈ મર્યું, સ્ત્રીઓ સતીઓ થઈ, પણ જે ૧૫–૨૦ વર્ષ પ્રતાપે જંગલમાં કાઢયાં તેઆ પહાડો અને વન-સ્પતિઓએ તેનું દુઃખ ઓછું કરી દીધું. એને લીધે પ્રતાપને થયે લગભગ ૧૦ પેઢી થઈ ગઈ. હું ઊતર્યો હતો પણ પ્રતાપ માર્ગ ઉપરજ. ફત્તેહ મેમોરિયલમાં. કુદરતની વ્યવસ્થા યાદ આવે છે કે તેણે વનસ્પતિઓને ડુંગરાઓ ઉપર જાળવી રાખી છે, કારણ કે જો તે નીચે હોત તો માણસ તેનાં ખેતરાંજ બનાવી દેત. નદીઓનાં મૂળ પણ પહાડમાં રાખ્યાં છે. નહિંતર અહીં પણ ગટરો નાંખત.

જળમહેલમાં ઢેબર તળાવ, જે અહીંથી થોડુંક જ દૂર છે તેનો દેખાવ બહુ જ સુંદર છે. લોકવાયકા એવી છે કે જો આ તળાવ તૂટે તો અમદાવાદ અને ગુજરાતના ઘણાં ગામડાં તણાઈ જાય. આ રાજાઓ પણ બધા શંકરના ઉપાસક છે. તેમના મહેલોમાં શંકરના ફોટાઓ છે. તે એમ બતાવે છે કે તેઓ વૈભવ પાછળ મોહ રાખનારા નથી. કાળદુકાળે લોકોને મજૂરી આપવા પણ તેઓએ આવી કેટલીયે કિંમતી વસ્તુઓ પ્રજાની કળા જળવાઈ રહે અને દુકાળમાં કારીગર વર્ગ જીવતો રહે તે હિસાબે કરી છે.

દારૂડી તો જ્યાં ત્યાં માલમ પડે છે. આ વનસ્પતિ રેચક

ઠંડી, કડવી અને સારક છે. મૂળ વધુ પ્રમાણમાં વપરાય છે. અહીંના ડુંગરામાંથી છગને અમને 'અળવું' નામની વનસ્પતિ

દારૂડી

કાચકાં

બતાવી. છોકરાઓને કાચકાં ફોડીને તેનાં બીજ ઘસારામાં તો હું ઘણાં જ વાપરું છું પણ કાકચનાં ફળ અહીં જ જોયાં અને



પારસ પીપળો

ઘણા પ્રમાણમાં કાચકાં વાયુના રોગમાં ઘણાં જ વપરાય છે. આ બાજુનો ઘણો પ્રદેશ જંગલ પ્રદેશ છે. અહીં પારસ પીપળનાં વૃક્ષો પણ ઘણાં છે. અને જંગલ પ્રદેશમાં વાતનાશક શ્રેષ્ઠ ઔષધ દશમૂળ જ છે. તેમાંય ટેંટુનાં વૃક્ષ તો પ્રથમ જ જોયાં પણ તેની તરવાર જેવી શીંગો અને એરપ્રોની માફક સીલ કરેલાં બી તો કદી ભૂલાશે જ નહિ.

વીઅરથી વિજયનગર જતાં રગત રોહીડાનાં વૃક્ષો હજી મારા મગજમાંથી જતાં નહોતાં. બરોળ વધેલી હોય ત્યારે રગત રોહીડો અને હરડેનો કલ્ક અમે ગોમૂત્રમાં પાઈએ છીએ. રોહીત અરિષ્ટ સંગ્રહણી અને સોજામાં અમે પાઈએ છીએ. રોહીડાની છાલ ૪૦૦ તોલા લેવી. તેમાં ૪૦૯૬ તોલા પાણી નાખવું. ઉકાળતાં ચોથા ભાગનું બાકી રાખવું. પછી તેમાં ૮૦૦ તોલા ગોળ અને આથો લાવવા. ૬૪ તોલા ધાવડીનાં ફૂલ નાંખવાં. તેમાં ૨૦ તોલા લીંડીપીપર, ચવક, પીપળીમૂળ, ચિત્રો અને સૂંઠના નાખવા. તજ, તમાલપત્ર અને એલચી ૧૨ તોલા નાખવાં અને ત્રિફળા ૧૨ તોલા નાખવા. આ બધુ સારા માટલામાં નાખી તેના મોઢાને બંધ કરી જમીનમાં રાખી મૂકવું. એક માસ સુધી રાખવું. પછી આ અરિષ્ટ ૧–૧ ઔંસ (અધોળ) જમ્યા પછી સવાર સાંજ પીવો. રુચિ ઉત્પન્ન કરે છે. પેટના રોગો પાંડુ અને હૃદયરોગ પણ મટાડે છે.

સોનાપાઠાની શીંગ

ઉદેપુર અને તેનાં એકલીંગજી, શ્રીનાથજી, ચારભુજા કાંકરોલી એ સ્થળોએ જૂના મહેલ–મંદિરોમાં સ્થાપત્યકળા ખાસ

જોવા જેવી છે. આ બધું જોતાં જગત મિથ્યા નથી પણ અજ્ઞાન-મિથ્યા છે તેમ જણાશે. જો આ લોકોએ જગતને મિથ્યા ગણ્યું હોત તો આ સ્થાપત્યો મોજૂદ ન હોત. દુનિયાની વસ્તુઓ



રગત રોહીડો (કાળી કાંકર)

ભોગવવી પણ પોતાના શ્રમથી અને આ બધું ભગવાનનું છે એ ભાવથી તો આત્મૌપમ્ય દૃષ્ટિ અને આત્મનિષ્ઠા રહે છે. મેવાડ મારા હૃદયમાં હંમેશને માટે કોતરાયેલો રહેશે. અહીંના રાજમહેલના ફોટામાં રાણાઓનાં કદ, ભાલા, બાંધો, મૂછો દાઢી વગેરે જોતાં અત્યારના માણસો દરેક રીતે બહુ જ ઊતરતા અને નબળાં જણાતા લાગે છે. ત્યારે મને થયું કે, જ્યાં સુધી માણસો પાછા ડુંગરામાં ફરતા નહિ થાય અને છોકરીઓને બદલે વાઘ–સિંહ જોતા નહિ થાય, મોટરને બદલે ઘોડાં દોડાવતા નહિ થાય અને આ સરોવરમાં તરતા નહિ થાય અને ચહાને બદલે છાસ અને ધારોષ્ણ દૂધો પીતા નહિ થાય અને દારૂ ને સોડા તથા કૃત્રિમ પીણાંને બદલે તેલ, ઘી, મધ ખાતા નહિ થાય ત્યાં સુધી એ

હિંમત. એ બહાદુરી, એ કદ એ બાંધા એ ખોપરી તેમની ન થઈ શકે. પ્રાણી માત્રનું મૂળ–તેની વૃદ્ધિ, ઓજસ, બળ, વર્ણ, પ્રતિભા એ સર્વનું મૂળ આહાર અને વિહાર છે તે મેં આ ફોટાઓમાંથી અને તેમના ઈતિહાસમાંથી તારવ્યું છે. પુષ્કર પાસે નાગપહાડમાં મેં જે શિલાજિત જોયું તેવું આ પહાડોમાં ન જણાયું. પણ મધની આઠેય જાતો આ જંગલોમાં પુષ્કળ પ્રમાણમાં જોઈ. અહીંનો ચેતક ઘોડો દુનિયાને ઉપદેશ આપી ગયો કે અમે પશુ છીએ છતાં અમારામાં માણસ કરતાં ય વધુ વફાદારી છે. અહીંનો પ્રતાપ ઉપદેશ આપતો ગયો કે સ્વમાન જાળવવામાં ડુંગરાઓ ભટકવા પડે તો ભટકજો અને સર્વસ્વ ફના કરવું પડે તો કરજો, પણ સ્વમાન હણાવા ન દેતા. અહીંની સ્ત્રીઓ દુનિયાને કહેતી ગઈ કે યવનોના હાથમાં જવા કરતાં જીવતી બળી મરજો. આવો મેવાડ શે ભુલાય? ગમે તેટલી સલ્તનતો આવશે અને જશે પણ પ્રતાપ નહિ ભુલાય, હરગીઝ નહિ ભૂલાય. અહીં બત્રીસ પગથિયાં ચઢી જગદીશનું મંદિર જોયું. તે શહેરમાં જ છે. પણ તેનીય સ્થાપત્યકલા જોવા જેવી છે.

અહીંનાં બાળક, સ્ત્રી, પુરુષ તમામ બેજ રંગ પસંદ કરે છે–એક પીળો અને બીજો કેસરી; તે જ તેઓનો વીરરસ બતાવે છે. આ પીળો રંગ અહીં 'પીળીઆ' નામની વનસ્પતિ થાય છે જેનાં ફુલ પણ પીળાં થાય છે તેમાંથી બનાવે છે. પાકો રંગ બને છે અને તેના છોડ મેં જગમંદિર ઘણા પ્રમાણમાં જોયા.

આ પ્રદેશમાં ઊંટો ઘણાજ જોવામાં આવે છે. તેના ઉપર આયાત–નિકાસ થાય છે. અને ભરવાડ વગેરે તેનું દૂધ ખૂબ પીએ છે. ઉજ્જન તરફનો ભાગ એ માળવાનો ભાગ છે. આબુથી આગળ મારવાડ છે જ્યારે આ તો મેવાડ છે. તે ત્રણેયની અલગતાનું દર્શન મને આ પર્યટનમાં થયું. અમદાવાદની માફક આ કોટને પણ હવે ગાબડાં પડવા માંડયાં છે. કોટના પુરાણા બાર

પીળીઓ (જગમંદિર)

દરવાજા છે અને ૬૮ કોઠીઓ છે. કોટ તો શહેરનું રક્ષણ છે. રજપુતની વસ્તી ઘણી છે. સ્ત્રી અને પુરુષોના બાંધા ઘણાં જ મજબુત છે. તેમની આંખમાં સ્નેહ છે. અને મોં ઉપર કાંતિ છે.

તારીખ ચોથી ફેબ્રુઆરીએ હું તથા શ્રી સોમપુરા જીપકારમાં લોહરા થઈ મોટાગામ તરફ જવાને ઊપડ્યા. ઉદેપુર ઓળંગતાં લીલુંછમ લાગે છે. લોહરા વટાવ્યું એટલે મહુડાંના ઝાડ નીચે જીપ અટકી. ભગવાને કસોટી કરી. ચાર કલાક ધક્કા માર્યા બાદ રસ્તામાં ખટારો દોડાવતા ચાર પાંચ ડ્રાઈવરો મળ્યા. છેવટે થોડી આગળ ચાલીને પાછી અટકી પણ જે સંયમ, ધીરજ અને ઠંડા કલેજે વિચારવાની શક્તિ શ્રી સોમપુરામાં છે તે ભાગ્યે જ કોઈકમાં હશે. એવા ઘોર જંગલમાં કોઈ મળે નહિ. તેમણે માર્ગ સાંજના ગોતી કાઢયો અને પાછા અમે ફત્તેહ મેમોરિયલ આવ્યા. આ જંગલમાં ત્રણ ધારવાળા જાડા મોટા ઘોર લોક ભારો

બાંધીને ઉંટને ખવડાવવા લઈ જતા હતા. ત્યારે મને થયું કે થોરનું દૂધ રેચક છે. અને ઉંટડીનું દૂધ પણ રેચક છે તેથી તે પેટના રોગ મટાડનારૂં છે. બકરી છ ગે રસવાળી વનસ્પતિ ખાનારી છે. તેથી તે શોષરોગને મટાડનારી છે. આવું ચેતનનું મહત્ત્વ સમજનાર ચરક લોઢું, ત્રાંબું, રૂપું, પારો, ગંધક શેનો વાપરે ?

અમારી પાસે આજે એક પણ પૈસો હતો નહિ. તે સ્થિતિમાં જંગલથી પાછું પારકા શહેર, ઉદેપુરમાં આવી સ્થિરતાપૂર્વક આફતના દિવસો કાઢવા એ સોમપુરા સાહેબની બુદ્ધિ, ધીરજ, શાંતિ, સ્થિરતા અને મોટા પેટને આભારી છે. વાગ્ભટનું એ વાક્ય ‘ संपदि विपदि तु एकमनाः ’ સંપત્તિ અને વિપત્તિ બંનેમાં એકસરખું મન રાખવું એ સૂત્રનું તેમના જીવનમાં મને આજે ખરેખર દર્શન થયું.

મોટાગામ જતાં નરી અરડૂસીનું જંગલ અમે જોયું, જે મેં ઋષિકેશ પાસે શાંતિકુટીર તરફ ગંગા કિનારે જોયું હતું. માન નાનાં અને છોડ પણ ઠીંગણા, અરડૂસીને ભિષગ્માતા કહેવામાં આવી છે. હું વૈદ રહ્યો એટલે માતાનાં દર્શન સાથે જ મારૂં નમન થયું. સિંહના મુખ જેવાં ખૂબ ફૂલો ખીલેલાં હતાં. સોમપુરા સાહેબે કહ્યું કે ભગવાનને સંભારીએ ત્યારે ભગવાન મદદ નથી કરતો, પણ તેના ઉપર ચીડાયા બાદ મદદ કરે છે એવા પ્રસંગો અનુભવાય છે. વૈદરાજ રોજ ચંદ્ર ડાબો છે કે જમણો એ બધું જોતા ત્યારે મને એમ થતું કે આ શું ? પણ જંગલમા રખડી પાછું ઉદેપુર આવવું પડયું ત્યારે ઉમિયાશંકરે કહ્યું કે પંચક હતું અને નીકળ્યા. ત્યારે મને થયું કે જ્યોતિષ તેમની પાસેથી જાણી લીધું હોત તો સારૂં. પીચોલા સરોવરમાં હોડી ચલાવનારે કહેલું કે આ સરોવરનું પાણી જે પીએ તેને ઉદેપુર પાછું આવવું પડે તે અમારી બાબતમાં સાચું નીકળ્યું.

સોમપુરા સાહેબે અમને ઉદેપુર ફરીને બતાવ્યું. આ શહેર પ્રતાપે વસાવેલું. પ્રતાપ દુનિયાને કહેતો ગયો કે:—

Freedom is in peril, defend it with all your might. સ્વતંત્રતામાં જીવવા માટે સર્વસ્વ ફના કરવું પડે છે. ઉદેપુરથી પાછા ફરતાં રસ્તામાં આવતા ખેતરાના ઘઉં, ચણા, ડાંગર અને કાંઠે ઊભેલી કાંટાળી તાંદળજાની ભાજી અને ચીલની ભાજી એમ મને કહેતી હતી કે માનવજાત તારો ઉપયોગ કરીને

ચીલની ભાજી

જીવે છે છતાં લોઢા-ત્રાંબાનો ગુણ ગાય છે? તેમનું સારું શી રીતે થશે? અરે, મારો આ રીતે દ્રોહ કરશે તે ત્રણેય કાળમાં જીવી શકશે નહિ. વનસ્પતિઓ મને કહેતી કે સૂર્યની શક્તિ મારામાં ખેંચી અને જમીનમાંથી ખનીજ અને પાણી ચૂસી મારી લેબોરેટરીમાં મેં માણસ માટે ખોરાક તૈયાર બનાવ્યો છે. તે મૂકી આ લોક લોઢા-ત્રાંબા પાછળ કાં પડયા? આથી વનસ્પતિઓ બધી જાણે આંસુ સારતી હતી, સુકાતી હતી અને ચોધાર રુદન

કરતી હતી. પાછા આવતાં છગન પાસેથી સાદડાની થોડી છાલ લીધી. તેને ઉકાળી તો લોહીના રંગ જેવો ઉકાળો પીધો. તો તરત જ તાઝગી મળી ગઈ. વિજયનગરથી આવતાં રસ્તામાં ઝરક મળ્યું, તેને રૂંવાંટી હતી. ઝરકનું તેલ અમે સંધિવામાં ખૂબ વાપરીએ છીએ. સસલાં તો ઘણાં જ દેખાયાં. ફરીથી મોટો અજગર પણ જોયો. રાત્રે ડુંગરાથી પસાર થવું એ અનુભવ કરવા જેવો છે. ડુંગરા તો પરમાત્માની વિભૂતિ છે. રાત્રે ઝરણાના અવાજ અને પશુ-પ્રાણીની બીકવાળું મન, રામને યાદ કરતું કરતું ચાલે છે. ખરા રામ સંકટમાં જ સાંભરે છે.

આજે અમે ફરીથી જગમંદિરમાં ગયા. ત્યાં નારંગીનાં સુંદર લીંબુ જેવાં વૃક્ષ જોયાં, ખૂબ મનોહર લાગે છે. તેની છાલનો રંગ કરીને તો ભગવાને હાથ જ ધોઈ નાખ્યા છે. નારંગીની

जे. जे.
सुरत, गुजरात

નારંગી (જગમંદિરમાં)

પાંચ-છ જાત થાય છે, તેમાંની ત્રણ અહીં આપી છે. મોઝાં-

બીક બેટમાંથી જે નારંગી આવે છે તે સ્વાદિષ્ટ અને પૌષ્ટિક

નારંગી ફળ

નારંગી પાન

હોય છે. ખાનદેશ, ધૂળીઆ અને પૂનાના સ્થળોએ જે નારંગી થાય છે. તે તેવી હોતી નથી. ઝાડનાં ફૂલની વાસ પણ મધુર આવે છે.

મને થયું કે પરમાત્માએ માણસની મોટામાં મોટી કૃતિ બનાવી છે. અને તે પરમાત્માને સમર્પિત થઈ જે શ્વાસે શ્વાસે ક્રિયા કરે છે તે ખરો જીવે છે. પણ મને તો એમજ લાગે છે કે આ વનસ્પતિઓના ગુણદોષ જાણવામાં જ જીવવું અને મરવું તે ઉત્તમ છે. પ્રાણ આપનાર અને આ સૃષ્ટિમાં દોડધામ કરવાની શકિત બક્ષનાર તુષ્ટિ, પુષ્ટિ, બળ, મેધા, અરે આપણામાં જે કંઈ છે સર્વ આપનાર વનસ્પતિઓની મેં અહીંથી છેલ્લી વિદાય લીધી. હવે તેમને ક્યારે મળાશે તે ભગવાન જાણે !

સાબરકાંઠાની વનસ્પતિ વિષે મારે શું કહેવું છે ?

વનસ્પતિનો મહિમા અનાદિ કાળથી છે જ પરંતુ જ્યારથી રોગ મટાડવામાં ધાતુઓ આસવો અને સીન્થેટીક દ્રવ્યો-ક્ષારો

Scanned with CamScanner

—પ્રાણીજ દ્રવ્યો ઉપયોગમાં આવ્યાં ત્યારથી ઉકાળાઓનું, ગોળીઓનું, ચૂર્ણોનું અને સ્વરસોનું માહાત્મ્ય જ ઓછું થઈ ગયું છે.

મને વનસ્પતિનું જ્ઞાન મેળવવાની ઘણી જ ભૂખ હતી. ગુજરાતી વૈદ્યોએ જે આયુર્વેદ અને પાશ્ચાત્ય વૈદકનો ખીચડો કર્યો છે તે મને સમજાતું નથી.

મારા ગુરુએ મને કહ્યું કે ભાઈ! આ કુકરબીટેસી, એન્થ્રીએસી અને પોલીએસીનાં જે રૂપો છે તે આપણને કે સમાજને કશાય ખપનાં નથી.

ત્યારે તેમણે મને આપણે ત્યાં ઋષિઓએ જે મૂળ વર્ગો પાડ્યા છે તે તરફ વાંચવા વિચારવાનું કહ્યું. મેં જોયું કે ચરકે તો ત્રણ જ ભેદ પાડ્યા છે. કેટલીક વનસ્પતિ સ્વસ્થ્યપ્રદ, કેટલીક ધાતુને બગાડનારી અને કેટલીક દોષનું શમન કરનારી, પણ તેથી જરા ઊંડો વિચાર કર્યો તો વાગ્ભટે સૂત્રસ્થાનના દસમા અધ્યાયમાં જ છ વર્ગ પાડ્યા છે.

પહેલો વર્ગ :—ગળ્યો વર્ગ.

ઘી, સોનું, ગોળ, અખોડ, કેળાં, કોપરું, ફાલસા, શતાવરી, કાકોલી, ફણસ, રાયણ, બલા, અતિબલા, નાગબલા, મેદા, મહામેદા, શાલિપર્ણી, પ્રશ્નિપર્ણી, મુદ્રપર્ણી, માષપર્ણી, દોડી, જીવક, ઋષભક, મહુડાં, જેઠીમધ, ધીલોડાં, વિદારીકંદ, શ્રાવણી, મહાશ્રાવણી, ક્ષીરકાકોલી, વંશલોચન, ક્ષીરિણી, મહાક્ષીરિણી, શીવણ, મહાસહા અને ક્ષુદ્રસહા, દૂધ, શેરડી, ગોખરૂ, મધ, કાળી દ્રાક્ષ.

ખાટો વર્ગ :—

આમળાં, આમલી, બિજોરુ, અમ્લવેતસ, દાડમ, રૂપું, છાશ, સરકો, પારેવત, દહીં, કેરી, આમ્રાતક, ઓટફળ, કોઠું, કરમદાં.

ખારો વર્ગઃ—

સિંધવ, સંચળ, કાળું લવણ, બીડલવણ, સમુદ્રના પાણીમાંથી થતું મીઠું, ઔદ્‌ભિદ લવણ, રોમક લવણ, પાંસુજ, સીસું, સાજીખાર, નવસાર, ખડીઓ, ખાર વગેરે ખાર.

કડવો વર્ગઃ—

પટોળ, ત્રાયમાણ, સુગંધીવાળો, વીરણવાળો, સુખડ, કરીઆતું, કડું, તગર, અગદ, ઇંદ્રજવ, કરંજ, હળદર, દારૂહળદર, મોથ, મોરવેલ, અરડુસી, પહાડમૂળ, અંઘેડાં, કાંસુ, લોઢું, ગળો, ધમાસો, મોટાં પંચમૂળ, ઊભી તથા બેઠી ભોરીંગણી, ઇંદ્રિવારુણી, અતિવિખની કળી અને વજ. પંચમૂળ કડવા વર્ગમાં મૂકયા તેમાં બીલી પણ કડવા ગુણમાં આવી તે ખાસ યાદ રાખવા જેવું છે.



પાંચ પાનવાળી બીલી (ગોળીનું જંગલ)

તીખો વર્ગઃ—

હિંગ, મરી, વાવડિંગ, પંચકોલ, રાની તુલસી વગેરે હરિત

વર્ગ, પિત્ત, મૂળ. ભિલામાં આ ઉપરાંત સરસવ, મનશીલ, ઉપ-લેટ વગેરે પણ આ જ વર્ગનાં ગણવાં.

તૂરો વર્ગ:—

હરડે, બહેડાં, સરસડો, ખેર, મધ, કદંબ, ઉમેંડો, મોતી, પરવાળાં, કાજળ, ગેરુ, કૂણુંકોઠાં, કૂણું ખજૂર, કમળનાળ, કમળ, કાળું કમળ. એ ઉપરાંત કાંગ, લોધર, મોટો અરડૂસો વગેરે આ વર્ગનાં છે.

આ દ્રવ્યોનાં નામોમાંથી કેટલી વસ્તુઓ આ સાબરકાંઠામાં મેં શોધવાનો પ્રયાસ કર્યો છે. અને મારી ખાત્રી છે કે હજી વધુ પ્રયાસ થાય તો ઘણીખરી વનસ્પતિ અહીંથી ચોક્કસ મળી જ રહેશે.

આ વર્ગીકરણમાં આપણને એ જાણવાં મળે છે કે મધ તૂરા વર્ગનું છે, ગળ્યા વર્ગનું નહિ.



જંગલી ભીંડો

ચાર પાંદડાંવાળી બીલી (હરનાવ બંધ પાસે)

આ વનસ્પતિઓમાં બીજી એક વાત એ સમજવાની છે કે પાંદડાં કરતાં ફૂલ ભારે છે. ફૂલ કરતાં ફળ ભારે છે. ફળ કરતાં દાંડો ભારે છે અને દાંડા કરતાં કંદ ભારે છે. પણ મૂળો અપવાદરૂપ છે. ખરનાદનો એવો મત છે કે ભોજન કરી રહ્યા બાદ ફળ ખવાય છે તેથી ફળ વર્ગ એક નોખો જ વર્ગ છે. અને આ સાબરકાંઠામાં અનેક જાતનાં ફળો જોવામાં આવે છે. એક તો અંજીર જેવાં લાલ ફળ ઉમરડાના ઘાટનાં મેં ખાધાં તે ગળ્યાં હતાં પણ નામ મને નથી આવડતું. ફળ વર્ગમાં દ્રાક્ષ ઉત્તમ છે. એક ભીંડા મેં આ બાજુ જોયા તે લાલ હતા અને ખાટા, વચમાં કાળાં બીજ નીકળે છે. આ બધાં ફળોની તપાસ થવી જરૂરી છે. બીલીનાં જુદી જુદી પાંદડીવાળાં ચાર, પાંચ, સાત, ત્રણ એમ થાય છે તે જાણવા જેવું છે.

ફળોમાં અહીં દ્રાક્ષ છે. પાનરવાની ઘાટીથી આગળ દાડમ છે. ખેરવાડા નર્સરી પાસે અને આખી હરણાવની નદીને કાંઠે, વિજયનગરની ઝાડીમાં મેં બીલી ઘણી જોઈ. કેળ છે તેમાંય જંગલી કેળ ફૂલવાડીના પહાડમાં જે જોઈ તે અદ્દભુત છે. તાડફળ છે. કોઠી ખૂબ છે. થાણાથી આગળ ડુંગરપુરના રસ્તે તો ઘણી જ જોવામાં આવે છે, જાંબુડીઓ છે, કેરી છે, પણ આપણાં કરતાં ઘણાં જ નાનાં ફળ જોવામાં આવે છે. કોકમ છે. શમીનાં ઝાડ ઘણાં છે અને તેનો પાલો બકરાં ઊંટ વગેરે ખાય છે. પીલુડી છે, ખિજ્રેરાં છે. અહીં ભિલામો મને ન જડયો, આલુ અહીં ન દેખાયાં, જે મેં હિમાલયમાં જોયાં હતાં. ફાલસાં–કરમદાં ઘણાં છે. બોર તો જુદી જુદી જાતનાં છે. બોરનું અથાણું આમળાંના અથાણા જેવું થાય છે અને શું ખાવામાં તેનો સ્વાદ ! એ મેં અહીં જ જોયું. હું ધારૂં છું કે એ ખટુમડા અથાણાનો રિવાજ ગુજરાતીઓએ ખાસ અપનાવવો જોઈએ. આમળાંનો મુરબ્બો બનાવીએ છીએ. તેજ એ બનાવવાની રીત છે. આંબલી અહીં ઘણી છે. પણ ગોરખ

Scanned with CamScanner

આંબલીનાં ઝાડ અહીં જુદાં જ છે. એને મોટાં ચીભડાં જેવાં ફળ લટકતાં હોય છે. તે લક્ષ્મીવિલાસ પેલેસ–ઉદેપુરમાં મેં જોયું. અને ત્યાંના બાગમાં તથા કાઠિયાવાડમાં શીહોરમાં એક કુંભારના મકાનમાં જોયું જેને કાઠિયાવાડમાં રૂખડો કહે છે. ઇંદ્રજવનાં તો નર્યાં જંગલો જ છે તેની છાલ કડાછાલ ઝાડો બંધ કરવામાં વપરાય છે.

ઇંદ્રજવ

આયુર્વેદમાં ફૂલવર્ગ નથી પડયો; બાકી અહીં પારિજાતનું તો વન છે અને બીજા અનેક જાતનાં ફૂલો અહીં જોવામાં આવે છે, જે સાતસો માઇલના હિમાલયના પર્યટનમાં મેં નથી જોયાં. કાસુંદરાનાં પીળાં ફૂલનો ઝુમખો આંખના રોગમાં હું ઘણો જ વાપરૂં છું.

આયુર્વેદે જે શાકવર્ગ પાડયો છે તે શાકભાજી અહીં ઘણી જ જોવામાં આવે છે. તેમાં લીંબડીની ભાજી, રાજક્ષવ, બથવો, કાકમાચી, લૂણી, પરવળ, બન્નેય રીંગણી, અરડૂસી,

કાસુંદરો

કારેલી, રીંગણુ (અહીંનાં રીંગણુનાં ફળ ગોળ અને કાંટાવાળાં થાય છે પણ ખાવામાં ઘણાં જ મીઠાં), કેરડાં, ગલકાં, તાંદળજો (તાંદળજો જે લાલ દાંડીનો અહીં થાય છે તે બહુ જ મીઠો લાગે છે,) સુંજ, પાલખ, પોઇ, રાઇની ભાજી વિકારીકંદ, દોડી, અહીં હરણુ દોડી એટલે ભોંય ઉપર પથરાતી અને તેના વેલાઓ દ્વારા થતી બન્નેય જાતો જોવામાં આવે છે. આવા દોડીના વેલા મેં કોઈ જગ્યાએ જોયા નથી. કોળું, ભૂરું કોળું, તાંસળી, કાકડી, શીર્ણવૃતનું શાક, કમળનાળ, કદંબ,



કાળીપાટ

ચીલની ભાજી, અરણી, વરણો, સાટોડી, કણજી, શતાવરી વાંસના અંકુર, (વાંસના અંકુરનું શાક ઘણું મીઠું અને હૃદ્ય લાગે છે.) કાળીપાઠનો ઉપયોગ અહીં પણ ઘણો જ છે. કાસુંદરો તો અહીં ઘણો જ છે અને અહીંના લોકો કહે છે કે તેનાથી આંખને ઘણો જ ફાયદો થયો છે. અને વાત પણ ખરી. દુનિયામાં ઓછામાં ઓછાં ચશ્માં અહીંના લોકો પહેરે છે. અહીં એક ટકા જેટલાં પણ મેં માણસોને ન જોયા. કસુંબીની ભાજી, સરસવની ભાજી, આ ભાજી તીડી પાસે લોકો ખાતા હતા ત્યારે મને થયું કે અધમમાં અધમ આ શાક પણ આ લોકો અજ્ઞાનના કારણે ખાય છે.

વેડછો

મૂળા, રતાળુ, કુહેદ, તુલસી, કોથમીર, ડુંગળી ફુલવાળીના પહાડમાં જંગલી ડુંગળી મેં જોઈ તે ખાવાથી મોં સૂઝી જાય છે. ગાજર, સૂરણ (પ્રથમ મને એમ થતું હતું કે રવરવતું સૂરણ એકલા વલસાડ જિલ્લામાં જ થતું હશે, પણ આ તરફ વધુ પ્રમાણમાં થાય છે અને લોકો તેનો ઉપયોગ પણ સારો કરે છે.

વલસાડ ભણી જે વેડછો જોયો તે અહીં પોળો પાસે ઘણાં વેડછાનાં વૃક્ષ છે. બિલાડીના ટોપ અહીં થાય છે. પણ બંગાળના લોકોની માફક અહીંના લોક તેનું શાક ખાતા નથી, કારણ કે મનુસ્મૃતિમાં તેનો નિષેધ છે. શિંબી ધાન્ય વર્ગનાં અહીં બધાં જ દ્રવ્યો છે. મગ, કળથી, વાલ, અડદ, કૌંચા, તલ, અળસી, સરસવ અહીં રાતા અને પીળા બન્નેય જાત થાય છે. ઘઉંની જાત ઘણી જ સારી અને જે સાઠ દિવસમાં પાકે તે સાઠી ચોખા અહીં સારા થાય છે. અહીં બે પ્રકારના સાઠી ચોખા મેં જોયા; એક લાલ અને બીજા કાળા. લાલ સુખડાંવાળા સાઠી ચોખા સ્નિગ્ધ છે, ગ્રાહી છે, હલકા છે, ગળ્યા છે, ત્રણે ય દોષને મટાડનાર છે. સ્થિર છે અને શીતવીર્ય છે. અહીંના લોક કહે છે કે તે તાવને, થાકને, ગ્લાનિને મટાડનારા છે, જવ પણ સ્થિર છે. પણ સાઠી ચોખાની માફક હલકા નથી અને ઊલટા વાયુ કરનારા

કરમો



મોવડીઓ મુંજાલ

છે. છતાં જવનો પાક અહીં સારો છે. ઉદેપુર પાછાં વળતાં છગને ‘ કરમો ’ નામની વનસ્પતિ મને બતાવી.

ડાંગરની બીજી જાતો પણ શોધખોળ જો સહેજ વધુ કરીએ તો અહીં માલૂમ પડે તેવી છે અને તે વિજયનગરથી પાનરવા જવાની ઘાટીઓમાં આજુબાજુનાં ખેતરોમાં માલૂમ પડે છે. મેં પહેલેથી જ કહ્યું કે અહીંની terminology બધી સંસ્કૃતમાં જ છે. મહાવ્રીહિ, કૃષ્ણવ્રીહિ, જતૂમુખ, કુકકુટાંડક, લાવાખ્ય, પારાવતક, શુકર, વરક, ઉદ્દાલક, ઉજ્જવાલ, ચીનાઈ, શારદ, દર્દુર, ગંધન, કરૂવિંઠ આ બધી જાતની ડાંગરો માટે ખાસ તપાસ કરવી આવશ્યક છે. અહીંના લોક કોદરા બહુ ખાતા નથી. પણ મકાઈ ક્યાંથી ઘૂસી ગઈ છે તે સમજાતું નથી. ભીલવર્ગ તો મકાઈ જ ખાય છે. જો કે હવે ઘઉંનો પ્રચાર પણ ઠીક ઠીક થઈ ગયો છે. પાછા વળતાં જંગલોમાં મોવાડીઓ મુંજાલ નામનાં વૃક્ષ ઘણાં છે.

આ બાજુ પોશીના પટ્ટામાં જે જંગલો છે તેમાં મધ સારા પ્રમાણમાં થાય છે. જો કે તે ઉદેપુર જતાં પણ અમે ઘણા જ મધપૂડાઓ જોયા. એક પીપળ ઉપર તો ડાળીએ ડાળીએ મધપૂડા હતા. સોમપુરા સાહેબે મને પૂછ્યું કે આ મધ બધાં જુદી જુદી જાતનાં હશે ? મેં કહ્યું કે આઠ જાતનાં છે.

મધ આંખને હિત કરનારૂં તથા છેદી છે. તરસ, કફ, ઝેર, હેડકી અને રક્તપિત્તને મટાડે છે. ડાયાબીટીસ, કોઢ, કરમીયા, ઉલટી, દમ, ઉધરસ અને અતિસારનો નાશ કરે છે. અમે તો ઘા રૂઝવવામાં તેનાથી ડ્રેસીંગ કરીએ છીએ કારણ કે તે પરૂ વગેરે કાઢી નાખી ઘાને શુદ્ધ કરે છે, ભાંગેલા હાડકાંને સાંધે છે અને ઘા રૂઝાવે છે. મધ વાયડું છે તે ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે અને તેથી ઘરડા માણસોને ખાસ ન ખાવા આપવું જોઈએ. તે લૂખું છે, તૂરૂં છે, અને ગળ્યું છે.

મેમુદજી અલીજી કંપનીના શેઠ નુરમહંમદ મક્કાથી મારા માટે જે મધ લાવ્યા હતા તે એકદમ લાલ અને પારદર્શક હતું. એવું લાલ મધ મેં અહીં જોયું નહિ. અહીંનું ભમરિયું મધ ધોળું હોય છે. એક જાતની નાની માખોનું બનાવેલું મધ જે ઘી જેવા રંગનું હોય છે. તેને પૌત્તિક મધ કહે છે ક્ષૌદ્ર જેને કોઈ લોકો 'ઘુશિયું' મધ કહે છે. તે રતાશ પડતું હોય છે, તે તથા 'માક્ષિક' જાતનું મધ તેલ જેવું હોય છે. ભમરિયું મધ અહીં ઘણું મળે છે; તે મધનો રંગ ધોળાશ પડતો હોય છે તે તર્પણ કરનારૂં અને ગળ્યું છે. એક મધ તો કાકચના ઝાડ ઉપર બાઝેલું હતું.

કાકચ

પૌત્તિક મધનો રંગ ઘીના જેવો હોય છે તથા તે ત્રિદોષ કરે તેવું છે. ક્ષૌદ્ર મધનો રંગ કંઈક રાતો છે અને તે ભારે અને અભિષ્યંદિ છે. માક્ષિક મધ લૂખુ, કાંઈક ભારે, હલકું, વાયુ ન કરે તેવું, ગળ્યું અને વ્રણને ફાયદો કરનારૂં છે.

મધ નવું ન ખાવું જોઈએ કારણ કે તે ગળ્યું અને છિદ્રોને પૂરી દેનારૂં છે.

Scanned with CamScanner

અહીંના લોકો ઘી ખાતા નથી છતાં તેઓનાં નાક, આંખ અને મોં સુંદર ઘાટવાળાં છે. તે મર્મસૂચક એટલા માટે છે કે રોટલામાંથી પણ ઘી બને છે અને તે મોઢા ઉપર કાંતિ લાવનાર છે.

ગરીબાઈમાં ભગવાનનાં દર્શન થાય છે તે એટલા માટે કે આ ગરીબનાં બૈરાં જ્યારે કમરથી ટટ્ટાર ચાલતાં હોય છે અને મોં ઉપર પ્રસન્ન હોય છે અને કાળા ભમ્મર વાળ હોય છે અને કપાળ ઉપર કાંતિ હોય છે ને હોઠ લાલ ચોળ હોય છે અને કમર પાતળી ને છાતી આગળ ભરાવદાર હોય છે ત્યારે મેં જોયું કે આ ચેતનનાં દર્શન છે. એટલે પરમાત્માનાં દર્શન છે. મધ અને આ બધી વસ્તુઓ શરીરના અંદરના અવયવોને માંજીને સાફ કરનારી છે છતાં પાછી પોષણ તો આપનારી જ છે. nutritive as well as cleansing drugs અહીંના જંગ-

પાડર કંચોરા

લમાં છગને એક પાડર કંચોરો નામની વનસ્પતિ બતાડી તેનું ચિત્ર આ સાથે આપ્યું છે.

આ બધું એક માણસ માટે જ છે. જેથી માણસ જો ચેતનવાળો હશે તો પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતારશે તેથી ચેતનના પ્રાગટ્ય માટે આ ચેતન દ્રવ્યોનો મહિમા સહેજ પણ ઓછો ન આંકશો. સાબરકાંઠાનાં જંગલો એટલે નર્યાં બહેડાં, નર્યાં આમળાં, નર્યા ઇંદ્રિજવ, ખીલાં, ટેંટું, સાદડા, કડાયા, ગળો, નગોડ, પારિજાતકથી ભરેલા વનનાં વનો છે. અમે અહીં રાત્રે જે મોટો અજગર જોયો અને જરખ સામું મળ્યું તે તો કોઈ દિવસ ભૂલી જ નહિ શકાય. સાબરકાંઠામાં હું જુદી જુદી સીઝનો-માં ફર્યો છું. દિવાળી પહેલાં મેં આમળાં ખાધાં અને તેનો રસ પીધો. તે ખાટો, તૂરો અને ઉલટી ઉબકા આવે તેવો લાગ્યો : દિવાળી પછીથી પીધો તે તૂરો, ખાટો પણ સહેજ ઓછો અને હોળી પછી ચૈત્રમાં જે રસ પીધો તે બીલકુલ ખાટો નહિ, તૂરો નહિ અને ગળ્યો સુખ આપનારો અને ગુણમાં પણ ઉત્તમ લાગ્યો. આ વાત હું એટલા માટે લખું છું કે હોળી પછીનાં આમળાં ખૂબ પાક્કટ થઈ ગયાં હોય છે અને હલકાં અને તરત જ ધાતુઓ બનાવનારાં હોય છે. તે પ્રજાએ ધ્યાનમાં રાખવા લાયક વાત છે.

શીયળવાળી સ્ત્રીને મ્હોંએ જેમ તાળું હોય છે તેમ સોનાઘાટી અને ફુલવાળીના પહાડો તરફની વનસ્પતિઓ શાંત લાગે છે. જેમ સ્ત્રીનું સ્મરણ હંમેશાં હર્ષ પેદા કરે છે તેમ સાબર-કાંઠાનાં જંગલોનું સ્મરણ પણ મને હંમેશાં હર્ષ પેદા કરે છે. ભર ઉનાળામાં હિમાલયમાં તો ઝરણાં વહેતાં હોય છે. અંહીં જમીનની ઉપર વહેતાં ઝરણાં નથી. પણ Impervious Layer અંદરના પ્રવાહથી ઝાડી કાળે બપોરે પણ લીલી છે. પ્રદેશ કાઠીયાવાડ જેવો સાધારણ પ્રદેશ કહી શકાય.

આ નદીઓમાં જે લીલ થાય છે તે જાતજાતની અને પડળબંધી થાય છે. એક ડોશીને ચિકિત્સકે પગ કપાવવાનો કહ્યો હતો, તેને ખૂબ બળતરા થતી હતી. મ્હેં તેને લીલ એક માસ સુધી મૂકી અને બળતરા બંધ થઈ ગઈ હતી. એટલે જુદી જુદી જાતની લીલો મને ઔષધિઓ જ લાગી. કોઈ કોઈ જુનાં ખંડેરોનો બારીક અભ્યાસ માગી લે છે. ગુજરાત માટેનો લાખા વણઝારાનો ઉપકાર તો હું નહિ ભૂલું. કારણ કે મને પણ પાણી પીવા આ વાવો ખપ લાગતી હતી.

ગુજરાતના વનસ્પતિશાસ્ત્રીઓ કુકરબીટેસી અને એન્થ્રીએસીના વર્ગીકરણમાં પડી ગયા છે, પરંતુ વટાદિવર્ગ, કર્પુરાદિવર્ગ, ગુડુચ્યાદિ વર્ગ કેવી રીતે પાડયો તે વાત સમાજ સમક્ષ મૂકી શકતા નથી. કારણ કે તે વાત તેમને આવડતી જણાતી નથી. મદનપાલ નિઘંટુમાં વનસ્પતિના જે વર્ગ પાડ્યા છે તે સહેજ વાંચકની જાણ માટે અહીં લખું છું.

(૧) હરીતકયાદિવર્ગઃ—

હરડે, આમળાં, બહેડાં, ત્રિફળા, ભોંય આમળાં, પાનીઆમળાં, અરડુસી, ગળો, બીલી, અરણી, કૃષ્ણ પાટલા, અરડુસો, ગોખરૂ, શાલપર્ણી, પૃષ્ટપર્ણી, પીઠવણ, મોટી ભોરીંગણી, નાની ભોરીંગણી, લઘુ પંચમૂળ, દશમૂળ, ઋદ્ધિ તથા વૃદ્ધિ, કાકોલી તથા ક્ષીરકાકોલી, મેદા, મહામેદા, જીવક, ઋષભક, ડોડી, જેઠીમધ, માષપર્ણી, એરંડો, સારિવા, જવાસો, મુંડી, મહામુંડી, અપામાર્ગ, દન્તી, (નેપાળો), નસોતર, કાળું નસોતર, ઇંદ્રાયન, અમલતાસ, ઇંદ્રિજવ, અંકોલી, થોર, લીમડો, કરીયાતું, કડુ, મીંઢળ, કંચનાર, મેંઢાસીંગી, સાટોડી, રાસ્ના, શતાવરી, માલકાંગણી, તેજબળ, દેવદારૂ, કાકડાશીંગી, કાયફળ, રોહિસાનું ઘાસ, ભારંગમૂળ, મજીઠ, હળદર, દારુ હળદર, બાવચી, પિત્તપાપડો, ત્રાયમાણ, અતિવિષની કળી, ધોળીમૂસળી, શંખપુષ્પી અને અર્કપુષ્પી.

આ રીતે કર્પૂરાદિ વગેરે વર્ગો પણ પાડ્યા છે.

આ સાબરકાંઠામાં વેલાઓ રૂપે જે ઔષધિઓ છે. તે અસંખ્ય છે. જુદી જુદી જાતના વેલાઓ જાડાપાતળા જે ઊગ્યા છે, પણ બારીક અભ્યાસ માગે છે. કંદ પણ અનેક જાતના છે. તેની પણ તપાસ થવી જરૂરી છે.

મૂસળી અને શતાવરીનું તો અહીં રીતસર મણબંધી વેચાણ જ થાય છે.

આ બાજુ ખનીજવર્ગ પણ ઘણો જ છે. વચમાં ઉદેપુર જતાં અમે ઝેવર માઈન્સ જોઈ. બીજી ઘણી જ ધાતુઓ જે આયુર્વેદમાં વપરાઈ છે, તે સર્વ આ બાજુ મળી આવે તેમ મને લાગે છે. આ પણ જુદી જુદી જાતની છે. આ ભાગ ઉપર ભલે માટી દેખાય પણ નીચે તો સરોવર જ ભર્યું છે.

જ્યાં વીઅર બંધાય છે ત્યાં જે વળીઓ બાંધકામમાં રોપી છે તે પણ ફૂટી નીકળી છે તે મને ગજબ લાગે છે. કારણ કે નીચે કેટલું પાણી હશે ? જૂનામાં જૂની આ ટેકરીઓ છે એવું આજના ભૂસ્તરશાસ્ત્રીઓ કહે છે, પણ અમે તો પ્રથમથી જ કહીએ છીએ કે બ્રહ્માએ અહીંથી એડ કરી છે. મનુષ્યને દુનિયાની તમામ વનસ્પતિઓ ઉપયોગી નથી, પરંતુ ફક્ત સાડી ચારસો જ છે. તે સામાન્ય પ્રજાને હિતકર થાય તે દૃષ્ટિએ અહીં આપીએ છે.

જીવન આપવાવાળી ઔષધિઃ—

જીવક, ઋષભક, મેદા, મહામેદા, કાકોલી, ક્ષીરકાકોલી, મુદ્ગપર્ણી, માષપર્ણી, દોડી, જેઠીમધ વગેરે.

શરીરને જાડું કરનાર ઔષધિઃ—

ક્ષીરવિદારી, નાગલીદુધેલી, આસન, કાકોલી, ક્ષીરકાકોલી, ખપાટ, બળબીજ, ઉલટકંબલ, ફગિઓ, વરધારો વગેરે.

દોષને ત્રાંસા છોલનારી ઔષધિઃ—

નાગરમોથ, ઉપલેટ, હળદર, દારૂહળદર, વજ, અતિવિષ, કડુ, ચિત્રો, ચરેલ, સફેદ વજ વગેરે.

દોષનું ભેદન કરનારઃ—

નસોતર ધોળું, આકડો, એરંડો, દૂધીઓવછનાગ, ચિત્રો, ચરેલ, આંખફુટામણી, કડુ, હીરવી, કાળું નસોતર, બહેડાં વગેરે.

હાડકાં વિગેરે ધાતુઓને સાંધનારી વનસ્પતિઓઃ—

જેઠીમધ, ગળો, પીઠવણ, વેણીવેલ, રિસામણી, શીમળાનો ગુંદર, ધાવડી, લોધર, ધઉંલા, કાયફળ, ગૂગળ વગેરે.

અગ્નિ પેદા કરનાર ઔષધિઓઃ—

પીપર, પીપળીમૂળ, ચવક, ચિત્રક, આદુ, અમ્લવેતસ, મરી, ખોડીઅજમો, ભિલામો, હિંગ વગેરે.

બળ આપનારઃ—

એન્દ્રી, કૌચાં, શતાવરી, ગોખરૂં, ઋષ્યપ્રોકતા, આસન, શાલપર્ણી, રોહિણી, બળબીજ, ખપાટ, આસંધ વગેરે.

વર્ણને સુધારનારઃ—

સફેદ ચંદન, લાલ નાગકેસર, પદ્મક, વીરણનો વાળો, જેઠીમધ, મજીઠ, સારિવા, ફગીઓ, સફેદ ધરો, કાળી ધરો, વગેરે.

ગળાને સુધારનારઃ—

સારિવા, શેરડીનાં મૂળ, જેઠીમધ, પીપર, દ્રાક્ષ, ફગીઓ, મીઠો લીમડો, હંસરાજ, ઊભી ભોરીંગણી, બેઠી ભોરીંગણી, દ્રાક્ષ, એલચી.

હૃદયને મજબૂત કરનાર ઔષધિઃ—

આંબો, અંબાડો, લકુચ, કરમદાં, કોકમ, અમ્લવેતસ, મોટાં બોર, બોર, દાડમ, ચકોતરૂં, સાદડ, ગળો, હરડે વગેરે.

તૃપ્તિઘ્ન ઔષધિઓઃ—

સૂંઠ, ચવક, ચિત્રક, વાવડિંગ, મોરવેલ, ગળો, વજ, મોથ, પીપર, પરવળ વગેરે.

Scanned with CamScanner

અર્શનો નાશ કરનાર ઔષધિ:—

કડો, બીલું, ચિત્રક, સૂંઠ, અતિવિષની કળી, હરડે, ધમાસો, દારુ હળદર, વજ, ચવક, સૂરણ વગેરે.

કોઢને નાશ કરનાર ઔષધિઓ:—

ખેર, હરડે, આમળાં, હળદર, ભિલામો, સાત્વીન, ગરમાળો, કરેણ, વાવડિંગ, જાઈ વગેરે.

ચળ-ખંજવાળને નાશ કરનાર ઔષધિઓ:—

ચંદન, જટામાંસી, ગરમાળો, કરંજ, લીમડો, કડો, સરસવ, જેઠીમધ, દારુ હળદર, મોથ.

કૃમિનો નાશ કરનાર ઔષધિ:—

સરગવાનાં બીજ, મરી, ગંડીર, કેબુક, નગોડ, સફેદ સરસડો, ગોખરૂ, વૃષપર્ણિકા, ઉંદરકની, વાવડિંગ, કિરમાણી, અજમો, કાંકચ વગેરે.

વિષનો નાશ કરનાર ઔષધિ:—

હળદર, મજીઠ, નસોતર, નાની એલચી, કાળું નસોતર, ચંદન, નિર્મળી, સરસ, નગોડ, ગુંદો, તુલસી, લીમડો, એરંડો વગેરે.

દૂધ પેદા કરનાર ઔષધિઓ:—

વીરણનો વાળો, શાળ, સાઠી ચોખા, એખરો, દાભડો, કુશ, કાસંડો, ઘાબાજરિયું, ઈકડ, શેહિસાના ઘાસનાં મૂળ વગેરે.

બગડેલા દૂધને શોધન ઔષધિઓ:—

કાળી પાઠ, સૂંઠ, દેવદાર, મોથ, મોરવેલ, ગળો, કડાની શીંગ, કરીઆતું, કડુ, સારિવા વગેરે.

શુક્રને પેદા કરનાર ઔષધિઓ:—

જીવક, ઋષભક, કાકોલી, ક્ષીરકાકોલી, મુદ્‌ગપર્ણી, માષ-

Scanned with CamScanner

પર્ણી, મેદા, શતાવરી, જટામાંસી, ઉટીંગણ, આસંધ, આમળાં વગેરે.

બગડેલા વીર્યનું શોધન કરનાર:—

ઉપલેટ, એલુવા, કાયફળ, સમુદ્રફીણ, કદંબનો ગુંદર, નાની શેરડી, મોટી શેરડી, એખરો, વસુક, વીરણનો વાળો વગેરે.

સ્નેહોપગ વનસ્પતિઓ:—

દ્રાક્ષ, જેઠીમધ, ગળો, મેદા, ફૂગિયો, કાકોલી, ક્ષીરકાકોલી, જીવક, દોડી, શાલવણ વગેરે.

સ્વેદોપગ વનસ્પતિઓ:—

સરગવો, એરંડો, આકડો, ધોળી સાટોડી, લાલ સાટોડી, જવ, તલ, કળથી, અડદ, બોર વગેરે.

વમનોપગ ઔષધિઓ:—

જેઠીમધ, શ્વેત કાંચનાર, ચિત્રવિચિત્ર ફૂલનો કાંચનાર, કદંબ, સમુદ્રફળ, કળથી, ઘિલોડી, ઘૂઘરા, રાતા ફૂલનો આકડો, અઘેડો વગેરે.

વિરેચનોપગ ઔષધિઓ:—

દ્રાક્ષ, શીવણ, ફાલસાં, હરડે, આમળાં, બહેડાં, મોટાં બોર, બોર, ચણીબોર, અને પીલુડી વગેરે.

આસ્થાપન બસ્તીમાં ઉપયોગી ઓષધિઓ:—

નસોતર, બીલું, પીપર, ઉપલેટ, સરસવ, વજ, ઈંદ્રજવ, જેઠીમધ અને મીંઢળ વગેરે.

અનુવાસન બસ્તિમાં ઉપયોગી ઔષધિઓ:—

રાસ્ના, દેવદાર, બીલું, મીંઢળ, સુવા, ધોળી સાટોડી, સાટોડી, ગોખરૂ, એરણી, ટેંટુ વગેરે.

શિરોવિરેચન ઔષધિઓઃ—

માલકાંગણી, નાકછીંકણી, મરી, પીપર, વાવડિંગ, સરગવો, સરસવ, અઘેડાનાં બીજ, ધોળી ગરણી, સફેદ શિરીષ, વગેરે.

ઉલટી રોકનાર ઔષધિઓઃ—

જાંબુ, આંબાનાં પલ્લવ, ચકોતરૂં, ખાટાં બોર, દાડમ, જવ, સાઠીચોખા, વીરણનો વાળો, માટી, શાળની ધાણી, ધાણા વગેરે.

તરસને રોકનાર ઔષધિઓઃ—

સૂંઠ, ધમાસો, મોથ, પિત્તપાપડો, ચંદન, કરિયાતું, ગળો, સુગંધીવાળો, ધાણા, પરવળ વગેરે.

હેડકીને રોકનાર ઔષધિઓઃ—

પટકચૂરો, પુષ્કરમૂળ, બોરનાં બીજ, બેઠી ભોરીંગણી, ઊભી ભોરીંગણી, વાંદા, હરડે, પીપર, ધમાસો, કાકડાશીંગ, વગેરે.

ઝાડાને રોકનાર ઔષધિઓઃ—

ઘઉંલા, સારિવા, આંબાની ગોટલી, અરલુ, લોધર, મોચરસ, સિસામણી, ધાવડીનાં ફુલ, ભારંગમૂળ, પદ્મકેસર, જાયફળ વગેરે.

પુરીષવિરજનીય ઔષધિઓઃ—

જાંબુ, શેરડીની છાલ, કૌંચાં મહુડો, શીમળો, ગંધીબીરોજા, શેકેલી માટી, ફુગિઓ, નીલ કમલ, તલના દાણા વગેરે.

મૂત્રસંગ્રહણીય ઔષધિઓઃ—

જાંબુ, આંબો, પીપળ, વડ, પારસ પીપળો, ઉંમરો, પીપળો, ભિલામો, આસોંતરો અને સફેદ ખેર.

મૂત્રવિરજનીય ઔષધિઓઃ—

પદ્મ, નીલ કમલ, નલિન, કુમુદ, સૌગન્ધિક, પુંડરીક, શતપત્ર, જેઠીમદ, ઘઉંલા, ધાવડીનાં ફૂલ વગેરે.

મૂત્રવિરેચનીય ઔષધિઓ:—

વાંદો, ગોખરું, વસુક, અઘેડો, પાષાણભેદ, દર્ભ, કુશ, કાશ, ઘાબાજરિયું, ઈકડનાં મૂળ.

ખાંસીને હરનાર ઔષધિઓ:—

દ્રાક્ષ, હરડે, આમળાં, પીપર, ધમાસો, કાકડાશીંગ, બેઠી ભોરીંગણી, ધોળી સાટોડી, સાટોડી, ભોંયઆમલી, જેઠીમધ, અરડૂસી, વાંસકપૂર વગેરે.

આ ભોંયઆમલી સાબરકાંઠામાં ઘણા પ્રમાણમાં થાય છે. તેના નાના નાના છોડ થાય છે અને પાન આંબલી જેવાં થાય છે. પોળો પાસેના ધરા ઉપર અને વાગેશ્વરીના કાંઠે ઘણા પ્રમાણમાં જોવામાં આવે છે.

શ્વાસને હણનાર ઔષધિઓ:—

પટકચૂરો, પોખરમૂળ, અમ્લવેતશ, નાની એલચી, હિંગ, અગર, તુલસી, ભોંયઆમલી, દોડી અને ચોરક, વગેરે.

સોજાને હરનાર ઔષધિઓ:—

પાટલા, અરણી, ટેંટુ, બીલી, શીવણ, બેઠી ભોરીંગણી, ઊભી ભોરીંગણી, શાલવણ, પીઠવણ, ગોખરુ વગેરે.

તાવને હરનાર ઔષધિઓ:—

સારિવા, પાઠા, મજીઠ, દ્રાક્ષ, પીલુ, ફાલસા, હરડે, આમળાં, બહેડાં, કરિયાતું, ગળો વગેરે.

શ્રમ હરનાર ઔષધિઓ:—

દ્રાક્ષ, ખજૂર, ચારોળી, બોર, દાડમ, અંજીર, ફાલસાં, શેરડી, જવ અને સાઠી ચોખા વગેરે.

...નું શમન કરનાર ઔષધિઓ:—

...ળની ધાણી, ચંદન, શીવણનાં ફૂલ, મહુડાં, સાકર,

નીલોત્પલ વીરણનો વાળો, સારિવા, ગળો, સુગંધીવાળો, તાંદળજો, દ્રાક્ષ, આમળાં, ધાણા વગેરે.

શીતપ્રશમન ઔષધિઓઃ—

તગર, અગર, ધાણા, આદુ, અજમો, વજ, બેઠી ભોરીંગણી, અરણી, ટેંટુ અને પીપર. વગેરે.

ઉદર્દપ્રશમન ઔષધિઓઃ—

ટીંબરવો, ચારોળી, બોર, ખેર, સફેદ ખેર, સાતવન, શાલ, અર્જુન, અસાના અને હરમો બાવળ, અજમો, મરી વગેરે.

ગઢડામાં એક જુદાજ પ્રકારનો મેં બાવળ જોયો. એનાં ફળ લોક ખાય છે. એને સુંવાળી રેસા જેવી સળીઓ હોય છે.

અંગમર્દ પ્રશમન ઔષધિઓઃ—

શાલવણ, પીઠવણ, ઉભી ભોરીંગણી, બેઠી ભોરીંગણી, એરંડો, કાકોલી, ચંદન, વીરણનો વાળો, જેઠીમધ, રાસ્ના વગેરે.

શૂલપ્રશમન ઔષધિઓઃ—

પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક, આદુ, મરી, બોડી અજમો, બાફળી, જીરૂ અને ગંડીર, હિંગ વગેરે.

શોણિતઆસ્થાપન ઔષધિઓઃ—

મધુ, જેઠીમધ, કેસર, મોચરસ, લોધર, ગેરૂ, ઘઉંલા, સાકર અને શાળની ધાણી વગેરે.

વેદનાસ્થાપન ઔષધિઃ—

શાળ, કાયફળ, કદંબ, પદ્માક, તેજફળ, મોચરસ, કાળિયો સરસ, વાળુંજ, એલુવા, અશોક વગેરે.

સંજ્ઞાસ્થાપન ઔષધિઓઃ—

હિંગ, મીઠો લીમડો, હરમો બાવળ, વજ, ચોરક, બ્રાહ્મી, ભૂતકેશી, જટામાંસી, ગૂગળ, અને કડુ શંખાવલી; ઘોડાવજ વગેરે.

સ્વામીજીએ કહ્યું હતું કે બ્રાહ્મી તો બીજી વસ્તુ છે. આખા ગુજરાતમાં મંડૂકપર્ણીને બ્રાહ્મી કહે છે. હિમાલયમાં પણ મેં આજ જોઈ છે. એટલે હજી તે બાબતમાં મારો સંદેહ ઊભો જ છે.

પ્રજાસ્થાપન ઔષધિઓઃ—

ઐંદ્રી, બ્રાહ્મી, સફેદ ધરો, કાળી ધરો, આમળાં, ગળો, હરડે, કડુ, કાંસકી અને ઘઉંલા વગેરે.

ગળોના વેલા અહીં ઘણા છે અને કેટલાક તો જાડા છે. ગળોનું શાક તાવ ઊતર્યા પછી હું ખાસ ખવડાવું છું. જીર્ણ તાવમાં ગળોને લસોટી તેને પાશેરેક પાણીમાં ઠીંકરી ગરમ કરીને છમકારી એક પીપરનો ભૂકો નાખી પાઉં છું. આ ગળો અહીંથી લઈ જઈને પરદેશીઓ તેનું Berberine નામનું સત્વ ૩૫ રૂપિયે ઔંસ જેટલું મોંઘું વેચે છે.

વયસ્થાપન ઔષધિઓઃ—

ગળો, હરડે, આમળાં, રાસ્ના, ધોળી ગરણી, દોડી, શતાવરી, ખડબ્રાહ્મી, શાલપર્ણી, સાટોડી, આસંધ, ગોખરૂ વગેરે.

સોજા ઉતારવામાં પીલુડીના પાનનો અહીંના લોકો પણ ઉપયોગ તો કરે છે. પરંતુ તે ઉપરાંત ગોંદલાનો પણ બહુ જ ઉપયોગ કરે છે.

પુંવાડીઆં આ બાજુ ઘણા થાય છે. પરદેશીઓ આમાંથી ક્રાઈસોફ્રેનીક એસીડ બનાવે છે. અહિંના લોક તેને માળવી પુંવાડીયા કહે છે. તેનાં બીજ લઈ તેને વાટીને દાદર ઉપર લગાડીને અહિંના લોકો દાદર મટાડે છે.

અમે અહિં કણઝીના દાતણ કરતા હતા, પણ આયુર્વેદમાં દંતમંજનો ક્યાં છે? ત્યાં તો રોજ તાજાં તાજાં દાતણ કરવાનું કહે છે. આ બધા organic acid છે. તે દાંતને ખૂબ ચોખ્ખા

રાખે છે. તમને નવાઇ લાગશે કે આકડાનું પણ દાતણ લખ્યું



માળવી પુંવાડીઓ

છે અને બોરનું પણ દાતણ લખ્યું છે, અમે કદંબનું દાતણ કરતા હતા. કદંબના ફૂલમાંથી વાસ સારી આવે છે.

આ જમાનામાં રસશાસ્ત્રનું જોર ખૂબ વધી ગયું છે. અને એન્ટીબાયોટીક ડ્રગ્સનો પ્રચાર બહોળા પ્રમાણમાં થઇ રહ્યો છે.

ધંતુરો મેં ખૂબ જોયો. વાત્રક નદી બહુ જ વાંકી ચૂંકી છે તેના ઉપર સરકટના છોડ ઘણા છે, તે હું પથરી તોડવામાં

સરકટનું ફૂલ

વાપરૂં છું. મને વાત્રક ઉપર રમણીય, શાંત અને સુંદર ક્ષેત્ર આ કેદારનું જ લાગ્યું. રસ્તો દેહગામથી જાય છે. દેહગામથી વડાગામ થઈ ધનસુરા જતાં પણ આવળ, બાવળ, બોર, આંબા

Scanned with CamScanner

ઘણા જ માલૂમ પડે છે. ધનસુરા તરફ કપાસ ને મગફળી ઘણી થાય છે અને તેથી આ લોકોનું જીવન ધોરણ પણ ઊંચું છે.

હાલરડી જેને અહીં લોકો ગુગળ કહે છે.

જે કમાઈ જાણે છે તે જ ખરચી જાણે છે તે આ ધનસુરામાં પ્રત્યક્ષ દેખાય છે. મોડાસાથી ૩૯ રસ્તાઓ જાય છે અને તે બધા રસ્તાઓના પ્રદેશોમાં વૈદ્યે ખાસ ફરવા જેવું છે. મોડાસાથી

માલપુર, મેઘરેજ, અડપોદરા, સણાસણ, ધનસુરા થઈ માલપુર



અંકોલ ઉંમરો

સીણોય, લુંસડીયા, શામળાજી, રતનપોર વગેરે સ્થળો ખાસ જોવા જેવાં છે. મોડાસાથી ગલિયાકોટ જોવાનું ચૂકવા જેવું નથી.

ત્યાં ઘણી જ વનસ્પતિઓ જોવા જેવી છે. તેમાં ઉમરડો અને અંકોલ ઘણા જ જોવામાં આવે છે. તેમાં ગૂગળનાં વૃક્ષ ખાસ જોવા જેવાં છે. રાયગઢથી શામળાજી થઈ રતનપુર થઈ એક રસ્તો ખેરવાડાને મળે છે. આ રસ્તે જુવાનીઆઓના મોં ઉપર ખીલ જોયા ત્યારે પઠાણી લોધર અને સરસવનું ચૂર્ણ ચોપડવા મેં કહ્યું. પણ તે લાવવાં ક્યાંથી ? આ ભીલ લોકોના પગ ફાટી ગયા હોય છે. તેમાં મેં ઘી, મીણ તથા ગેરૂનો લેપ કરવા કહ્યું અને તેનાથી ઘણાને ફાયદો થયો છે.

એક જણને માથાની ઉંદરી થઈ હતી. મેં કહ્યું કે ચણોઠીનું તેલ ચોપડવાથી આ ઇંદ્રલુપ્ત જેને ઉંદરી કહે છે તેનો નાશ થાય છે. પણ ચણોઠીનું તેલ કાઢે કોણ ? આ ભાગમાં અંકોલ જેને હું ચિત્રાના ઝેર ઉપર વાપરૂં છું તે ઘણી જ જોઈ.

આ બાજુના લોકને દાદર ઘણી થાય છે. તેમાં ખાસ કરી ડુંગરપુરીઆઓને મેં ધરો, હરડે, સિંધવ, પુવાડિયાનાં બીજ અને તુલસી ને ખાટી છાશ સાથે વાટીને જેટલાઓને મલમ મૂકયો તે સર્વને ૧૫ દિવસમાં જ દાદર જડમૂળથી મટી ગઈ છે. સફેદ ધરો અહીં જ આટલી બધી મળી શકે છે. આ ધરોનો રસ નસકોરી ફૂટી હોય ત્યારે હું વાપરૂં છું. દાડમનાં ફૂલના રસનાં ટીપાં પણ મૂકી શકાય પણ તે બધે કયાંથી લાવવો ? ચાંદાં રૂઝવવા માટે ઉંબરાનાં ઝાડ તો અહીં હિસાબ વગરનાં છે.

અહીં એક ભાઇને હેડકી આવતી હતી. તેને સ્ત્રીના ધાવણ સાથે સ્હેજ માખીની હગાર ભેળવી તે ધાવણનાં ટીપાં નાકમાં મૂકયાં કે છીંક ઉપર છીંક આવવા માંડી અને તરત જ હેડકી બંધ થઈ ગઈ. અહીંની આદિવાસી કોમ મકાઈનો ઉપયોગ બહુ કરે છે. મકાઈને ત્રણ પડ હોય છે તેથી તેનું સંસ્કૃત નામ ત્રિપુટ હોય છે અને તેના ડૂંડાંમાં દાણા જુદા જુદા ખંડોમાં એટલે વિભાગોમાં ગોઠવાયેલા હોય છે તેથી તેનું નામ

ખંડિક પાડ્યું છે. મકાઈ મધુર, કડવી, અને તૂરી છે, તે બહુ જ રૂક્ષપણું કરનારી છે. તે કફ અને પિત્તને હરનારી છે, રુચિ ઉપજાવનારી, ઝાડાને રોકનારી અને ટાઢી છે. લૂલાપણું તથા પાંગળાપણું કરનારી છે અને વાયુને અત્યંત કોપાવનારી છે. તેથી મારૂં એ કહેવું છે કે આ લોકો જો મકાઈના રોટલામાં દિવેલનું મોવણ નાખે તો ઘણો જ ફાયદો થાય, કારણ કે દિવેલ વાયુનો કટ્ટો દુશ્મન છે. મકાઈ રુચિકારક છે તેથી લોક ખાતા લાગે છે. જો કે આ લોક છાશ, મરચું, લસણ કાંદા વગેરે ખાય છે તે સારૂં છે. બાકી આ લોકનાં શરીર તો લુખાં જ છે. મકાઈ ઝાડાને રોકનારી છે એટલે આ લોક કબજીઆત-વાળા છે. અહીં હરડેનો ખાસ પ્રચાર કરવા જેવો મને લાગે છે. જોકે તેઓ ભાજી વધુ ખાય છે એટલે તેમને ઝાડો સાફ આવે છે.

મારા ગુરુના ગામ ગઢડાની જેમ મોડાસાથી બારેક ગાઉ દૂર ડુંગરામાં ગઢડા ગામ છે. તેનાં હવાપાણી પણ ખરેખર ઉત્તમ છે. અહીંથી બે માઈલ દૂરથી સડક છે અને ત્યાંથી ઈડર જવાય છે. આ ડુંગરાઓમાં પણ વનસ્પતિઓ સારી છે. હિમાલયમાં મારી સાથે ભોમિયો હતો. તેને સાપનું ડંડુ કરડેલું ત્યારે ત્યાં થતાં કાળીઆ સરસનાં પાનની છાલ ઉકાળી લુગદી કરી સોજા ઉપર લેપ કરેલો અને કાળીઆ સરસની છાલ પણ ઘસી પીવ-ડાવેલી તેથી તેનો સોજો તરત જ બેસી ગયેલો. અહીં શિરીષના જેવાં વૃક્ષ જોવામાં આવે છે. એરીંગ જેવાં તેનાં ફૂલ પીળાં ને સુંદર હોય છે. તેને ફાફડા જેવી શીંગો થાય છે. વનસ્પતિઓ તો પ્રાણધારીઓના પ્રાણ છે. તેથી વનસ્પતિ તરફ લોક દોડી રહ્યા છે. વર્ણ, પ્રસન્નતા, સુંદર સ્વર, જીવિત, પ્રતિભા, સુખ, સંતોષ, પુષ્ટિ, બલ, મેધા આ બધું વનસ્પતિમાં જ રહેલું છે-વૃત્તિ માટે જે વ્યાવહારિક કર્મ છે, સ્વર્ગપ્રાપ્તિ માટે જે વૈદિક

કર્મ છે અને મોક્ષને માટે જે કર્મ કહ્યું છે તે સર્વ આ વનસ્પતિઓ ઉપર જ આધાર રાખે છે. વૈદ્યોનું આ ગોત્રસ્થાન છે. કારણ કે ધન્વંતરિ, ચરક, વૈદ્યનાથ વગેરેનાં દહેરાં અને આ વનસ્પતિનો બગીચો એક વાત સૂચવે છે કે વૈદ્યોએ કરુણાવાળા બની પોતાના કર્તવ્યનું પાલન કરવું જોઈએ, જેથી રોગોથી પિડાતા દરદીઓના આત્માની વ્યાપકતા જણાય અને સર્વની ધાતુઓ સમાન કરવાના લક્ષ્યને પહોંચી વળાય. આ બાજુ જુદી જુદી જાતના ઝાડમાંથી નીકળતા જુદા જુદા શુંદર પણ અભ્યાસ માગી લે છે. ફૂલોનાં અહીં મેં મોગરો, બટમોગરો, પારિજાત, મધુમાલતી, ચમેલી ઘણાં જ જોયાં પણ બોરસલી બહુ જોવામાં નથી આવતી. ખેડબ્રહ્માની આજુબાજુનો પ્રદેશ સાધારણ પ્રદેશ છે. અહીં કેટલીક જગ્યાએ લોકો વાવને પૂરીને કૂવો બનાવે છે. આવી સુંદર વાવોને જીવતી રાખવી જોઇએ કે પૂરી દેવી જોઇએ? પુરાતન સંસ્કૃતિનો અભ્યાસ કરવો જોઈએ કે તેનો નાશ કરવો જોઈએ? કેટલીક વ્યક્તિઓ આ દેશમાં Composite culture મિશ્ર સંસ્કૃતિ કરી કંઈ નવું જ બનાવવા માગે છે. તેઓની સામે મારી ખાસ લાલબત્તી છે કારણ કે તેથી સર્વસ્વનો નાશ થશે. જો કે ભગવાન એવો કૃપાળુ છે કે ત્યાં સુધી તો આવા લોકોનો જ નાશ થઈ જશે.

એક મુસલમાન બાઇને મેં જોઈ. તેને હકીમની દવા ચાલતી હતી. કથોડી લોકના ઈન્સ્પેકટર મને લઈ ગયા હતા. તે સાકર, વંશલોચન, પીપર, તજ અને એલચીનું ચૂર્ણ સાંજ સવાર મધ સાથે ચાટતી હતી અને તેનો ક્ષય મટી ગયેલો મેં જોયો. પાનરવા ભણી દાડમડીઓ મેં ઘણી જોઈ. નાકમાંથી પડતા લોહી ઉપર તેના ફૂલના કેસરને સુકવી તેનું ચૂર્ણ નાકમાં ભભરાવાથી લોહી બંધ થઈ જાય છે. આ પ્રયોગ એક ભાઈ ઉપર મેં કર્યો કે તરત જ લોહી બંધ થઈ ગયું.

એક ગામમાં વિચર પાસે હું ગયો ત્યાંના લોકો ઉભી ભોરીંગણીનાં છોડવાને સ્હેજ શેકી પછી તેનો રસ કાઢી તેમાં લીંડી પીપરનું સ્હેજ ચૂર્ણ નાખી તોલો રસ ખાંસીમાં પાય છે અને તેમને જલદી ખાંસી મટી જાય છે. Peps ની ગોળીઓ આ લોકને વાપરવી પડતી નથી.

પહેલી ટ્રીપમાં મારી સાથે ફરનાર જે માણસ હતો તે નાકમાં સિંધવ નાખેલા પાણીનાં ટીપાં નાખી છીંકનો રોગ બંધ કરતો હતો. છીંકનો પણ રોગ છે તે વાત સમજવા જેવી છે.

દમના રોગીઓ અહીં અડદ, હળદર અને મરીનો ધુમાડો લેતા હોય છે. કાળો ધંતૂરો અહીં ઘણા પ્રમાણમાં છે અને કેટલાક તેનાં પાંદડાંની બીડી પણ પીતા હોય છે.

બહું જ ધૂળ ઊડવાથી મારો ઘાંટો બેસી ગયો એટલે એક એરંડાનું ખેતર હતું તેમાંથી તેનું મૂળ કાઢી લાવી મેં મોંઢામાં રાખ્યું કે તરત જ ઘાંટો ખુલી ગયો.

આ ભાગમાં મેં ઠીકઠીક આદુનો પ્રચાર કર્યો. રુચિ ઉત્પન્ન કરનાર આવું ઔષધ મેં સૃષ્ટિમાં જોયું નથી.

દક્ષિણમાં મેં જે નાગચંપા જોયા હતા અને જેનું રેસા જેવું નાગકેસર તરત જ ઉલટી રોકી દે છે અને પાચનનું પણ કામ કરે છે તેવા ચંપા અહીં તો બહુ શોધ્યા પણ જડયા નહિ.

વાઈના રોગી અહીં છૂટાછવાયા કોક કોક જોવામાં આવે છે. તેઓ એના ઉપર તલના તેલમાં તળેલું લસણ કોક કોક વાર ઉપયોગમાં કરી લે છે જેનું પરિણામ સારું આવે છે.

કમળો મટાડવામાં હજી ગામડામાં નવસાર પેઠો નથી તેટલી ભગવાનની મહેરબાની છે. પણ કોટેશ્વર પાસે એક દરદીએ

Scanned with CamScanner

મને કહ્યું કે ગાયના દૂધ સાથે સૂંઠના ચૂર્ણના સેવનથી મને કમળો મટી ગયો છે.

ઊંટડિયા મહાદેવ જેવાં દશ્યો આ બાજુ ઘણાં છે. રહી ગયેલા સાંધા ઉપર અહીંના બૈરાં અને વૃદ્ધો સુંઠ ફાકે છે. અહીંના લોકો હાલરડીને ગૂગળના વૃક્ષ કહેતા હતા પણ હવે ધીમે ધીમે તેઓ લોક સમજતા થયા છે કે ગૂગળ જુદી જ વસ્તુ છે. પત્તના જે રોગ થાય છે તેમાં ગૂગળના ઉકાળામાં દિવેલ નાખીને પીવડાવાય છે. ગૂગળ રુક્ષ છે એટલે કફને તો ચૂસી જ લેવાનું કામ કરે છે. અને હારીતે તો રસાયનમાં તેની ગણત્રી કરેલી છે એટલે તેના સેવનથી ઘડપણ પણ દૂર થાય છે અને સાતે ય ધાતુઓ વધતી જાય છે.

કોઢમાં ખેરનો ઉપયોગ ખાસ કરવા જેવો છે. અહીં ખેર સારા પ્રમાણમાં છે. ખેરની પાંદડી અને તેની શીંગો આકર્ષક છે. હું તો ખેરને ટોનીક ગણું છું.

પેટમાં ચૂંક આવે એવું શૂળ આ બાજુ પણ ઘણા લોકને થાય છે તેમાં મકાઈ ખાસ ભાગ ભજવે છે. શૂળમાં હું ગંધક ટંકણખાર અને સૂંઠનું ચૂર્ણ ફકાવું છું.

કોટેશ્વર પાસેના વહેળામાં જે ધોળું નસોતર મેં જોયું તે ભુલાતું નથી. તેનાં ફૂલ સુંદર હોય છે.

ઉદાવર્તના રોગમાં નસોતરનું ચૂર્ણ રામબાણ છે, રેચમાં તે સર્વશ્રેષ્ઠ છે હું તેને વાયુની અવળી ગતિવાળા ઉદાવર્ત રોગમાં છૂટથી વાપરૂં છું.

પાંચેક વર્ષ ઉપર પોશીના ભણીના એક છોકરાને ટીપે ટીપે પેશાબ થતો હતો, એ રોગ મટાડવા તે અમદાવાદ આવેલો. અને તેને મેં દ્રાક્ષ તથા સાકર સાથે જવખાર બે બેઆની ભાર

ફરાવેલો. હું તેની શોધમાં હતો પણ આટલાં બધાં ગામડાંમાં તેનું ગામ ક્યાં શોધવું ?

આતરસુંબા પાસે ગળોના વેલા ઘણા જોયા. શહેરમાં ડાયાબીટીસથી પિડાતા રોગીઓ આ મારી ગળોનો સ્વરસ કાઢી મધ નાખી પીવે તો ત્રણ દિવસમાં સાકર બંધ થઈ જાય. અને રસ કાઢવાને માટે હવે તો ઈલેક્ટ્રીકનું મશીન પણ આવે છે. અહીંના ભીલ લોક સોજામાં આદાના રસમાં ગોળ નાખીને પીવડાવે છે. અહીં ધારિયાં કે ચપ્પુના ઘા પડયા હોય ત્યારે બીજાં ઘણાં પાંદડાંની લૂગદી વાપરે છે પરંતુ ગૂગળ અને લીંમડાના પાનનો લેપ ખાસ વાપરે છે.

આજે તો જ્યાં જુઓ ત્યાં બ્લડપ્રેશર જોવામાં આવે છે. આના ઉપર ગાયના ઘીમાં સિંધવ નાંખીને હું પાઉં છું પણ દશાંગ કવાથની વનસ્પતિઓ તો અહીં ભરપૂર છે.

ખેરવાડા અને કોટડા પાસે અંગ્રેજના વખતની છાવણીઓ છે અને આબુ મીલીટરી થાણાથી ઉપદંશનો વ્યાધિ પોશીના વગેરે તરફના ગાળામાં ઘણો જ જોવામાં આવે છે. સાધારણ રીતે શિવ જેવા પણ ભાન ભૂલી ભીલડીમાં લોભાયા હતા. એટલે અહીં સુંદરતા તો છે તેથી ઉપદંશ Syphilisનો વ્યાધિ અહીં ઘણો છે. તેમાં ત્રિફળાના કવાથમાં ગૂગળ નાંખીને જો આ લોકને પીવડાવવામાં આવે તો અચૂક ફાયદો થાય.

આ જંગલોમાં ચિત્રો, સાપ, કોબ્રા, અજગર ઘણા છે. અને અંકોલ પણ ઘણા જ છે. શારંગધરે તેને વિષમાં વાપર્યો છે. અંકોલનાં મૂળ ચોપડાય અને પીવાય. પેટલાદ ભણી એક ભાઈને ચિત્રો ફૂંકી ગયો હતો ત્યારે મેં આ અંકોલનો ઉપયોગ કર્યો હતો અને તેનો સોજો તદ્દન મટી ગયો હતો. (જુઓ પાનું ૧૦૦) કાળીપાડથી દુનિયામાં કોઇ અજાણ નથી કારણ કે તે દશમૂળમાં વપરાય છે. તેના બટાકા જેવાં કંદ ખાસ જોવા જેવા છે. હું

Scanned with CamScanner

તો કાળીપાઠને રસાયન તરીકે વાપરું છું અને તે દિવેલ જેટલો ગુણ વાતવ્યાધિમાં આપે છે.

ચામડીના રોગ પાછળ આજે લોક હજારો રૂપીઆ બગાડે છે. પણ મારો મંજીષ્ઠાદિ કવાથ પીતા નથી, મંજીષ્ઠાદિ છે તો જગજાહેર, પણ આજકાલ લોક વાપરે છે ઓછો, મજીઠ, ત્રિફળા, કડું, વજ, હળદર, દેવદાર, નસોતર, ગળો, લીંમડાની અંતરછાલ આ મંજિષ્ઠાદિ કાઢામાંની વજ અહીં ફૂલવાડીમાં પ્રથમ વાર જ મેં જોઈ. પણ દેવદાર તો ઘણો જ જોવામાં આવે છે અને જો કે તેનાં પાંદડાંને થોડો રોગ લાગુ પડયો છે. વનસ્પતિઓને તો ભગવાન જ વૈદું કરે છે. પ્રથમના સમયમાં રાજાઓ ખાસ વનસ્પતિઓને સાચવતા તેનાં પર્વો ઊજવતા અને તેમની રક્ષા કરતા. પણ આજ તો કિંમતી વનસ્પતિઓની ભક્ષા થાય છે અને ખેડબ્રહ્માના સ્ટેશનેથી અનેક ટ્રંકો દ્વારા હિંમતનગર અને ઈડરમાં કોલસાના ઢગલા ખડકાય છે એ દુઃખદ દૃશ્ય છે. હાથડો અને સરકટ નદીના કાંઠે અને ભાઠામાં ખૂબ માલૂમ પડે છે. પથરી તોડવામાં હું સરકટનું ફૂલ ખાસ વાપરૂં છું.

કેટલાક છોકરાઓને બિચારાને મજૂરી અને જોઈતા પોષણના અભાવથી નખ ખરબચડા અને તૂટ્યા ભાંગ્યાં જેવા જોવામાં આવે છે. તેઓને જો નખ ઉપર ટંકણખારનું ચૂર્ણ ભભરાવવામાં આવે તો નખ સરખા થઈ જાય.

તીડી પાસે જ્યાં અમને એકસીડન્ટ થયો હતો ત્યાં સરસવનું વાવેતર સારૂં હતું. સરસવ અને પઠાણી લોધરનું ચૂર્ણ રાત્રે મોં ઉપર લગાડવાથી ખીલ મટી જાય છે.

પરમ પૂજ્ય સ્વામીશ્રી રેવાનંદતીર્થજીનાં હવે ફરીથી આજે સવારે સાત વાગે દર્શન કર્યાં. જ્ઞાનની ગંભીરતા સાથે તદ્દન સહજ સ્વભાવ અને જ્ઞાનની પ્રતિષ્ઠાની છાપ તરત જ હૃદયમાં

Scanned with CamScanner

ઊતરી જાય છે. આ વખતે તેમણે મમેરવાનાં નાનાં નાનાં બારીક લાકડાં બતાવ્યાં અને મમેરવાની બનાવેલી મેંસ બતાવી જે બાળકને સ્ત્રીના ધાવણ સાથે આંજવાથી ગર્ભમાંથી ઉત્પન્ન થયેલી ગરમી નીકળી જાય છે.

નર્મદાના મૂળ અમરકંટક પાસે પથ્થર ઉપર ગોળ્છી જેવી દમમૂળી પાવાથી તાવ તૂટી ગયાની એમણે સુંદર વાત કહી. વાળો કાઢવા માટે અમરવેલ પીવડાવવાની વાત કહી અને શીતળા વિષે વાત કરતાં તેજબલનું લાકડું કે જેના ઉપર શીતળાના ફોલ્લા જેવા ગાંઠા હોય છે. તેનો ઘસારો પાવા કહ્યું. આ વખતે અમને જતાં બ્રાહ્મીનું સુંદર શરબત પાયું. તેમણે કહ્યું કે ઉત્તરકાશી અને તેથી આગળની જે બ્રાહ્મી આવે છે તે સફેદાઈ વાળી હોય છે. અને તે જ વધુ ગુણ આપે છે. તેમણે કહ્યું કે ઘણા સાદા પ્રયોગો આખું બંધારણ ફેરવી નાખે છે. છતાં લોકો શા સારૂ આવી દૈવી વનસ્પતિઓને મૂકી ખનીજ ધાતુઓમાં પડતા હશે? તેમણે કહ્યું કે બાળકોના રોગોમાં માતાની દવા કરવાની હોય છે, બાળકોની નહિ. સાદી વનસ્પતિઓ વિષે વાત કરતાં તેમણે કહ્યું કે શરદી મટાડવા માટે એક હિમેજના સૂઠીથી બેત્રણ કકડા કરાવું છું. અને રાત્રે આપુ છું ત્યારે સવારે શરદીમાં ગજબનો ફાયદો થઈ જાય છે. તેમની પાસે હિમેજનો ડબ્બો હતો તે જોઈ મારા ઉમંગનો પાર ન રહ્યો. હિમાલયની આ સૂકી બ્રાહ્મી તેમણે ડબ્બામાં રાખી મૂકી હતી.

આપણો સંન્યાસીવર્ગ આચાર વિચારમાં બહુ શુદ્ધ હોય છે. તેમનાં કપડાં બહુ જ શુદ્ધ અને ચોખ્ખાં હોય છે અને તેટલા જ તેમના વિચારો શુદ્ધ હોય છે. અમો ગયા ત્યારે તેઓ પાસેની ભીમા નદીમાં સ્નાનક્રિયાથી શુદ્ધિ કરતા હતા. સાબરશીંગાની ભસ્મ ઘણા વૈદ્યો વાપરે છે પરંતુ તેમણે કહ્યું કે જે

સાબરશીંગાના શીંગડાં આપોઆપ પાકીને ખરી પડે તેની જો ભસ્મ કરવામાં આવે તો તે ખાંસી, શ્વાસ અને દમમાં ગજબનો ફાયદો કરી નાખે છે.

સ્વામીજીએ કહ્યું કે ચૈત્ર માસનાં આમળાં જો માણુસ એક એક તોલો પીએ તેને રસાયનનો ફાયદો મળે છે. અને આ ઉંમરે પણુ તેઓ તરત જ જંગલમાં આવવા તૈયાર થયા. આ ઉંમરે પણુ તેઓ ઘરડા નહિ પણુ જુવાન જ છે.

હરસ-મસાના ઈલાજમાં તેઓએ જણાવ્યું કે પીળા કાંટાસળિયાનાં સાત પાન અને અઢી મરી નાખીને નિયમિત પીએ તો મસા મટી જાય છે. વિષમ જ્વરો એટલે મેલેરિયામાં પણુ તુલસીનાં સાત પાંદડાં અને સાત મરી વાટી પીવે તો જૂના મેલેરીયાનો પણુ નાશ થાય છે. તેમણે કહ્યું કે ગરીબ લોકો મરચાં રોજને રોજ વાટીને ખાય છે પરંતુ ભરી રાખતા નથી. મરચાનાં બી અને રીંગણુનાં બી જો પેટમાં જાય તો વીર્યનો ક્ષય કરે છે. આવા સંન્યાસીઓએ જ બારીકાઈથી આખી આર્ય સંસ્કૃતિને સંઘરી રાખી છે અને સંઘરી રાખે છે.

બાવચીનાં બીજ, તુલસીનાં બીજ અને પુવાડિયાનાં બીજ ને ખાંડી કુટી ખાટી છાશમાં ચાર દિવસ પલાડી રાખી પછી તેને ચામડીના રોગ ઉપર ચોપડે તો ચામડીના રોગો મટી જાય છે.

વનસ્પતિને નક્ષત્રો સાથે સંબંધ છે. ગમે તે વનસ્પતિ ગમે ત્યારે લાવીને પીવી કે ઉપયોગ કરવો તેથી પૂરું ફળ નથી મળતું. ઉલટું કેટલીક વાર નુકશાન પણુ થાય છે. જેમકે આમળાં ચૈત્ર માસમાં જ પીવાં. આ વખતે અમે નગોડના જંગલમાંથી પસાર થતા હતા.

સવારમાં ૦ાા રૂા. ભાર હરડે, બપોરે જમ્યા પછી આમળાં-

૦ાા રૂ. ભાર અને સાંજે ૦ાા રૂ. ભાર બહેડાં મધ સાથે લેવાથી જુવાની પાછી લાવે છે. ખેડબ્રહ્માથી આગળ જ ઇંદ્રજવના જંગલની ઝાડી શરૂ થાય છે.

ઇન્દ્રજવના જંગલની ઝાડી

" આપણે બગડયા સો બગડયા ભાઈ
તુમ ન બગડો વો રામ દુહાઈ. "

આપણે અંગ્રેજી વૈદક ભલે અપનાવી લોહી ધાતુઓ બગાડી પણ આપણાં બાળકોને હવે ન બગડવા દેતાં. સ્વામિજી જંગલમાં આવ્યા. વચમાં રસ્તામાં તેમણે કહ્યું કે લસણનું સંસ્કૃત નામ રસોન છે. રકારનો લકાર થઈ જાય છે. લસોન થયું અને પછી લસન કહેવાય છે. અભ્રક બનાવવામાં આકડાના મૂળની છાલ લઈ તેને ઉકાળી તે દૂધને બદલે વાપરી શકાય છે તે વાત કરી. કાળા ધંતુરાને ત્રણ ફૂલ એકમાં એક થાય છે તેની કિંમત

ધણી છે તે વાત કરી, પણ કાસુંદરા જેવો છોડ જે આ બાજુ ઢગલાબંધ થાય છે તે ઉપરનો દોહો ઘણો સારો કહ્યો.

પત્ર કસોંદી ત્રણ હરે જડસે સાપ ડરાય,
ફૂલ રતોંધી જાત હે ફલસે વાઘ ડરાય.

જંગલમાં ફરવા જવું હોય અને કાસુંદરાનાં બે ડાળખાં હલાવતા હલાવતા જાવ તો વાઘ પણ સામો નહિ આવે. ફૂલ આંજવાથી આંધળાપણું મટે છે. પાંદડાંની લુગ્દી ચોપડવાથી સોજો ઊતરે છે અને જડ ચોપડવાથી વિષ ઊતરી જાય છે.

બીલીનાં આ બાજુ એક પાંદડાવાળી થાય છે. તેને ઉપરથી ત્રણ ભાગ થાય છે. સ્વામિજીએ કહ્યું કે શ્રાવણમાં બીલીના પાનનો તોલો તોલો રસ પીનારને લોહીની ગરમી શી રીતે રહે ? બીલીનાં કુમળાં ફળ બાફી બાફીને ખવાય છે અને પાકુ ફળ તો અમૃત જેવું છે. ઝાડો રોકે નહિ માટે સિંધવ નાખીને ખાવું. અને બીલીના ફૂલનું શાક ખાવું.

ધોળા આકળાના મૂળમાં ગણપતી જેવી ગાંઠ હોય છે. અને તેનું મૂળ પૂજાના કામમાં અહીં લોકો લેતા હોય છે. ભીલ આશ્રમના સંચાલક શ્રી નંદુભાઈએ આંખના રતાંધળાપણા વિશે પૂછતાં સ્વામીએ જણાવ્યું મરચીના પાનનો રસનાં હાથથી નીચોવી બે ટીપાં આંખમાં નાખવાથી પાણી બધુ ઝરી જઇ તારા દેખતો થશે અને દીવો દેખતો થશે આ વખતે ઘઉંઆ ઉપર કડાયાનાં સુંદર વૃક્ષ દર્શન દેતાં હતાં જેના ગુંદરમાંથી ગ્યુઇગગમ બનાવાય છે.

કોઈપણ વસ્તુનું રહસ્ય સમજો, ખાલી વાંચી ન જશો. આશ્રમ વ્યવસ્થા વ્યક્તિને સુધારશે નિયમ વર્ણને સુધારશે વર્ણ સમાજ સુધારશે, શસ્ત્ર સમાજ સુધારશે. સ્વામિજીએ કહ્યું કે મેં જે દંડ ધારણ કર્યું છે તે દેહાધ્યાસ જે અનેક જન્મોથી પડયો

કડાયાના વૃક્ષ

છે તેનું લક્ષ્ય અમે દંડમાં મૂક્યું છે. મનુષ્યમાં ૪૮ સંસ્કાર પૂરા પડે છે ત્યારે મનુષ્ય પૂર્ણ થાય છે. આપણે અમર થવું છે, મરવું નથી માટે ઉત્સાહથી આ સર્વ પાળતા જાવ.

શારીરિક વિશ્રાંતિ તો ઉંઘથી મળી જાય છે પણ માનસિક વિશ્રાંતિ સત્સંગ વિના નહિ મળે. Policy and power શસ્ત્ર અને શાસ્ત્ર બન્નેય વગર રાજ્ય ચાલે જ નહિ. એ સ્વામીજીના દંડ ઉપરની નિશાનીમાં હતું. પ્રથમ અભ્યાસ મનમાં પડે છે પણ લાંબા અભ્યાસ બાદ તે પ્રાણમાં ઊતરે છે. પ્રાણમાં ઊતર્યા પછી આપોઆપ થાય છે.

રસ્તામાં ચણાના ખેતરો જોતાં સ્વામીજીએ કહ્યું કે ચણાનો ક્ષાર લૂ લાગી હોય તો પણ ફાયદો કરે છે. આજે ચૈત્ર સુદ

એકાદશી હતી. ધોળવનના ગીચ જંગલમાં અમે ગયા. આટલી બધી આમલીઓમાં એક આમલી ઉપર એ જ આમળાં હતાં. એક મેં ખાધું અને એક સ્વામિજીએ ખાધું. આ દિવસે આમળું ખાવાથી આયુષ્યની વૃદ્ધિ થાય છે એમ મેં વાંચેલું. બીલાં તો ખૂબ લાગેલાં. અમારા વૈદરાજનો વાળંદ નારણ સાથે હતો. તેને ટીંબરૂ ખાવાં મળ્યાં. પાછા અમે વિરેશ્વર ગયા. અહીં ઝરણાં પાસે એક વેલ જોઇ જેને ગુમડાં તોડવામાં વાપરે છે.

ગુમડાં તોડનારી વેલ

આ પહાડમાં દારૂ હળદરના છોડ છે અને તેમાંથી આંખમાં આંજવાની રસવંતિ બનાવે છે. રસ્તામાં દોડીના વેલા જોયા. દોડી ચાવવાથી તેના કુચાં વળતા નથી અને બારેય માસ પાણી પાયા સિવાય જ લીલી રહે છે. માટે સંસ્કૃતમાં તેનું નામ જીવન્તી પાડયું છે. આ બાજુ એક કડવી દોડી પણ છે. અને તેને એ

Scanned with CamScanner

ફળો લાગે છે. ચિત્રો ધોળો ફૂલનો જોયો પણ રાતા ફૂલનો આ બાજુ છે, કાળા ધંતુરાની હું શોધ કરતો હતો પણ મળ્યો નહિ. ખેડબ્રહ્માથી રાધેવાડથી આગિયા અને આગિયાથી મટોડા અને મટોડાથી હેગટીઆ, હેંગટીયાથી સેંબલીયા અને ત્યાંથી હાથમહુડી આગોદથી રતનપુર ત્યાંથી ખેરાજ આવ્યા. ખેરોજથી ટેંબડા ટેંબડાથી દોતડ, ગોલવાડાથી ગણુવા, દંતરાલથી આંબામહુડા આવ્યા. રસ્તામાં સાબર અને શેઈ નદીને ઓળંગી આ બાજુ નદીઓના કાંઠા ખાસ જોવા જેવા છે. વેળાઓ ઉપર નગોડનાં સુંદર વૃક્ષો છે જેના બી વાત રોગોમાં વાપરે છે.

નગોડ

આ બાજુ ડુંગરાઓમાં કોઈ વૃક્ષ જ જમીનદારોએ રહેવા દીધું નથી. લોભને નરકનું દ્વાર જે ગીતામાં કહ્યું છે તે અહીંના જમીનદાર અને કોંટ્રાકટરોએ જે પોશીનાની આજુબાજુના ડુંગરાઓ એવા સાફ કર્યા છે કે કપાળમાં વાળ હોય કે આ ડુંગરામાં

ઝાડવું જોવાનું મળે. શાસક વર્ગે પણ કેવું શાસન ચલાવ્યું કે મારી અમૂલ્ય વનસ્પતિઓનો સંહાર થવા દીધો ? ધન્ય છે તે લોકના administration રાજ્ય વહીવટને ? કહેવાય છે કે આ જંગલોમાં આયુર્વેદિક વનસ્પતિનાં ઘણાં જ વૃક્ષો હતાં. કેટલાય વેળાઓ હતા. પણ બધાના કોલસા થઇ ગયા. આજે ડુંગરો બોડા લાગે છે. આંબા મહુડાની એક ટેકરી ઉપર ભીલ આશ્રમમાં અમે ઊતર્યાં. આ સ્થાન રમણીય છે. પાછળ સોનગઢનો ડુંગરો છે અને આગળ પર્વતની હારમાળાના સુંદર દૃશ્યો છે. હવા સૂકી છે અને કફનાં રોગીઓ માટે ઘણું જ સારું છે. શેઈમાં એક કાળીઓ ધરો છે ત્યાં બારેય માસ પાણી રહે છે. પોશીના નામ શા ઉપરથી પડયું હશે તે મને ખબર નથી પણ સૂકો પ્રદેશ આ ટી. બી., કંઠમાળ, મંદાગ્નિ અને ઉદર રોગવાળા માટે ઉત્તમ છે. તેમાં સંદેહ નથી. નગોડનાં તો જંગલો ને જંગલો પોળો ભણી છે તે

અરડૂસાનો મો'ર

જોઈ સ્વામીજીએ કહ્યું કે વાના રોગીઓ મેથીપાકમાં શેર મેથીએ અધોળ બીજ અને અધોળ તુલસીનાં બીજ નાખી ખાય તો ભલભલો વા મટી જાય. નગોડનાં બીજોનો આ રીતે ઉપયોગ થાય તેની મને પણ ખબર નહોતી. બીલાં અહીં ઘણાં થાય છે અને તેનું શરબત સારું છે. અહીં અરડૂસાનો મોર જોવા જેવો છે. દશમૂળમાં વપરાતો અરડૂસો આજે તો ભુલાઈજ ગયો છે.

સોનગઢ અને દંતરૂલા પહાડની વચ્ચે એક ટેકરી ઉપર લગભગ નવસો ફીટની ઉંચાઇ ઉપર બહુ જ સુંદર સામાજિક કાર્યકર શ્રી હીરૂભાઈના પ્રસંગમાં આવ્યા. આદિવાસી કોમમાં કામ કરવું તે પણ ભગવાનનાં દર્શન કરવા બરોબર છે. તેમની પાણીની ટાંકી ઉપર ઊભા રહેતાં પહાડોમાં વસતા પરમાત્માનાં સુંદર દર્શન થાય છે. હીરૂભાઈ ન હોત તો આ પ્રદેશમાં રહેવાની મજા ન આવત. નંદુભાઈએ આ ભાષા પોતાની કરી લીધી છે. એક ગંભીર, શક્તિશાળી, આગળ જોઈ શકનાર, સાત્વિક અને કર્તવ્યનિષ્ઠ અહીંના પ્રોજેક્ટ ઓફિસર શ્રી ચંદુભાઈના સંસર્ગમાં આવવું એ પણ સંસ્કૃતિ જાણવા અને જાળવવામાં જબરદસ્ત મદદ-રૂપ વ્યક્તિ બની રહે છે. ચૈત્ર સુદ ૧૨ ના સવારે શ્રી ભાસ્કર ભાઈ, હું તથા નંદુભાઈ સાથે પોશીના જવા નીકળ્યા. નંદુભાઈએ સોમાજી કરીને એક આદિવાસીને સાથે લીધો. પહેલાં જ જાદરીયાગઢના મહાદેવમાં ગયા. આઠસો વર્ષ પુરાણી એક દેવીની ખંડિત મૂર્તિ આજે પણ હયાત છે. જેમ બંગાળે શક્તિની પૂજા કરી છે તેમ અહીંના આદિવાસીઓમાં પણ શક્તિની પૂજા રહેલી છે. આ લોકોનો રાજા રામ હતો તે તેમના સંસર્ગમાં આવ-વાથી સહેજે મળી રહે છે. અગસ્ત્ય જેવો પણ ભીલ કન્યા પરણ્યો હતો અને મહાદેવ પણ ભીલડીથી મુગ્ધ થયા હતા કારણ કે આપણને ડીગ્રી મેળવતાં આવડે છે. કમાતાં આવડે છે, સંપત્તિ ભેગી કરી સાચવતાં આવડે છે પરંતુ જીવન જીવતાં આવડતું નથી. શ્રી નંદુભાઈ તે જોવા માટે એક ભીલને ઘેર

Scanned with CamScanner

ગયા. ભીલ સ્ત્રીનું નામ વેણુકી. તેના મોં ઉપર આત્મા, ઈંદ્રીય અને મનની પ્રસન્નતા હતી. તેના પુરુષનું નામ કાનીયો. અતિથિપણું આ લોકોમાં કાઠીયાવાડ કરતાં અનેકગણું વધુ છે. સોમાઉએ જતાં વાવરણ ત્રણ પાંખડીનો ભૂરા રેસાવાળા ફૂલના ઝૂમખા સાથે જેને સંસ્કૃતમાં વાયવરણો કહે છે તેનું કાનવાસ પાસે સુંદર વૃક્ષ બતાવ્યું. વાયવરણાની છાલ શરીરની અંદર ગમે ત્યાં ગુમડું થયું હોય તેને તોડી ફાડી નાખે છે અને ઓપરેશનની જરૂર નથી પડતી. આગળ ચાલતાં પોસીનામાં મકરાણીનું વૃક્ષ જોયું. તેનાં પાંદડાં પગની આંગળીઓ ફૂગાઈ જાય છે તેમાં વાપરે છે. અને નંદુભાઈ મહારાજને મળવા રાંગીવાડ ગયા હતા ત્યારે મહારાજે આ ભાગમાં રગત રોહીડાનું વર્ણન

રગત રોહીડો શીંગ ફૂલ ને પાન સાથે

અમોને આપ્યું હતું તેના વૃક્ષો અહીં ઘણા પ્રમાણમાં છે. આજે પણ ચોળાની શીંગ જેવી મોટી અને જાડી શીંગ જેના ઉપર થોડોક ગુંદર પણ બાઝેલો હતો. તે પાકે ત્યારે લાલ રંગની થઈ જાય છે અને પીળું ફૂલ કરણના ફૂલના આકારનું પરંતુ અંદરથી પાંચ પુંકેસરોવાળું; પાકે ત્યારે રાતું અને અત્યંત સુશોભિત

રગતરોહિડાનું ફૂલ

લાગે છે. તેની છાલ ઉકાળીએ ત્યારે પણ રાતો રંગ થાય છે. આ વૃક્ષને સંસ્કૃતમાં રોહિતક, રોહી અને દાડીમ પુષ્પક કહે છે. ખરેખર તેનું ફૂલ દાડમના ફૂલ જેવું જ છે તે ઝાડ ઉપર ફૂલ જોવાથી તેનું જ્ઞાન થાય છે. ફૂલનો અને ફળનો રંગ લાલ છે તેથી તેને રગત રોહીડો કહે છે જે બરોળનો અવશ્ય નાશ કરનાર તરીકે ઊગે છે તેથી તેને રગત રોહીડો કહે છે. આ

રંગતરોહીડો રુચિ ઉપજાવનારો, લોહીને સાફ કરનાર અને ખરોળનો નાશ કરનારો છે. અહીંનાં ભીલનાં છોકરાં જે દશ વર્ષ સુધી નાગાંજ ફરે છે તેમાંનાં ઘણાંને ખરોળ દર્દ વધ્યાનું મેં જોયું. જંગલમાં ડુંગરાઓના દર્શન કરતાં કરતાં પોસીનાથી કાળી કાંકર તરફ જતા હતા. આ વખતે ખાખરાના ઝાડ ઉપર પાંચે પાંચ શીંગોના લૂમખામાં ખાખરાને ફળ લાગેલાં હતાં અને પોપટની ચાંચ જેવાં લાલ ફૂલો જંગલની શોભા વધારતાં હતાં. સંદેશરાનાં ઝાડ અહીં ઘણાં છે. જેટલાં દૂધવાળાં ઝાડ છે તેની ડાળ વાવી રોપીએ તો ઊગે છે. હીરૂભાઈના કૂવા પાસે ખેરણીનું ઝાડ છે તે દૂધનું દહીં બનાવવાના ઉપયોગમાં લેવાય છે. અહીંના આદિવાસીઓના પ્રસંગમાં આવવાથી એક વાત જણાય છે કે બુદ્ધિ ભણવાથી નથી આવતી પરંતુ ચેતનામાંથી પ્રગટ થાય છે. કુદરતે આ લોકોના ઘાટ બહુજ સુંદર અને નાજુક ઘડ્યા છે. અહીં પણ વચ્ચે બહેડાનું એક સુંદર વૃક્ષ જોયું. પોસીનામાં જંગલેશ્વર મહાદેવમાં ગયા. તે એમ બતાવે કે આજુબાજુ ગાઢ જંગલો હતાં. પરંતુ દિલ્હીથી અહમદશાહના વખતમાં બાદશાહે આ મંદીરની મૂર્તિઓ ખંડીત કરેલી છે. અર્ધ સિદ્ધાસનની મુદ્રા સુંદર જોવા જેવી છે. પાર્વતીજી ખડે પગે મુખ ઉપર ગંભીર અને સૌમ્ય ભાવ ધારણ કરી જમણા એક હાથમાં ડમરૂ, જમણા નીચેના હાથમાં કમળ, ડાબા નીચેના હાથમાં દર્શીકા અને તર્જની બીડેલીવાળી મુદ્રા અને કમંડલ અને ડાબા ઉપલા હાથમાં ગણપતી લઈને શીવની પૂજા કરવા ખડે પગે ઊભાં છે. સ્વામીજી ગર્લ્સકોલેજ વાત કરતા હતા કે આંબાનો મોર થોડોક ખાઈ જવો અને થોડોક ચોળવો તેનું આજ હીરૂભાઈએ સમર્થન કર્યું. આંબા ઉપરથી કેરી વેડતાં ડાંખળી તોડતાં જે ચીક નીકળે છે. તે ચીક શીશીમાં ભરી રાખી વીંછી કરડ્યો હોય ત્યાં એકટીપું લગાડવાથી તરત જ શાન્તિ થઈ થાય છે. શેઈ નદીના કાંઠે આ અમારું પર્યટન થયું. સૂકી પાપડી જેવી શીંગો અને પીળાં ફૂલ

લટકેલા આવળના હજારો છોડ ઊભા હતા. દૂર દૂર એક એક ઝૂંપડું ભીલનું મળતું હતું. કરોડો પુણ્યો બાદ એકાંતમાં રહેવાનો મોકો મળે છે; પહાડ ભગવાનનું સ્વરૂપ એટલા માટે કહું છું કે એટમબોમ્બ બનાવતાં જે રેડીઓ એકટીવ દ્રવ્ય કચરો રૂપે નીકળે છે. તેને પહાડમાં દાટી દેવું પડે છે એટલે પહાડ વનસ્પતી રૂપે અમૃત આપે છે અને પોતે વિષ પાન પણ કરે છે. તે પણ એક સમજવા જેવી વાત છે.

આશ્રમની પાછળ સોનગઢનો ડુંગરો લગભગ ૨૩૦૦ ફૂટ ઊંચો છે. પાવાગઢ જેટલી તેની ઊંચાઈ છે. વૈદ્યોએ જેમ હરણાવનો કિનારો ફરવા જેવો છે તેમ શેઈ નદીનો કિનારો પણ ફરવા જેવો છે. કોક કોક વેળામાં અંકોલના ઘણા છોડો જોયા. ચિત્રો કરડયો હોય ત્યારે ખૂબ કામમાં લાગે છે. પોસીનાના મુખી માધુભાઈ પટેલના ત્યાં ગયા હતા Sciatica રાંઝણનું દર્દ હતું તેમને નગોડ અને તુલસીનાં બી મેથીપાકમાં નાખી ખાવા કહ્યું સાથે પાંચ ઉપવાસની સલાહ આપી. તે તેમણે તરત જ સ્વીકારી લીધી. આ બાજુની જમીનમાં પાણી બહુ જ નજીક છે. ૧૦ ફૂટ ખોદતાં પાણી મળી જાય છે. એક કૂવામાં ધોળું પાણી જોયું. પાણા ઘણા નીકળે છે. નદીનો કેટલોક ભાગ રેતી અને કેટલોક ભાગ પથ્થરવાળો છે. મેવાડના ડુંગરા જેવા લુખ્ખા આ ડુંગરા નથી. ભીલનું ઘર એટલે એક ખાટલી, એક માટલી, બે કોઠીઓ, એક ભાગમાં ગમાણ, એક ખુણામાં તીરકામઠાં અને બાણ, પાંચ પંદર ગાયો અને આંગણામાં બોરડીનું ઝાડ એ દૃશ્ય તેનું Simple living and high thinking રજુ કરતું હતું. ટીંબરૂનાં થોડાંક પાકાં ફળ ખાધાં આંગણાની બહાર એક પથરો અને ઓરસીયો ચટણી બનાવવાનો પડયો હતો. લુખા રોટલા અને મરચુ ખાનાર પ્રજા સુડોળ હોય છે તે વાત નોંધવા જેવી છે. કારણ કે ગુજરાતમાં મારા ઉપર લૂખા ખોરાકનો જે દોષારોપણ

આવે છે તેઓ અહીં આવી જુએ કે લુણાથી અગ્નિ વધે કે ઘટે.

જેટલા જૂનામાં જૂના પહાડો છે તેટલી જૂનામાં જૂની સંસ્કૃતિ અહીંની છે.

બપોરે જમ્યા પછી અહીંથી દંત્રાલ ગયા. ત્યાં સંગ્રામ

સદણનું વૃક્ષનું પાન

મુખીને ત્યાં બેઠા. નંદુભાઈની લોકભાષાનો ત્યાં પણ પરિચય થયો. ત્યાંથી ગણવા ગામ ગયા ત્યાં નિશાળ પાસે સદણ નામનું વૃક્ષ. જેનું ચિત્ર આં સાથે આપ્યું છે તે લગભગ ૨૦૦ વર્ષ જૂનું પુરાણું જોયું. ત્યાં બે પેઢી પહેલાં એક સાધુ આવીને ઝાડને બાથ ભરી માથું પછાડતો હતો. આ વાત અહીંના બધા આદિવાસીઓ જાણે છે. ઝાડ પુરાણું ઘણું થયું છે. પરંતુ નિશાળની સામે જ બીજું વૃક્ષ તૈયાર થયું છે તેને જે ફળ આવે છે તે માણસની આકૃતિવાળું હોય છે આ ઝાડ દેવી છે અને તેનાં દર્શન કરવા જેવાં છે તેના ગુણદોષની મને ખબર નથી. ગણવાથી દોતડ ગયા ત્યાં શેઈ અને સાબરના સંગમ પાસે જે સાબરનો ગોળ વળાંક છે તે ઉપરનો ટેકરો બહુ સુંદર છે. થોડાં કેરડાં કાચાં અહીં ખાધાં અને વાયુ છૂટયો. કુણાં કેરડાં જો અથાય તો બી વગરનાં

એવાં સુંદર લાગે છે કે સ્વાદ રહી જાય છે. જે અમદાવાદમાં ઘુજરત ભાઈને ત્યાં મેં ખાધાં હતાં.

ત્યાંથી લાંબડીઆ ગયા. અહીંના આદિવાસી લોક સંતોષી, શાંત, સ્થિર, ધીર અને બધું જ સમજનારા હોય છે પણ આ બજારમાં વેચનારા એ તો સુખી ગામવાળા નોખા જ માલમ પડી આવે છે. પોશીના, લાંબડીઆ, દેલવાડા અને ખેરોજ આ ઉજળીઆત ગામો છે. ત્યાંથી દિલવાડા થઈ ચિત્રવિચિત્ર મહાદેવ ગયા. ત્યાં કડાયાનું બહુ જ સુંદર વૃક્ષ જોયું. આ લોકમાં જ્ઞાન

કડાયા વૃક્ષની ડાળી

અને ભક્તિપૂર્વકનું કર્મ છે. ચિત્ર વિચિત્રની બન્નેય બાજુ વ્યાકુળ છે. વસંતમાં મોગર તો ઘણું જ હું જોયા કરતો હતો પરંતુ બહેડાંનાં મોગર ખાસ જોવા જેવાં હતો. આપણે કપડે જે કુતરી નામનું ઘાસ ચોંટાડીયે છીએ તેવો હોય છે. બહેડાંનાં વૃક્ષ વિશાળ હોય છે. સદનનું વૃક્ષ કદાચ ઉંવનીય ગણનું હશે ? તેનું

સંસ્કૃત નામ શું હશે ? આ લોકમાં વર્ણ સારો છે. વર્ણ અગ્નિનો ગુણ છે. તંદુરસ્તી આ લોકોએ સુંદર સાચવી છે. શું આ લોકને આયુર્વેદ વિના તંદુરસ્તી સચવાઈ હશે ? ના. ઇંદ્રીયોનો અતિયોગ આ લોક નથી કરતા. શહેરીઓએ આ લોક પાસેથી ઘણું જ શીખવાનું રહે છે. મેવાડના જેવા લુખા ટેકરા નથી. ખીજડાના જેવાં રૂંધીઆનાં વૃક્ષ અહીં ઘણાં છે અને તેનાં દાતણ કરે છે. ચિત્ર વિચિત્રથી પીપળીની ઘાટી ચડતાં વીર્ય વધારનાર કવચ ઘણા જ પ્રમાણમાં છે. તેનાં બીજ કાઢી તેને બાફી ફોલી તેની વડીઓ બનાવી હું વીર્યવૃદ્ધિ માટે ખવડાવું છું. વાકળના કિનારે ખેચણો જોયો ખેચણી તો હિરૂભાઇના કૂવા પાસે હતી. ખેચણાને ચિત્રમાં બતાવ્યા મુજબની મોટી પણ એક જ શીંગ લટકે છે. અહીં અરડૂસીનું તો નર્યું જગંલ છે.



ખેચણાની શીંગ



ગણુરા પાસેના વૃક્ષનું પાંદડું

રૂખડાનું વૃક્ષ (ગોરખ આંબલી)

સિંહાસ્ય નામ શાથી પડ્યું તે મેં નંદુભાઈને બતાવ્યું કારણ કે તેના ફૂલનું મોં સિંહ જેવું હોય છે. હવા અને પાણી બંનેય સારા છે. સાબરને કાંઠે દોલતડ અને ચિત્ર વિચિત્ર ઉપર આ લોક આશ્રમ બાંધશે તે સ્વર્ગીય થશે. રૂખડાનું ઝાડ અહીંથી એકાદ માઈલ દૂર છે તે લોહીવામાં વપરાય છે.

પાનડાંનો નવો ઊઘડતો રંગ ચૈત્રમાં જ જોવા જેવો છે

ગણુવામાં અંકોલનું તો ઘણું મોટું વૃક્ષ જોયું. તેની સાથે

અરડૂસીનાં સિંહના મુખ જેવાં ફૂલ

બહેડો પણ હતો. પોશીના પટ્ટામાં પણ મનુષ્ય ઉપયોગી જ બધી વનસ્પતિઓ છે. ખેર પણ છે. અહીંથી મેં સાદડાની છાલ પાંચેક રતલ જેટલી લીધી. ચિત્ર વિચિત્ર મહાદેવ છે અને ત્યાં જતાં પાંચેક વાર સાબર ઓળંગવી પડે છે. નાના નાના જ્યાં વેળાઓ છે તે ઉપર નાની મોટી ઘણી જ વનસ્પતિઓ છે. અહીંના સ્ત્રી પુરુષોની ચાલ, સીધી કમર અને મોઢા ઉપર સંતોષ શીખવા જેવો છે. ટાંબેટ ગાંગેટ અને પાઈનાં વૃક્ષ દેલવાડાની ઘાટી ઉપર ચઢતાં ઘણાં છે. અહીં આટલાં બધાં વૃક્ષ કપાઈ ગયાં. છતાં જે કંઈ વૃક્ષ છે તે વનસ્પતિનાં જ વૃક્ષ છે. મીઠી અને કડવી ઇંદ્રિજવની સરખામણી અહીં કરવા જેવી છે. આ વનસ્પતિઓનાં જે જે નામ મૂકયાં છે તે નિઘંટુમાંથી શોધવાનાં છે. અહીંની ગાયો દૂધ માંડ શેર જેટલું આપે છે. અડાયાં ઘણાં છે. અહીંની પ્રજા પોતાના હાથપગ હલાવીને પોતાનું પેટ ભરે છે. બીજાના હલાવેલા હાથપગથી પોતાનું પેટ ભરતી નથી. આ પટ્ટામાં ખજુરાંનો ઉપયોગ સારો થાય

છે ગણેરનો ગઢ મેં જોયો ત્યારે લાગ્યું કે આ સંસ્કૃતિ જૂની છે પોશીનામાં જૈન દહેરાં પણ છે. નંદુભાઈએ કહ્યું કે અહીં ચૂના અને સીમેંટ બનાવવાના પાણા ને ખાણો છે. (લાઇમસ્ટોન) ઉદ્યોગમાં કુંભારોએ પોતાનો ઉદ્યોગ જાળવી રાખ્યો છે. ભીલ પાસે કીરપાણ હોય છે. તે પણ અહીંના લુહારો બનાવે છે. માટીની હાંડલીમાં એક સરખી ગરમી લાગે છે. તેથી અનાજ મીઠું થાય છે. મરચું બહુ ખાય છે. શાકમાં ડુંગળી અને ભાજીઓ:

Scanned with CamScanner



કડવો અને મીઠો ઈંદ્રજવ

પુંવાડની- નાળાની તાંદળજો ને કાસુંદરાની ખાય છે. કોક કોક ડુંગરો બળતો અહીં જણાય છે. ડુંગરો બાળવાની પણ બાધા હોય છે. આ પ્રજામાં શૃંગાર, વીરરસ, ભક્તિ, કર્મ, જ્ઞાન, પ્રેમ, સ્વાવલંબન અને ધાર્મિક ભાવનાનો પૂરેપૂરો ઉદય છે. આંબા મહુડાના આશ્રમની જગ્યા ઘણી સારી છે. સંદેસરાનાં ઘણાં વૃક્ષો જોવામાં આવે છે. અંહીંની છોકરીઓ સૌંદર્યની ઉપાસક છે. અને વાંસ-ની પણ કુમળી કુમતીઓ બનાવીને પહેરે છે અને ગળામાં સુંદર માળાઓ પહેરી પોતે દેહને શણગારે છે. આ લોકને જો સારો ખોરાક અને શાકભાજી તથા મશાલા અને થોડાં સારાં દૂધ ઘી ખાવાનું મળવાનો સરકાર પ્રબંધ કરે તો સારી દુનિયામાં આ લોક રામરાજ્ય સ્થાપવામાં મદદ કરશે તેમાં મને લેશ માત્ર શંકા નથી. આ લોહી એ રામની સંસ્કૃતિનું લોહી છે. મેકોલે એ જે બનારસનું કહ્યું પણ જો આ ભાગ જોયો હોત તો તે

ત્યાં બોલતે કે મને બીજો જન્મ પોશીના પટ્ટામાં આપજે. સુરત, વલસાડ, ચીખલી જેવી આ બાજુના લોકના મોંમાં ગાળ નથી પણ વિનય છે, નમ્રતા છે ભાવના અને ઊર્મિવાળા લોક છે. પરગજુ છે અને કોઈનેય પણ નુકશાન કર્યા વિના જીવે છે. પહાડો છતાં ભૂમી ફળદ્રુપ છે. મહુડાં ઘણાં છે. થોડાં ફૂલ અમે પણ ખાધાં. કેરડાં અને બોરનાં અથાણાં આ લોક ખાય તેનો પ્રચાર કરવા જેવો છે. અને કુમળા વાંસનું શાક ખાવાનું પણ કહેવા જેવું છે. અહીં જે વાવો છો તેને સારી રાખવા એક ખાતું ખાસ ખોલવા જેવું છે.

ચરક આપણો મોટો (ફીઝીશિયન) વૈદ્ય હતો અને ભગવાન કરશે તો એક મોટો આશ્રમ આ પોશીનામાં હું નાખીશ પણ ખરો. ગાયો ઘણી છે. આ લોકના પેટ સુધારનાર છાશનો પ્રચાર કરો. આ લોકની ચામડી સુધારનાર દૂધનો પ્રચાર કરો અને આ લોકના શરીર ઉપર માંસ લાવનાર માખણનો પ્રચાર કરો. આ લોકનાં પેટ સુધારનાર હરડેનો ખૂબ પ્રચાર કરો. ગામેગામ હરડે દબાવીને કોઠીઓ મુકાવો જેથી જે છોકરાંનાં ગાગર જેવાં પેટ થઈ ગયાં છે તે મટી જાય. ચિત્ર વિચિત્ર જાતાં કુમારપાઠાનું આખુ જંગલ જોયું. ભાવ પ્રકાશના ગ્રંથમાં બાળકોના લીવરના રોગોમાં વાપર્યું છે. આ કુમારપાઠાનો પણ પ્રચાર કરો આવતા તાવમાં. શોધન અને શમન ક્રિયા નથી ઘૂસી તેથી જ મેલેરીઆ ઓછો છે એ જોવાનું મને સદ્‌ભાગ્ય મળ્યું. અહીં બકરાં ઘણાં છે, ઊંટ ઘણાં છે, ગાયો ઘણી છે. ચરકે લખેલાં આઠ મૂત્ર અને આઠ દૂધ અહીં છે. શરીર અને મન બન્નેય સુધારવાનું ભાથું અહીં છે. આઠેય જાતનાં મધ આ પોશીનામાં છે. ઓ મનુષ્યો! પોશીના પટ્ટાની આજુ સુધીના જંગલોની વનસ્પતિઓ ને ડુંગરાઓ આંખો ફાડી ફાડીને તમે જુઓ! મારા આયુર્વેદનાં તમને સાકાર દર્શન થશે. આ લોકમાં શરદીના રોગ ઓછા છે. ચામડીના અને ગરમીના રોગ છે અને

તેની ઔષધિઓ પણ અહીં છે; પ્રચારની જ જરૂર છે. ઇંજેક્શન, એન્ટીબાયેટિક અને ધાતુ બગાડનાર ચિકિત્સા અહીં હજી સુધી નથી પેઠી એ ભારતનું સદ્‌ભાગ્ય એટલા માટે છે કે દૂધપાકના તપેલામાં દહીંનો છાંટો પડ્યો નથી. આ ફરજંદ ઋષિઓનાં છે. ભૂમિ ઋષિઓની છે અને અહીંથી ઋષિઓ પેદા થશે -એમાં મને શંકા નથી. શ્રી. ચંદુભાઈની શક્તિનો લાભ એ રચનાત્મક કાર્યમાં સફળ થવાનો છે જ. નાની જાંબુડીઓ ગણુવાના વેળા ઉપર મેં જોઈ તેને અહીંના ભીલો માકણુા કહે છે. તેને ઝીણા ઝીણા લખોટીઆ જેવડાં જાંબુડાં લાગે છે. ઓ હૃદયરોગથી પીડાતા મનુષ્યો! તમે સાદડની છાલ ઉકાળી ઉકાળીને લાલરંગનું પાણી પીઓ; આ તમારૂં કોરામીન છે. ટેંટુંના ઝાડ ગણુવામાં ઘણાં છે. અહીંના લોકો દાઝયા ઉપર ટેંટું ઘસીને ચોપડે છે અને તરત જ ચામડી સારી આવી જાય છે તેની બધા નોંધ લ્યો. દાઝયાં ઉપર ટેંટું અકસીર કામ આવે છે. દશમૂળમાં વંપરાતું આ ટેંટુ (સોનાપાઠા) મારું મસ્તક નમાવે છે. સદન અને ટેંટુંનાં વૃક્ષોને મેં નમસ્કાર કર્યાં.

શેઈ નદીનું પાણી ઉનાળામાં પણ બરફ જેવું ઠંડુ રહે છે. અને તેથી જ તેનું નામ શેઇ પાડયું છે. શેઈ એટલે જ ઠંડું. પહાડ પાસેનાં ખજુરાંનાં સુંદર વૃક્ષ સુંદરતામાં અનેરૂં દશ્ય આપે છે; તેને કાપી ન નાખશો. અહીંના ડુંગરામાં ભગવાનનાં દર્શન કરીને તેને નમન કરજો. અને અહીંના ભીલોને ઋષિઓના વારસો ગણી આદર આપજો. અહીંની નદીઓ ગંગાજી છે અને પાપ ધોનારી છે. અહીંના બાળકો દેવનાં દીધેલ છે. પહાડોમાં પાણી પાસે જ હોય તે આ અરવલ્લીમાં જ છે. પ્રજા સ્વમાની છે, શહેરોમાં જીવન વિકાસનાં થોથાં લખાય છે. તે અહીં આચરણમાં છે. આ લોક **ગૌ–પ્રધાન અને જંગલ–પ્રધાન** સંસ્કૃતિમાં જીવે છે. જંગલ ખલાસ કર્યાં તેથી સજ્જડ ધક્કો લાગ્યો

છે. અહીંની સ્ત્રીમાં મંત્રીપણું, દાસીપણું, માતાપણું અને રંભાપણું છે. કેળવણીના નામે જો અહીં પણ ભૂમિતિ અને ગણીત ને ખોટા ઇતિહાસ ભૂગોળ દાખલ થશે તો સ્ત્રીત્વનો નાશ થશે A female here is perfect in Beauty, Powerful in her vital gnani in mental and Loving in phisique. આ લોક અવતારવાદને માને છે. રાજકારણ પૂરૂં સમજે છે. પણ એવો કોઇ અવતાર પાછો આવશે તે દોષો દૂર કરશે. વ્યભિચારને આખરીયું કહે છે. અને થોડો દોષ કોઇ જગાએ ઊતર્યો છે તેથી પરમો ચાંદી માલમ પડે છે. પરંતુ ગળો ને ગુગળનો તે માટે પ્રચાર કરવો જરૂરી છે. ભાષા બહુ મીઠી છે અને ગુજરાતી ને સંસ્કૃતનું મિશ્રણ છે. પરંતુ વિશેષે સંસ્કૃત કરતાંય ગુજરાતી પ્રધાન છે: માણસોનાં નામ પણ સંગ્રામ, કૃષ્ણ, ધરમી જેવાં સંસ્કૃતમાં છે. પ્રજા આસ્તિક છે. રસ પ્રધાન નહિ માંસ પ્રધાન નહિ પણ વીર્યપ્રધાન છે. આટલા બધા કારમા દિવસો ગયા છતાં સંસ્કૃતિ ઊભી રહી છે તે પૂર્વજોનું ભગીરથ તપની યાદ આપે છે. ચામડી દ્વારા સૂર્યસ્નાન તેમની ચામડી બહુ કરે છે અને વાળ પણ સૂર્યની શક્તિ ખૂબ ખેંચે છે તેથી તેમના મગજમાં બહુ દોષ નથી અને સ્વભાવના સરળ છે. તેમના જીવનમાં સ્થિરતા શાંતિ અને સંતોષની પ્રતિષ્ઠા છે. આ લોકને ચાલતાં સરસ આવડે છે. પૃથ્વી ઉપર એક એક ડગલું સાચવીને મૂકે છે તે જ તેમનાં મગજની સ્થિરતા બતાવે છે. કફલા નથી એટલે હૃદયમાં પાપ નથી. આ લોકની નાકની દિવાલ પાતળી કાનનો પડદો પાતળો ચામડી પાતળી ને સુંવાળી જીભ પાતળી એટલે જ્ઞાન તરત જ થઈ જાય છે અને સાનમાં સમજી લે છે. અહીંનાં ગામનાં નામ પણ વનસ્પતિ ઉપરથી ઘણાં જ છે જેમકે આંબો મહુડા આશ્રમ, પીપળીઆ, વગેરે, તે એમ બતાવે છે કે વનસ્પતિનાં અહીં જંગલ હોવાં જ જોઈએ. આ પ્રદેશમાં ગાયો જ્યાં ત્યાં જણાય છે અને વૃક્ષો જ્યાં ત્યાં છે તેથી મૂળ પ્રદેશ આ

કહી શકાય. કેશુડાનાં હિંગળોક રંગના લાલ ફૂલ આંખો ફાડી ફાડીને જોવા જેવાં છે. તેને ઉકાળી પાવાથી ઢોરને અને માણસને પેશાબનો ઢગલો થઈ જાય છે. ગોખરૂં કરતાં દસગણું કામ આ સાદી વસ્તુ આપે છે લીલ જે શેઈનદીમાં જોઈ તે નદીનાં પાણીની તળીએ બેઠેલી છે અને હરણાવમાં નદીની ઉપર છે. આ લીલ વિષે વધુ અભ્યાસ માગે છે, મામાના પીપળે જતાં બારાંબેડી અને છત્રંગ પાસે લાલ માટીની જમીન આકર્ષક છે. આ બાજુના જંગલો હવે કપાય છે અને કાળજું બળતું હોય તેવા કોલસાના ઢગલાના ડુંગા જણાય છે. મામાના પીપળા આવ્યા. જગ્યા ઘણી સારી છે. આ બાજુના ડુંગરા વધુ ચેતનવાળા છે, ત્યાંથી છેક બોરાં સુધીના ડુંગરામાં ઘણી જ વનસ્પતિઓ છે. સુંદર નાનો વાંસ અહીંથી લીધો. મરડાશીંગના છોડ ઘણા છે. કેંબલાનાં વૃક્ષ બોરાં જતાં ઘાટી પાસે જોયા. ઉંબિયો આ બાજુ ઘણો છે. આટેરી આ લોક મરડાશીંગને કહે



ઢગનીયો (બોરાં પાસે)

છે તેની શીંગ ઉપયોગમાં લે છે. હગનીઓ નામનું વૃક્ષનાં પાનનું ચિત્ર આપ્યું છે તે પણ બોરાંનાં ડુંગરમાંથી મળી આવ્યો છે. તેના ગુણદોષની મને ખબર નથી. આ બાજુના વેળાઓમાં બહુ પાન નથી પણ ગરમી સખત હતી. રસ્તામાં પાકાં ટેબરૂંનાં ફળ ખાધે જ જતા હતા. પથરા તો ઘણા છે. આગળ ગોળા ભામટાની ઘાટી ઉપર ચઢતી વેળા પાસે ઘણી–જાતની વનસ્પતિઓ દેખાય છે. તેમાંથી ગોરીઓ નામની વનસ્પતિનાં વૃક્ષ જોયાં. બીજાનું નામ આવડતું નથી.



ગોરીઓ

ગોળા ભામટાની ચઢાઈ પવાલીની ચઢાઈ જેવી છે અને તેના ઊતરાણવાળા ભાગ પાસે જ્યાં ગુગળ, કડાયો, નગોડનાં વૃક્ષ હતાં ત્યાંથી આબુજીનાં દર્શન કર્યાં. સોમાજીએ કહ્યું કે

સવારે તો દેલવાડાનાં દહેરાં પણ અહીંથી જણાય છે. ગોળા ભામટાની નીચે એક વહેળો છે તેમાંથી વહેરો ખોદી મારી ટોપીમાં પાણી ભરી ગાળીને પીધું. બીજું એક સુંદર વૃક્ષ હતું. તેનાં પાંદડાં આ પ્રમાણે છે. વડ જેવાં તેનાં મોટાં પણ લુખાં પાંદડાં સાગ જેવાં છે. મને લાગે છે કે આ સાગની જ જાત છે



સાગની એક જાત

પણ તેનું સંશોધનની ખાસ જરૂર છે વાંસ નાના નાના પણ ઘણા જ સુંદર. તેની એક સોટી સુંદર મેં કાપી લીધી.

મામાના પીપળો એટલે છૂટાં છવાયાં ઝૂંપડાં. અહીં ગામ એટલે જથ્થો નહિ. પણ છૂટાં છવાયાં ઝુંપડાં એકાંતમાં આ

આ રીતે સેવન કરવું એ કરોડો પુણ્ય બાદ મળે છે. આ ભાગની હવા સૂકી અને એક પણ કફનો રોગી નહિ. ભીલ એટલે તીર અને કામઠું અને કેડે કીરપાણ. આ લોકના મોં સૌમ્ય અને તેમની પાસે બેસવુંય ગમે. વિશાળ મુખમુદ્રા, ભાષા મીઠી અને આંખમાં અમી છે. એક પણ ભીલના બારણે બોરડી ન હોય તેવું નથી. પ્રથમ હું બોરને સારું ફળ નહોતો ગણતો પણ બોર હૃદ્ય છે તે વાત અહીં હું સમજ્યો. મામાના પીપળા પાસે ટોડ રોક જેવો એક પહાડ છે. ખેર આ બાજુ પણ છે. વૃક્ષોનાં જે બધાં પાંદડાં પડે છે તેનું પાછું ખાતર પણ થઈ જાય છે. જમીન અહીં ઉત્તમ પ્રકારની છે. ચૈત્રના ખાખરાનાં લાલ ફૂલ આકર્ષે છે. લાલ માટીનાં ઘર થાંપી થાપીને આ લોક જે બનાવે છે તે પણ મજબુત અને સુંદર છે. દૂરથી અમે આબુનો પહાડ જોયો તે રળિયામણો લાગતો હતો. આ ડુંગરો મને એમ કહેતા હતા કે ભાઈ મોટા લોક ભૂલ કરે ત્યારે મારા જેવડી ભૂલ કરે છે. મામાના પીપળા પાસે ડુંગરાની વચમાં જે ખીણો જેવું છે ત્યાં ગીચ ઝાડી છે. ભીલોએ પોતાનો પહેરવેશ, પોતાની ચાલ, પોતાનો આહાર, પોતાનો આચાર અને પોતાની ચેષ્ટાઓ બદલી નથી. એકાંતમાં ઘડાએલું આ લોકનું જીવન એક દિવસે દુનિયાને દોરશે. બોરાંથી નીચલા ગઢ અને દેલદર સુધી સારૂં વન છે. પોશીનાથી ખેડબ્રહ્મા ૨૮ માઈલ છે. પોશીના પનારી અને શેઈના સંગમ ઉપર વસેલું પુરાણું મથક છે ત્યાં સુંદર વાય છે પાણી ઉંડું ને નિર્મળ છે. આ અરવલ્લીની હારમાળા મામાના પીપળા પાસે મેં આંખો ફાડીફાડીને જોઈ તે એમ કહેતી હતી કે મારા ઉપર મોગલાઈ, મારવાડી, અંગ્રેજી, મુસલમાની, મેવાડી જેવી અનેક સલ્તનતો આવી ગઈ પણ એ ડુંગરાઓએ પોતાનું અંદરનું સ્વરૂપ એવું ને એવું કાયમ રાખ્યું છે તેમ આપણા ઉપર ગમે તેટલી સલ્તનતો આવે કે જાય પરંતુ આપણું અંદરનું સ્વરૂપ બદલવું જ નહિ. ભીલો ડુંગરા સામે જુએ છે અને આ ઉપદેશ

Scanned with CamScanner

ધારણ કરે છે. પોતાની સંસ્કૃતિ તેમણે બરાબર જાળવી છે. ઈડરથી તારંગા ચાલીશ માઈલ દૂર છે અથવા દાંતાથી ત્રીસ માઈલ છે ત્યાં પણ આ અરવલ્લીની જ હારમાળા છે. એટલે જૂનામાં જૂની આ ટેકરીઓ ઘણી લાંબી પહોળી ફેલાયેલી છે, આ લોકમાં પ્રબળ જઠરાગ્નિ છે. તેથી તેમનામાં જ ભગવાન છે કારણ કે જઠરાગ્નિ ભગવાન છે, ઈશ્વર છે, અન્નને પચાવનાર છે. અને નિર્દોષતા બક્ષનાર છે. વીટામીન અને ટૉનીકવાળાઓએ અહીંના માણસનું ચેતન જોવા જેવું છે કે મકાઈનો રોટલો અને ચટણીમાંથી આ ચેતન શી રીતે આવ્યું ? સંસ્કૃતિનાં થોથાં લખનારાઓ જીવનમાં સંસ્કૃતિ કેવી છે તે જોવા અહીં આવે. આ ડુંગરાઓમાં ધાતુ, ઉપધાતુ અને બીજી કેટલીય ચીજો અહીં ભરી છે; જે આકર્ષે છે અને મસ્તક નમાવે છે. આવી ગુજરાત જોઉં છું ત્યારે થાય છે કે "ઉંચી તું જ સુંદર જાત જય જય ગરવી ગુજરાત; દિસે અરૂણું પરભાત" છેલ્લા શ્વાસ સુધી નહિ પણ જન્મોજન્મ ગુજરાતને નહિ ભૂલાય. સોનગઢના ડુંગરા ઉપર એક પથ્થર છે. પટ્ટો અહીંથી ગૌરીના પહાડો જ્યાં રાણા પ્રતાપ ફર્યો હતો તે ડુંગરાઓમાં રખડવા જેવું છે. ત્યાં જાત જાતની વનસ્પતિઓ છે. શનાલી આશ્રમ અહીંથી આઠ માઈલ દૂર છે. દુનિયામાં બે પ્લાન ચાલે છે એક ભગવાનનો અને બીજો માણસનો પોતાનો. અહીંના માણસો ભગવાનના પ્લાન પ્રમાણે જીવે છે. સાબરની સંસ્કૃતિ એ જૂનામાં જૂની સંસ્કૃતિ કોઈનું કંઈ લેવું નહિ પોતાના શ્રમથી જીવે છે. અમે સોનગરી માતાનાં દર્શને સોનગઢ પહાડ ઉપર ચઢયા ઉપર સપાટ મેદાન છે અને પાણીનો સુંદર ઝરો છે. ઉપર ગુગળનાં ઘણાં ઝાડ છે, મરડા શીંગના છોડ છે. પાંચ–છ ફીટ ઉંચાં ને નાનાં નાનાં પાન છે. ટીંબરૂનાં ઝાડ આ મુલકમાં ઘણાં છે. ચૈત્ર સુદ પુનમનો મેળો હતો. બાર બાર માઈલથી માણસ આવવા માંડયા. ભર ઉનાળામાં પગ ઉઘાડા, મુખ ઉપર પ્રસન્નતા કેસરીને લાલ રંગની સાડીઓ

સુંદર શણગાર જંગલમાં જે કંઈ મળે તેનો શણગારમાં ઉપયોગ. પુરુષ અને સ્ત્રી બધાઓએ નાચ શરૂ કર્યો. સ્ત્રીઓનો નાચ શાસ્ત્રીય એકને ખભે એક હાથ અને રીધમમાં એકે એક અંગ એક સરખું હાલે, સ્વર્ગીય આનંદ હતો. પોતાની સંસ્કૃતિ જાળવતી આ પ્રજાના આત્મા ઈંદ્રીય અને મનની પ્રસન્નતા અને શરીર સૌમ્ય અને ધાતુઓ સરખી વિશ્વાસ એક માત્ર પરમાત્મામાં આ લોકનું કોઈ નથી. પહેલાં અહીં ભવ્ય સંસ્કૃતિ હોવી જોઇએ. સમપ્રકૃતિ છે. અને સમપ્રદેશ છે. સત્ય, અહીંસા, બ્રહ્મચર્ય, અસ્વાદ, અપરિગ્રહ, સંતોષ, ઈશ્વિર પ્રણિપાત આ તો આ લોકનું જીવન છે. વાણી બહુ મીઠી જીવન નીતિ અને સત્ય નિષ્ઠા ઉપર છે. ઘણી મુશ્કેલીઓ જોતાં અને રામરાજ્ય થાય એવું વાતાવરણ જોતાં એમ લાગે છે કે શાસન રહિત અને શોષણ રહિત સરકાર સ્થાપવી ખૂબ જરૂરનું છે. આ લોકની આંખ બહુ જ હેતવાળી છે. હૃદય ઊંચા પ્રકારનું છે અને મગજ સ્થિર અને ધીર છે. મામાના પીપળા પાસે એક અને સોનગઢ બન્નેય ૨૩૦૦ ફીટ ઉંચા પહાડ વધુ ચેતનવાળા લાગે છે. દાંત બહુ જ સારા. શાસ્ત્રીઓ અને ડીગ્રીવાળાઓએ ગમે તેટલું લખ્યું હશે પરંતુ શાસ્ત્રી અને વેદ ઉપનિષદ તો આ લોકોના જીવનમાં છે. પરીક્ષા અર્થી અને તેના ઉપાસકો અહીંની વનસ્પતિઓ અને તેનું માહાત્મ્ય નહિ જોઈ શકે પરંતુ વિદ્યાના અર્થી અને ઉપાસકો જોઈ શકશે. આ પોશીના પટ્ટો મારા હૃદયમાં હંમેશ કોતરાયેલો રહેશે. આ ભાગના પ્રોજેક્ટ ઓફીસર બુદ્ધિશાળી, સ્થિર, ધીર અને સામાજિક ઉત્થાનનાં દર્શનવાળા છે. મત્સ્યગંધાથી ચિત્ર અને વિચિત્ર બે પુત્રો થયા અને તેઓ અહીં એક પીપળા પાસે ક્ષયની દછા કરાલીને રહ્યા. આ જગ્યાએ અહીં સાધનાની જગ્યા છે. પૂજ્ય ચંદુભાઇ સાથે ઘણી ચર્ચા થઇ. અને મઝા પણ આવી. અહીંથી ચંદ્રાણા પુરાણી જગ્યા છે. ત્યાં શેઇ નદીને ક્રોસ કરવી પડે છે. ચંદ્રાણાથી કાલી કાકર

સુધી રોહિડાના ઘણાં જ વૃક્ષ છે. વસંતમાં તેનાં પીળાં ફૂલ સુંદર શોભા આપે છે. ચંદ્રાણુથી અજાવાસમાં બકરાં ઘણાં છે. દરેક ભીલના ઘેર એક એક બોરડી છે.

રગતરોહીડો

આ હૃદય બોરડી મને એમ કહેતી હતી કે જેમ મારી છાલ વગેરે લૂખી અને મારી છાપ કાંટાળી છે પણ મારાં ફળ મીઠાં છે તેમ આ દરેક મહેનતુ ભીલનાં ફરજન મીઠાં છે. અને ભીલ બોર જેવો હૃદય છે. ભલે ઉપર ઉપરથી દેખાવમાં બોર જેવો ગમે તેવો લાગે. ત્યાંથી અમે જંજનાટ ગયા જ્યાં કેટલાક વેળાઓ ઉપર નગોડ અને ખજુરાં હતાં અને જંજનાટથી કાલી કાંકરના મુખીને ત્યાં ગયા. મુખી જેવાનું ઘર પણ સારૂં, આંબાની તરુણ મીઠી કેરીઓ ખાધી. અહીંના વેરા ઉપર બેત્રણ ઝેરી વનસ્પતિ છે જે ખાધાથી તરત જ મૃત્યુ નીપજે છે. પણ એક

સાગની બીજી જાત જોઈ અને મુખીના ઘર પાછળથી ગૌરી પહાડનાં સુંદર દર્શન કર્યાં અને બરોળનો નાશ કરનાર રોહીડાનું અતિ સુંદર વૃક્ષ તેનાં પુષ્પ સાથે શોભતું હતું. આવું સુંદર વૃક્ષ મેં



પાંચ પુંકેસરો વાળું રોહીડાનું ફૂલ

પ્રથમ જ જોયું. ગૌરી પહાડ ભવ્ય છે અને તેની સંસ્કૃતિ પણ ભવ્ય હોવી જ જોઈએ. આ પહાડ ઉપર ઠરી ગયેલો લાવા રસની સ્લેટ જેવી પટળો સુંદર શોભા આપતી હતી. મુખીના મકાન અને ગૌરી વચ્ચે શેઈ નદી છે. મુખીના ઘર પાસે કેંગલ્લોનું સુંદર વૃક્ષ જોયું તે શું કામમાં આવતું હશે ? સામે કાસુંબરાના

છોડ છે. પણ સોજા ઉતારનાર એંદરાનાં તો વડ જેવાં સુંદર વૃક્ષો છે. મીઠાં ફળ વાળો ઉંખિયો પણ ઘણો છે. ત્યાંથી અમે ગવારા ડુંગર પાસે ગયા. ત્યાંથી માલવન ભાગ્યું તુટ્યું પણ હૃદયને સ્પર્શતું હતું. માલવન પાસેથી શેઈનો પટ અને કાળાપણાનો કિનારો મગજને વિકસિત કરે છે. ઉપર વિષના સોજા ઉતારનાર કાળીઓ સરસ મને બોલાવતો હતો. શેઈનું પાણી બરફ જેવું ઠંડું અને નિર્મળ. ત્યાંથી અમે ગોરા પહાડ ઉપર ગયા. ગૌરી, ગવારો અને ગોરો દેવી પહાડો છે અને સ્થિરતા અને અડગતાનું પ્રતિક છે. મલકાતા અમે અહીંથી નાની આંજણી પહોંચ્યા. અહીં શેઈ નદીનો વળાંક છે જ્યાંથી મોટી આંઝણી થઈ કોટળા છાવણી જવાય છે. એકાંતનો મહિમા આ જગ્યાનો છે. નાની આંઝણી ત્યાં બેઠા ત્યાં લસણ ને મરચાં વાટેલો ઓળસીયો પડ્યો હતો. અહીંનાં ગામ એટલે છુટાં છવાયાં બે ચાર ઝુંપડાં. સરકાર થોડી રાહત, સગવડ અને પોલીસ કે એવા બીજા માણસોનો ડર દૂર કરવાનું વચન અને વાતાવરણ ઊભું કરી આ લોકનો મેળો ભરવા થોડો ખર્ચ કરે તો દુનિયાને એક ભવ્ય, ઉત્તમ અને સ્વર્ગીય નિર્દોષ સંસ્કૃતિ જોવાનો લાભ મળશે અને દેવના આશીર્વાદ મળશે. શેઈની સંસ્કૃતિ પણ પુરાણી છે.

સ્વમાની આ પ્રજા પોતાનાં દુઃખો વિષે સભાન છે. પણ આટલાં બધાં દુઃખોમાં પોતાની સંસ્કૃતિ જાળવી રાખવામાં આ લોકોએ શું સહન નહિ કર્યું હોય ? તે જોઈ કોની આંખમાં આંસુ નહિ આવે ? જાણી જોઈને શોષાઈ ભોગ આપી દુઃખ વેઠી વાણી અને વર્તનથી પણ સરકારને અનુકૂળ થઈ જીવન જાળવી રાખવા બદલ ધન્ય છે આ ફૂલ જેવી કોમળ અને લોખંડ જેવી દૃઢ પ્રજાને ! વાકળથી આગળ દસ માઈલ ચાર હજાર ફીટ ઊંચા ભવ્ય ડુંગરાઓને. યુવકોએ અવશ્ય દર્શન કરવાં જ જોઈએ. આ લોક સ્ત્રીઓને સન્માને છે, કદર કરે છે.

Scanned with CamScanner

પણ સ્ત્રીઓ સાક્ષાત્ દેવીઓ છે. તેમની કોમળતા હૃદયમાંથી નહિ જાય અને તરત જ કબજો લઈ લેનારી છે. શરીરને મિથ્યા નથી ગણતા પણ રંગબેરંગી આભુષણોથી શોભાવે છે. તેઓની

કડવી દોડી (ગદા શામળાજી)

કોઈ પણ ક્રિયામાં બેતાલપણું નથી. તેઓ ગુસ્સો કરે કે મારા મારી કરે બધુંય તાલબદ્ધ હોય છે અને તે ચેતનાના ઉત્થાનની નિશાની છે. ચેતના હોય ત્યાં જ ઊર્ધ્વારોહણ થાય. વૈદ્યને માટે સેવા કરવાનું સર્વોત્તમ ક્ષેત્ર છે. મધની આઠે ય જાતો આ જંગલોમાં છે. હીરૂભાઈએ કહ્યું કે માલકાંગણી અહીં ખૂબ પ્રમાણમાં છે. અમર દોડી અને કંકોડાંનો ઉપયોગ આ લોક ઘણો કરે છે. સોનગઢ પહાડ ચઢતાં એક તેલવાળું ઝરણું મેં જોયું તે શોધખોળ માગે છે. આ લોકના દોષ સમ છે, ધાતુઓ સમ છે,

મળ સમ છે અને ક્રિયાઓ સમ છે અને પ્રદેશ સમ હોવાથી. તેમના સ્નાયુની સંપત્તિ ઉત્તમ છે. હોટલોની સંસ્કૃતિનો અટ-કાવ જે કોઈ તત્વ કરશે તે પરમાત્માના આશીર્વાદ પામશે. આ દુનિયામાં જો કોઈ ઠેકાણે સ્વર્ગ જેવું હોય તો આ એરવલ્લીના. ડુંગરા, શેઈ અને સાબરના કાંઠામાં છે. કોકાપુર અને દુધાલીયા. વચ્ચેનાં મોરી જંગલોમાં વૈદ્યોએ ખાસ રખડવા જેવું છે. મોડા-સાથી પાંચ માઈલ દૂર સાયરાના જંગલોમાં પણ બહેડાં અને. આમળાંના જંગલો જોવા જેવાં છે. બ્રીટીશ સરકારના વખતનાં. જંગલો સચવાયાં છે. અત્યારે જે ખેડ ચાંદરણી કહે છે.. તેને ક્ષેત્ર ચંદનાવતી કહેવાતું હતું મારે હિંસાબે આ ચંદનનું જંગલ. હોવું જોઈએ. આ બધા લોકે ભારતીય સંસ્કૃતિ જાળવી રાખી છે અને તેનું રક્ષણ કર્યું છે. જ્યાં કેળવણી વધુ છે ત્યાં જ કાવાદાવા વધુ છે. આ લોક બાળક જેવા સ્વભાવવાળા છે. સો. વર્ષનો ડોસો પણ પગે મોજાં અને માથે કલગી લગાવી નાચતો. હતો. રંગબેરંગના શોખીન પણ શીઘ્ર કવિ છે. પીંગળ. તેમના લોહીમાં છે. મેળાના દિવસે ૨૦૦૦ બૈરાં એક બીજાના ખભે. હાથ વિંટાળી પ્રસન્ન મુખે વાંસળી અને ઢોલના અવાજ સાથે. એક આંગળી ઉપર વીંટીને પાંચ ગુગળી એવી ચાલીસ ગુગરાના. રણકારે નાચતી મેં જોઈ ત્યારે પરમાત્માનું સ્વરૂપ આનંદ છે.. તે આ લોકના જીવનમાં મેં જોયું. ખમીરવાળી પ્રજા છે. હૃદયની. વિશાળ કોમ સ્વાર્થી નથી હોતી. આજે હવે અમે નાદરી. પાંચેક માઈલ દૂર ગયા ત્યાં નસકોરાં, નાગધરો અને નીચેનો નાગફણો જોયો. ગરૂડેશ્વર પાસેના આ ધરા ભણી ચકલીઓએ માટીના માળા બનાવ્યા હતા. અહીં વેવના વેલા જોયા જેને. પાતાળ ગરૂડી કહે છે. તેને જલજમની પણ કહે છે. સાતેય. ધાતુમાં ગરમી હોય તેને પણ પચાવી દે છે. નસકોરાંના પહાડ ઉપર અમે પાણી પીધું. પર્વત ઉપર પાણામાં આવું તાજું નિર્મળ. પાણી હોય તે પ્રથમ જ જોયું. ટી. બી વાળા માટે આ પાણી.

Scanned with CamScanner

સારૂં છે. કહેવાય છે કે જ્યાં ચિત્ર વિચિત્ર ગયા હતા તે શાંતનુંના પુત્રોને ટી. બી થયો હતા અને તેઓ આ જગ્યાએ રહ્યા હતા. અરજુનને કોહા કહે છે અને પાણીના પાસે જ હોય છે જેને હું સાદડો કહું છું. ગોખરૂનું નામ ત્રિકંટક કહે છે પણ ગાંધી- આને ત્યાં મળતું પાંચ કાંટાળુ ગોખરૂં મળે છે તેનું શું ? નિમાલ પ્રદેશમાં ત્રિકંટક ત્રણ જ કાંટાવાળું જોવામાં આવે છે અને ઘણા જેવી તેની પત્તીનું શાક પણ ખાય છે. પગમાં વાગે છે તે ભંઠીયા વેચે છે જે પેશાબે ય લાવતું નથી. ગોખરા માટે વૈદ્યોએ નર્મદા કિનારો ફરવો જોઈએ. આવું ગોખરૂં અને ધમાસો પણ આ બાજુ થોડો થાય છે નસકોરાં પાસે ઢગલાબંધ મોરશીખાના છોડ મોટા પાણાના મૂળમાં જોયા. કેટલાક પથ્થર ચટ્ટીને કહે છે તે ખોટું છે. કર્મનું સ્થાન મૂળાધાર શુદ્ધ કરનાર ઈચ્છા શક્તિને શુદ્ધ કરનાર હૃદયને મજબુત કરનાર અને પ્રાણને શોધન કરનાર મગજને સુધારનાર વનસ્પતિઓ આ બાજુ છે. મયુર શીખા ગર્ભને ધારણ કરનારી પણ છે. અને તેમાં આ લોક વાપરે છે. કેરડાંનાં અહીં ઘણાં ઝુંડ છે. તેના મૂળનો અર્ક કાઢવો અને દમમાં વાપરવું આ લોક થોરના દૂધમાં ગોળ વાલ જેવડી



એરણીનું ફૂલ

ગોળી સવારે અને વાલ જેવડી ગોળી સાંજે આપે તો દમ મટી જાય. અહીં એક એરણીનું ફૂલ જોયું. આ મુલકને કોઈ વેપારી દૃષ્ટિથી ન જોશો. ભીલ શબ્દ બીલ શબ્દ ઉપરથી આવે છે. બીલ એટલે ધનુષ્યને ધરનાર. (દ્રાવીડી) ધનુર્વિદ્યાનું સરકારે અહીં કેન્દ્ર બનાવવું જોઈએ જેથી ધનુર્વિદ્યા વધું વિકસે તે આફતના આક્રમણના સમયમાં આ લોક રક્ષા કરી શકે. વિષ્ણુ કાન્તાની વેલ પણ આ બાજુ સારી થાય છે. જ્યાં ગ્રેનાઈટ પથ્થર છે ત્યાં ગુફા ખખોલો હોય છે અને આ નાગધરાનો પત્થર ગ્રેનાઈટ છે તે દવાને તાપથી રૂપાંતર થઈ જનારો છે; જ્યારે ગૌરીના પહાડ ઉપરનો લાવા રસનો પથ્થર સ્થિર છે. આ પહાડનાં મૂળ ઊંડાં છે તેથી અર્બુદનું નામ આયુર્વેદે કેન્સર પાડ્યું છે. જેનું મૂળ ઊંડું છે.

માગસરમાં જીરૂ, પોષમાં ધાણા, માહમાં સાકર, ફાગણમાં ચણા, ચૈત્રમાં ગોળ, વૈશાખમાં તેલ, જેઠમાં હિંગ, અષાઢમાં બીલું, શ્રાવણમાં શાક, અને ભાદરવામાં છાશ, આસોમાં કારેલાં કારતકમાં દહિં,, મરે નહિ તો પડે તો સહી.

આ લોકમાં આ માસોમાં કુપથ્ય નથી નાગધરા ઉપર સ્વામિજીએ સહદેવી બતાવી. શનિવારે તેને પ્રાર્થના કરી આપવી કે રવિવારે સવારે હે સહદેવી હું છૂટક બારા માટે તને ઉખેડી લઈ જઈશ. પછી ૯ માસ પૂરા થઈ ગયા બાદ સહદેવીનું મૂળ ચોટલામાં બાંધવું તો પ્રસવ જલદી થઈ જશે અને તાવવાળાને ભુજા ઉપર બાંધવું તો તાવ ઊતરી જશે.

માલવન અને ધોળાવનનાં જંગલો જે હવે પછી કદાચ કપાઈ જશે તેમાંથી પસાર થતાં પેઢીઓથી ઊગેલી અને રક્ષા-એલી ત્રણ ત્રણ પેઢીની ઉંમરવાળી વનસ્પતિઓ ચોધાર રૂદન કરતી જોઈ મારી આંખમાંથી પણ આંસુ સરી પડ્યાં. તેઓ એકી અવાજે ભગ્ન હૃદયે આંસુ સારતી હતી કે ક્રુર સલ્તનતોમાં પણ મારી રક્ષા થઈ અને મારાં જ બાળકોની સત્તા હેઠે મારી કત્લેઆમ

થઈ રહી છે. તેઓ રડતાં રડતાં કહેતી હતી કે મશીન છીવાડશો અને માણસ મારશો ? અમે જેટલી હવે રહી છીએ તેનીય રક્ષા નહિ કરો ? શું સ્પેશીયલ કાયદો બંધારણમાં તમે નહિ લાવો ? મને મારવામાં ધનુર્વિદ્યા અને આયુર્વિદ્યા પૃથ્વી ઉપરથી ચાલી જશે ? આજે મારા ભીલને પાંચ માઈલ દૂર સાધારણ લાકડું જોઈતું હોય તોય લેવા જવું પડે છે, માલવનમાં આ દૃશ્ય મારાથી ન જોવાયું. હું આંઝણી તરફ ચાલ્યો ગયો. ટાઢ–તડકો સહન કરનાર ભીલો મને કહેતા હતા કે કોક કોક જંગલોમાં ખ્રીટી-શોના સમયમાં જંગલ કપાતાં પણ કાયદો હતો કે ત્રીસ ફુટે એક ઝાડ રાખવું જેથી તેનાં બી પડી પાછાં સો વરસે ય બીજાં વૃક્ષ થાય. હવે તો ડુંગર જ બોડો ને સફાચટ કર્યો છે. હવે વરસાદનું પાણી સીધું જમીન ઉપર ઊતરી જમીનનો કસ લઈને પણ વહી જશે અને જમીને ય કસ વગરની થઈ જશે. મનુષ્યનો એક સમય એવો આવે છે કે મારા જેવો સુખી કોઈ નથી પરંતુ અહીંનો સુખી જેવો પણ સુખી નથી. અનુભવી હોશિયાર સતત જાગૃત. આ કોમ ભક્તિ, કર્મ અને જ્ઞાનના સંયોગવાળી છે. તાંત્રિક વિદ્યાનું પણ આ કેન્દ્ર છે. પરોસડાની સીમમાં અને સોનગઢના પહાડની નજીક સફેદ ખાખરાનાં વૃક્ષ પણ ખાસ જોવા જેવાં છે. દૂરથી પાન વગર એકલા ફૂલવાળો પીળો મહુડો સુંદર દૃશ્ય આપે છે. નાદરીની સીમમાં તદ્દન કાળો જેની ખરી પણ કાળી એવો બળદ જિંદગીમાં પ્રથમજ વાર જોયો. જે ઢોર અહીં રૂધીઆની શીંગો થાય છે તેનો આફરો ચઢે છે અને આફરાને હું મોત સમજુ છું. આજથી ચાલીસ વર્ષ ઉપર બારે ય માસ અહીં કંઈનાં કંઈ ફળ ખાવાનાં મળે જ જતાં કંપાવાળાઓ તો મૂળનેય જડથી કાઢી નાખી. જંગલ ખતમ કરવામાં વધારો કરે છે. આ બાજુ ધોળી ગોરખમુંડી પણ છે. નાદરીના પહાડ ઉપર દંડી સ્વામિ શ્રી રેવાનંદ તીર્થજી પણ સાથે હતા. ત્યાં અમે ફાફડીઓ કલ્હાર જોયો. આ મુલકમાં મેં વનસ્પતિઓ તો

અસંખ્ય જોઈ, પરંતુ તેના અનુભવની પણ તેટલી જ જરૂર છે. અહીં અમે દિવ્ય વનસ્પતિ લજવંતિ જોઈ જેની ઉપર છાયા પડતાં જ સંકોચાઈ જાય છે. મધ્ય પ્રદેશમાં અમરકંટકના પહાડ ઉપર આ ઘણી જ છે. અમરકંટક પાસે જેમ અહીં આંબા-મહુડાનું ગામ છે તેમ ત્યાં હરડાંનું ગામ છે. પોળો. પાસે જે મીંઢળ અમે જોઈ તે કુમળાં મીંઢળનું શાક બાફીને મશાલા નાખીને ખાય છે અને તે મીઠું લાગે છે. લક્ષ્મીના સ્તનમાંથી ઉત્પન્ન થયેલી બીલી તો જ્યાં ત્યાં દર્શન આપે છે. ડુંગરા રખડતાં રખડતાં થાકી ગયો હતો. શબાસન અર્ધોકલાક કર્યું કે થાક તદ્દન ઊતરી ગયો. જે સ્થિરતા અને સુખ આપે તે આસન.

આ જંગલમાં એક રસ શાસ્ત્રી નાથાલાલ મળ્યા; પારો મારવા ઉપર અને ધાતુઓ મારનાર આ પહાડની ઘણી વન-

સ્પતિઓ અને રસશાસ્ત્ર ઉપર વાતો કરી પણ સામાન્ય વાંચકને રસ નહિ પડે એટલે લખતો નથી માઝમ અને મેશ્વોનો કિનારો આમળાં બહેડાં અને રખિયાલ પાસે જે માંકરણનાં વૃક્ષો છે અને જે છાલ આ લોક પીળીઆમાં વાપરે છે તેનાં થોડાં ઘણાં વૃક્ષો માલમ પડે છે. નાદરીનું તળાવ સમારવા જેવું છે. પણ

કડવી દોડીનાં ગળો જેવાં પાન

નાદરીનો ધરો કેટલા પત્થર કોતરીને બનાવ્યો છે તે યાદ રહેશે. ધવ અને ધાવડી બન્નેય જુદી વનસ્પતિ છે ધાવડીના છોડ પત્થર ઉપર ફેલાયલા છે અને હરેરાના વૃક્ષ જેવા લાગે છે. ધવ સોનાઘાટીમાં ઘણો છે. ધાવડી નાદરી પાસે ઘણી છે. હવે

Scanned with CamScanner

ખેડબ્રહ્માથી હું ગઢડા પાંચ માઈલ દૂર ગયો. ગઢડા મારા ગુરૂનું ગામ છે આ ગઢડા જુદું. ત્યાં ગઢા શામળાજીની સૌમ્ય મુર્તી હૃદયમાં કોતરાઈ જાય તેવી છે. આવી સૌમ્યતા દુનીયામાં કોઈ સ્થળે નહિ મળે. ગદાધર કહેવાય છે. અદ્વૈત પુરુષોત્તમની આ પ્રતિમા જેવી સારાય ભારતમાં નથી.

કડવી દોડી

ગઢ શામળાજી પાસે કડવી દોડી ઘણી છે. તેનાં પાન ગળોના પાન જેવાં છે. ડુંખો તો દોડી જેવીજ છે વેલાય તેવા છે. પણ પાન ખાવામાં કડવાં લાગે છે. કડવી દોડી જિંદગીમાં પ્રથમજ વારે મેં જોઈ. કોઈ સાપ, ચિત્રો વિગેરે કરડ્યું હોય તો તેના મૂળ ઉકાળીને આ લોક ચોપડે છે ખરા અને પાય છે

પણ ખરા. વેલો ઘણો સુંદર અને બારેય માસ લીલા જ આ છોડ રહે છે. ગઢા શામળાજીની મૂર્તિની ચારેય કોર દશ અવતારના ભવ્ય દર્શન evolution વિકાસનો ખ્યાલ આપે છે. ગાલની સૌમ્યતા નહિ ભૂલાય ખેડવા અને કોટડા છાવણી વચ્ચે જે ધોળી મુસળી નીકળે છે તેનું વેચાણ અહીંથી લાખેક રૂપીઆનું હશે તે પંજાબ અને નડીયાદ બે ઠેકાણે જાય છે અને પંજાબથી પાછી ગુજરાતમાં આવે તેથી મોંઘી પડે છે. દુનિયામાં મોટા ભાગની મુસળી અને શતાવળી આજ મુલક પુરી પાડે છે તેની ખાસ નોંધ લેવા જેવી છે.



ભિલામાનું પાંદડું

આયુર્વેદ કહે છે કે જઠરાગ્નિ એજ ભગવાન છે, અને તે ભૂતાગ્નિમાંથી પેદા થાય છે. ભૂતાગ્નિ આ વનસ્પતિઓમાં છે તેથી

આ વનસ્પતિઓ ઈશ્વિર છે, તેમાં હું ઈશ્વિરનાં વ્યાપક દર્શન કરવાં જોઈએ. કાળી કાસુંદરીનો પણ એક છોડ અહીં જોયો. અને કાળા ફૂલનો કાંટાસેરીઓ કેદાર પાસે જોયી અમેરીકા અને રશિયા કે ઇંગ્લેંડની સંસ્કૃતિનો ભેળસેળ કરી વર્ણશંકર સંસ્કૃતિ ન બનવા દેશો પણ આ લોકની જાળવેલી સંસ્કૃતિનાં પણ ભવ્ય દર્શન બધા કરો અને તેમાંથી શ્વાસે શ્વાસે પ્રેરણા લો, ચેતન વધારો અને આ ભીલોની મદદથી રામરાજ્યની સ્થાપના અને અવેતરણ કરવા આપણે એકી સાથે સૌ સારો પ્રયત્ન કરીએ. અસ્તુ, અહીંથી દસેક માઈલ દૂર ઈડરથી મુલેટી ભણી ભીલમાંના વૃક્ષો જોયાં. અહીં ભીલામો પણ થાય છે જે અસાધ્ય અને લકવાના રોગોમાં અમારૂં રામબાણ ઔષધ છે.

વળતાં ઈડરીઆ ગઢ પાસે થઈને નીકળ્યા ત્યાં ઈડરના ગઢ ઉપર પંખ સુખી મહાદેવ પાસેના કુંડમાં ને આસપાસ ઘણી ઔષધિઓ છે. રાની તલાવ પાસે કેરીઓ ખાધી ગઢ ઉપર રાણ, ગુંદીનાં ઘણાં વૃક્ષો છે. કાંતિલાલ રામભાઈ કોલીખડ કંપાના આ રહીશ છે. તેમને માથુ દુખતું હતું, ત્યારે અહીંની એક વનસ્પતિનાં પાંદડાં બાંધવાથી માથું ઉતરી ગયું હતું તેની વાત કરી. આ બાગમાં અમે જમ્યા અને જમાડનાર અતિથ્ય વાળી વ્યકિતનું સ્મરણ અહીંનો એકેએક આદિવાસી ભવિષ્યમાં કર્યા જ કરશે તેની મને લેશ માત્ર શંકા નથી. આ વ્યક્તિનું માથું મોટું છે. હૃદય મોટું છે પણ પેટ પણ મોટું છે.

हिमालयी आर्य रसायन ... सूरत, गुजरात

Scanned with CamScanner

Scanned with CamScanner